
વર્ષ : ૪૨ ♦ અંક : 3
માર્ચ - ૨૦૧૮

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



## શ્રી બાહુબલી ભગવાન
(શ્રી શ્રવણબેલગોલા)

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org
Web.: www.shrimadkoba.org

# સંસ્કાર-સિંચન, શિક્ષણ અને સર્વાંગી જીવનવિકાસની

# વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સગવડ

**જૂન-૨૦૧૮થી પ્રારંભ થતા સત્રથી, આપણી સંસ્થાના નવનિર્મિત, શૈક્ષણિક સુવિધાઓથી યુક્ત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ' માં ધોરણ ૫ થી ધોરણ ૯ ના વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની ઉત્તમ તક પ્રાપ્ત થઈ શકશે, જેની કેટલીક વિગતો નીચે મુજબ છે :**

(૧) પૂજ્ય સંતશ્રી આત્માનંદજીનું પાવન સાન્નિધ્ય પ્રાપ્ત થશે.

(૨) વિદ્યાર્થીઓની વાર્ષિક ફી માત્ર રૂા. ૧૮,૦૦૦/- (અઢાર હજાર પૂરા) રહેશે.

(૩) માત્ર વિદ્યાર્થી ભાઈઓને જ પ્રવેશ મળશે.

(૪) મોટા સ્વચ્છ રૂમમાં પલંગ, કબાટ, ટેબલ, નાઈટલેમ્પ વગેરે સહિત આવાસની સગવડ.

(૫) શુદ્ધ, સાત્ત્વિક, રુચિકર, આરોગ્યપ્રદ ભોજન અને નિયમિત દૂધ-છાશની સુવિધા.

(૬) અનુભવી, બાળપ્રેમી, પૂર્ણ સમયના ગૃહપતિ તથા પ્રાઈવેટ ટ્યુશનની સગવડ.

(૭) ચાલુ શિક્ષણ ઉપરાંત,

(A) રમત-ગમતના સાધનો

(B) ઈતર વાચનની પ્રવૃત્તિ

(C) પ્રેરણાદાયી વાર્તાઓનું આયોજન

(D) ધર્મ અને નીતિનું શિક્ષણ

(E) શાંત, પર્યાવરણસભર, સ્વચ્છ, કુદરતી વાતાવરણ (સાબરમતી નદીથી નજીક)

(૮) વિદ્યાર્થીના ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ હોવા જરૂરી છે.

(૯) પ્રવેશફોર્મ તા. ૧૫ માર્ચથી સંસ્થાના કાર્યાલયમાંથી ઉપલબ્ધ થઈ શકશે.

(૧૦) પ્રવેશફોર્મ ટપાલ દ્વારા / રૂબરૂ મેળવીને નિયત કરેલ તા. ૨૫-૪-૨૦૧૭ સુધીમાં ભરીને સંસ્થાના કાર્યાલયમાં મોકલી આપવું.

(૧૧) વિદ્યાર્થીએ તા. ૨૨-૪-૨૦૧૮ ના રવિવારે સવારે ૯-૦૦ વાગ્યે લેખિત કસોટી તેમજ મૌખિક ઈન્ટરવ્યુ માટે વાલી સાથે ઉપસ્થિત રહેવું.

**સુજ્ઞ વાલીઓને, પોતાના બાળકોને આ આયોજનનો લાભ અપાવવા વિનંતી છે. વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલય/ગૃહપતિશ્રીનો સંપર્ક સાધવો.**

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) આત્મકલ્યાણકારક સૂત્ર ... પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૬

(૩) સ્વભાવ છે સમરાંગણ કે સમતાંગણ .......... ...................... ડૉ. કુમારપાળ દેસાઈ ... ૧૦

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ............... ..................... પ્રા. ચંદાબહેન પંચાલી ... ૧૩

(૫) શ્રી દેવચંદ્રજી ચોવીશી.. શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૫

(૬) શ્રાવકાચાર ................બા.બ્ર. શ્રી સુરેશજી ... ૨૦

(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .....શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૨૩

(૮) આત્માની અનંતધર્મત્વ શક્તિ ....શ્રી વલભજી હીરજી .... ૨૭

(૯) મહાવીર જન્મકલ્યાણકના પુણ્યપર્વે ............ ........................શ્રી પારુલબેન ગાંધી ... ૨૮

(૧૦) તીર્થંકર ભગવાન શ્રી મહાવીરના જીવનની..... ................ પ્રેષક : શ્રી મલયકેતુ બાવીસી ... ૩૦

(૧૧) શ્રી ગોમટેશ ગાથા (શ્રી બાહુબલી ચરિત્ર) .......... ૩૨

(૧૨) સમાજ-સંસ્થા દર્શન ................................ ૩૪

**વર્ષ : ૪૨ માર્ચ, ૨૦૧૮ અંક - ૩**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોનઃ (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આપે કહ્યું છે, "લોકસમુદાય કોઈ ભલો થવાનો નથી. સ્તુતિ-નિંદાના પ્રયત્નાર્થે આ દેહની પ્રવૃત્તિ તે યોગ્ય નથી."

આપની આવી અમૂલ્ય વાત પણ અમે જીવનમાં ઉતારી શક્યા નહીં તેનો અમને અત્યંત અફસોસ થાય છે. પહેલેથી જ જો આપની શિખામણ જીવનમાં ઉતારી હોત તો સંસારમાં જે કડવા અનુભવો થયા, દુઃખના દાવાનળથી દાઝ્યા અને જેની એક પળ પણ ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતા વધારે મૂલ્યવાન છે એવા માનવભવના કેટલાયે વર્ષો લોકોની સ્તુતિને અર્થે અને નિંદાના પ્રયત્નાર્થે વ્યર્થ ગુમાવ્યા તે ન ગુમાવ્યા હોત !


"એક ચોખાનો દાણો કાચો હોય તો બધા દાણા કાચા હોય" એ વાસ્તવિક સત્ય અમે સમજ્યા નહીં અને જુદી જુદી વ્યક્તિઓ પાસેથી જેમ જેમ જુદા જુદા અનુભવો થતા ગયા ત્યારે અંતે આપની વાતનું તથ્ય અમને સમજાયું ! આ સંસાર અસાર છે એ વાત હવે અમને મનમાં ઉતરી ગઈ છે. આપના શબ્દો અમને વારંવાર યાદ આવે છે કે, "જગતને રૂડું દેખાડવા અનંતવાર પ્રયત્ન કર્યું; તેથી રૂડું થયું નથી. કેમ કે પરિભ્રમણ અને પરિભ્રમણના હેતુઓ હજુ પ્રત્યક્ષ રહ્યા છે. એક ભવ જો આત્માનું રૂડું થાય તેમ વ્યતીત કરવામાં જશે, તો અનંતભવનું સાટું વળી રહેશે," હે નાથ ! આપના આ ઉત્તમ - શ્રેષ્ઠ બોધને સ્વબોધરૂપે પરિણમાવતાં કહીએ છીએ –

"જ્ઞાન - દર્શન સહિત છે, તું અજર અમર અવિનાશી છે,
શુદ્ધ-બુદ્ધને સ્વયંપ્રકાશિત, મુક્તિપુરીનો વાસી છે;
ચેતી જા તું ચેતી જા તું, જીવન સફળ બનાવી લે,
અનંત ભવનું સાટું હવે તું, એક ભવમાં વાળી લે."

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક ૫૧૬

**મુંબઈ, શ્રાવણ વદ ૧, ૧૯૫૦**

પાણી સ્વભાવે શીતળ છતાં કોઈ વાસણમાં નાખી નીચે અગ્નિ સળગતો રાખ્યો હોય તો તેની નિરિચ્છા હોય છતાં તે પાણી ઉષ્ણપણું ભજે છે, તેવો આ વ્યવસાય, સમાધિએ શીતળ એવા પુરુષ પ્રત્યે ઉષ્ણપણાનો હેતુ થાય છે, એ વાત અમને તો સ્પષ્ટ લાગે છે.

વર્ધમાનસ્વામીએ ગૃહવાસમાં પણ આ સર્વ વ્યવસાય અસાર છે, કર્ત્તવ્યરૂપ નથી, એમ જાણ્યું હતું. તેમ છતાં તે ગૃહવાસને ત્યાગી મુનિચર્યા ગ્રહણ કરી હતી. તે મુનિપણામાં પણ આત્મબળે સમર્થ છતાં તે બળ કરતાં પણ અત્યંત વધતા બળની જરૂર છે, એમ જાણી મૌનપણું અને અનિદ્રાપણું સાડાબાર વર્ષ લગભગ ભજ્યું છે, કે જેથી વ્યવસાયરૂપ અગ્નિ તો પ્રાયે થઈ શકે નહીં.

જે વર્ધમાનસ્વામી ગૃહવાસમાં છતાં અભોગી જેવા હતા, અવ્યવસાયી જેવા હતા; નિઃસ્પૃહ હતા, અને સહજ સ્વભાવે મુનિ જેવા હતા, આત્માકાર પરિણામી હતા, તે વર્ધમાનસ્વામી પણ સર્વ વ્યવસાયમાં અસારપણું જાણીને, નીરસ જાણીને દૂર પ્રવર્ત્યા; તે વ્યવસાય, બીજા જીવે કરી કયા પ્રકારથી સમાધિ રાખવી વિચારી છે, તે વિચારવા યોગ્ય છે. તે વિચારીને ફરી ફરી તે ચર્યા કાર્યે કાર્યે, પ્રવર્તને પ્રવર્તને સ્મૃતિમાં લાવી વ્યવસાયના પ્રસંગમાં વર્તતી એવી રુચિ વિલય કરવા યોગ્ય છે. જો એમ ન કરવામાં આવે તો એમ ઘણું કરીને લાગે છે કે હજુ આ જીવની યથાયોગ્ય જિજ્ઞાસા મુમુક્ષુપદને વિષે થઈ નથી, અથવા તો આ જીવ લોકસંજ્ઞાએ માત્ર કલ્યાણ થાય એવી ભાવના કરવા ઈચ્છે છે. પણ કલ્યાણ કરવાની તેને જિજ્ઞાસા ઘટતી નથી; કારણ કે બેય જીવનાં સરખાં પરિણામ હોય અને એક બંધાય, બીજાને અબંધતા થાય, એમ ત્રિકાળમાં બનવા યોગ્ય નથી.

### પત્રાંક ૨૨૯

**મુંબઈ, ફાલ્ગુન, ૧૯૪૭**

અનંતકાળથી જીવને અસત્ વાસનાનો અભ્યાસ છે. તેમાં એકદમ સત્ સંબંધી સંસ્કાર સ્થિત થતા નથી. જેમ મલિન દર્પણને વિષે યથાયોગ્ય પ્રતિબિંબદર્શન થઈ શકતું નથી, તેમ અસત્ વાસનાવાળા ચિત્તને વિષે પણ સત્ સંબંધી સંસ્કાર યથાયોગ્ય પ્રતિબિંબિત થતા નથી; ક્વચિત્ અંશે થાય છે, ત્યાં જીવ પાછો અનંત કાળનો જે મિથ્યા અભ્યાસ છે, તેના વિકલ્પમાં પડી જાય છે. એટલે તે ક્વચિત્ સત્‌ના અંશો પર આવરણ આવે છે. સત્ સંબંધી સંસ્કારોની દૃઢતા થવા સર્વ પ્રકારે લોકલજ્જાની ઉપેક્ષા કરી સત્સંગનો પરિચય કરવો શ્રેયસ્કર છે. લોકલજ્જા તો કોઈ મોટા કારણમાં સર્વ પ્રકારે ત્યાગવી પડે છે. સામાન્ય રીતે સત્સંગનો લોકસમુદાયમાં તિરસ્કાર નથી, જેથી લજ્જા દુઃખદાયક થતી નથી. માત્ર ચિત્તને વિષે સત્સંગના લાભનો વિચાર કરી નિરંતર અભ્યાસ કરવો; તો પરમાર્થને વિષે દૃઢતા થાય છે. ■ ■ ■

**ઘણાં શાસ્ત્રો અને વાક્યોના અભ્યાસ કરતાં પણ જો જ્ઞાનીપુરુષોની એકેક આજ્ઞા જીવ ઉપાસે તો ઘણાં શાસ્ત્રથી થતું ફળ સહજમાં પ્રાપ્ત થાય.**

# આત્મકલ્યાણકારક સૂત્ર

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



**"હું આત્મા છું, આપનો સેવક છું, સૌનો મિત્ર છું."**

**● ભૂમિકા :**

શાશ્વત આનંદની પ્રાપ્તિ માટે એ નિર્ણય કરવો જરૂરી છે કે એવો આનંદ ક્યાં છે ? જ્યાં સુધી આ બાબતનો અનિર્ણય રહે ત્યાં સુધી એ આનંદની શોધની દિશા અનિશ્ચિત રહે અને પ્રયત્ન પણ શંકાવાળો જ રહેવાથી પુરુષાર્થ બળવાનપણે થઈ શકે નહીં, અથવા રૂઢિગતપણે થાય.

ભારતીય સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પરંપરાઓમાં મહાન તીર્થંકરો, ઋષિ-મુનિઓ અને સંતોએ "હું કોણ ?" એ વિષય વિષે પુષ્કળ ચિંતન-મનન કરેલું છે અને તેના ફળ રૂપે તેઓએ વિશ્વને અધ્યાત્મવિદ્યા અને અધ્યાત્મ સાધનાની અનુપમ ભેટ આપી છે, જે આ વિશ્વની સૌથી મૂલ્યવાન અને સર્વોત્તમ વસ્તુ છે.

**● જડ અને ચેતન :**

વિશ્વના પદાર્થોનું સૂક્ષ્મ વિશ્લેષણ કરતાં તેઓએ બે પ્રકારના પદાર્થો જોયા, ચેતન અને જડ. ચેતન પદાર્થને તેઓએ જીવ, આત્મા કે ચૈતન્ય કહ્યો. બાકીના પદાર્થો ચેતન રહિત હોવાથી તેમને અજીવ કહ્યાં અને તેના અનેક પેટાવિભાગ કહ્યાં.

આ 'હું'નું વિશ્લેષણ અને સંશોધન એ અધ્યાત્મસાધનાનો સાર છે. પરમાર્થ 'હું'નું વિશ્લેષણ લક્ષણ દ્વારા, ચિહ્ન દ્વારા પ્રથમ બૌદ્ધિક સ્તરે અમુક અંશે થઈ શકે છે, પરંતુ આ 'સ્વપદાર્થ' શરીર, વાણી, બુદ્ધિ અને તર્કથી જાણી શકાય તેવો નથી. જે તેને શોધી રહ્યો છે તેનું જ મૂળ સ્વરૂપ - શુદ્ધ સ્વરૂપ તે છે અને તેથી તે અનુભવગમ્ય, સ્વસંવેદ્ય અથવા અતીન્દ્રિય કહ્યો છે.

**● લક્ષણ દ્વારા નિર્ણય :**

**"હું આત્મા છું."**

પ્રગટપણે નાશવંત એવું જે આ શરીર તેના આશ્રયથી અવિનશ્વર આનંદ ન જ મળી શકે એવા મધ્યવર્તી વિચારને ખ્યાલમાં લઈને જ્ઞાનીઓએ શાશ્વત પદાર્થની શોધ કરી છે. 'જ્ઞાન' - જ્ઞપ્તિશક્તિ - જેનામાં છે તે પોતાનું સાચું સ્વરૂપ છે એવો જ્ઞાનીઓએ કરેલો નિર્ણય યથાર્થ છે, કારણ કે :

(૧) જાણનાર જીવન દરમ્યાન હંમેશાં હાજર જ હોય છે. જગતના ધન, ધાન્ય, ઘટ-પટ આદિ પદાર્થોને જાણનાર કાયમ રહે છે. આ બધા પદાર્થો જેની સત્તામાં જણાય છે તે પદાર્થ, તે જ હું પોતે છું કારણ કે જણાય છે તે બધા જ્ઞેય જુદા પદાર્થો છે, જ્યારે 'જાણનાર'નો સ્વપણે અનુભવ થાય છે — થઈ શકે છે.

સ્વપ્નદશામાં પણ જાણનારો વિદ્યમાનપણે રહે છે અને ઊંઘમાં પણ "ઊંઘ સારી આવી" એ પ્રકારે અનુભવ કરનારો વિદ્યમાન રહે છે. આમ, નિરંતર 'જાણનાર' 'જ્ઞાયક' વિદ્યમાનપણે છે જ. જગતના પદાર્થોનો ભ્રાંતિથી માલિક બની બેઠા હોવાને લીધે જ્ઞાન ઉપર આવરણ આવી ગયું છે અને જાણનાર તત્ત્વ વિદ્યમાન હોવા છતાં બેભાનપણાને લીધે તેના તરફ દૃષ્ટિ થતી નથી, દૃષ્ટિ જતી નથી.

હવે જો સત્પાત્રતા લાવે, વિનય-સરળતાદિ ગુણો કેળવે અને નિષ્કામભાવે જ્ઞાનીજનોનો સમાગમ કરે, આત્માર્થી મનુષ્યોનો સમાગમ કરે તો ક્રમે ક્રમે પોતાના સાચા સ્વરૂપ પ્રત્યે દૃષ્ટિ જાય. આત્મજ્ઞાની, નિઃસ્પૃહી અને અહિંસાદિ વ્રતોમાં

નિષ્ઠાવાન સત્પુરુષના સમાગમમાં વારંવાર રહેવું જોઈએ અને તેઓ જે સત્ય સ્વરૂપ બતાવે છે તેને શબ્દથી અને અર્થથી સમજીને તેનો રોજબરોજના જીવનપ્રસંગોમાં અભ્યાસ કરવો જોઈએ. તેઓ જે બોધ આપે છે તેનો સાર નીચે પ્રમાણે ગ્રહણ કરવો જોઈએ :

- જગતના આ સર્વ પદાર્થો ઘર, મકાન, મોટર, સ્કૂટર, ટી.વી., રેડિયો, ફ્રીઝ, રાચરચીલું અને સ્વજન-મિત્રો મારાથી પ્રગટપણે જ જુદા છે.
- જો કે આ શરીરમાં હું રહું છું પણ મ્યાનથી જેમ તલવાર જુદી છે, તલથી જેમ તેલ જુદું છે, તેમ શરીરને જાણનાર હું તેનાથી જુદો છું. શરીર, ઇન્દ્રિયો તથા અંગ-ઉપાંગો પોતપોતાને જાણતા નથી. તે જડ શરીરાદિમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ ગુણ છે, જ્યારે હું તો અરૂપી જાણનારો-દેખનારો ચેતન છું. તે બધાને જાણનાર હું છું. મારી પ્રેરણાથી જ તેઓ પોતપોતાના કાર્યોમાં પ્રવર્તે છે. આ જે કામ-ક્રોધ-લોભાદિ ભાવો છે તેઓ પણ પોતે પોતાને જાણતા નથી, તે ક્રોધાદિ ભાવોને જાણનાર હું જ્ઞાન સ્વરૂપી આત્મા છું. વળી, તે બધા ભાવો પૂર્વબદ્ધ કર્મોના ઉદયના નિમિત્તથી ઊપજવાવાળા, અપવિત્ર, દુઃખદાયી અને અલ્પકાળવર્તી છે, જ્યારે હું તો સદાય તેમનાથી ભિન્ન નિરંતર જાણવાના સ્વભાવવાળો અને ક્ષમા-સંતોષાદિ લક્ષણવાળો છું.

આમ, વિવેકપૂર્વક શ્રી સર્વજ્ઞ પ્રભુ તથા સદ્‌ગુરુદેવે બોધેલા તત્ત્વસ્વરૂપને લક્ષમાં રાખીને વિચાર કરતાં હું એવો નિશ્ચય કરું છું કે હું તો પરમાર્થથી વિશ્વના આ બધાય પદાર્થોથી ભિન્ન, જુદો, જ્ઞાનગુણ લક્ષણવાળો સ્વયંભૂ અને સહજાનંદસ્વભાવી આત્મા છું. માટે ફરી ફરી હું એ જ રટણ, એ જ ભાવના, એ જ જાગૃતિ, એ જ લક્ષ, એ જ દૃષ્ટિ, એ જ વિચાર, એ જ ચિંતવના, એ જ અનુપ્રેક્ષા, એ જ સ્મરણ, એ જ ધ્યાન, અને એ જ જ્ઞાનમાં રહું છું અને ટકું છું કે — 'હું આત્મા છું.'

**"આપનો સેવક છું."**

માનવભવમાં માનની — અભિમાનની — અહંકારની મુખ્યતા સર્વત્ર જોવામાં આવે છે.

આ અહંકાર સર્વ પ્રકારે જૂઠો છે. પ્રથમ તો અભિમાનના જે મુખ્ય આઠ પ્રકારો છે તે પોતે પણ ખોટા છે કારણ કે તેવા ભાવો કરીને આ માનવ વર્તમાન જીવનમાં પ્રીતિ-મૈત્રીનો નાશ કરી વૈરીજનોની વૃદ્ધિ કરે છે અને તીવ્ર કર્મોનો બંધ કરી પરભવમાં નીચ ગોત્ર અને નીચ ગતિને બાંધે છે.

કેટલાક જ્ઞાનનો અહંકાર કરે છે પણ આ 'જ્ઞાન' તો પરાધીન છે, ઇન્દ્રિય-મન આદિને આધીન છે અને વૃદ્ધત્વ આદિ આવતાં પ્રાયઃ નષ્ટ થઈ જાય છે. વળી, પૂર્વે થયેલા મહાન આચાર્યો અને જ્ઞાનીજનોના જ્ઞાન કરતાં તે હજારમાં ભાગનું પણ નથી, માટે તેનું અભિમાન કરવું તે તો માત્ર અવિવેક જ છે.

કેટલાક લોકો દ્વારા પોતાની પૂજા-સત્કારાદિ થતા જોઈને અભિમાન ધારણ કરે છે પણ તત્ત્વદૃષ્ટિએ વિચારતાં ખ્યાતિ-પૂજા આદિ ક્ષણિક અને પૂર્વકર્મોને આધીન છે. આજે જેઓ પૂજા કરે છે તેઓ કદાચ કાલે તુચ્છ ભાવથી ધુત્કારે પણ ખરા, માટે પૂજા આદિથી મોટાઈ માનવી તે મૂર્ખતા છે.

કેટલાક કુળ-જાતિ આદિથી પોતાને મહાન માને છે. પિતૃપક્ષની પરંપરાને કુળ અને માતૃપક્ષની પરંપરાને જાતિ કહેવામાં આવે છે. જેમ બાપકમાઈથી કોઈ શ્રીમંત થયું હોય તો પ્રશંસનીય ન ગણી શકાય તેમ આપણા વડવાઓ મહાન હતા, તેમની મહત્તા ભાડે લઈને પોતાની મહાનતા સ્થાપિત કરવી તે વિચારવાનનું કર્તવ્ય નથી. તેવા ભાવો વડે કરીને બીજાને તુચ્છ માનવાની પ્રવૃત્તિ સર્વ પ્રકારે અયોગ્ય અને દુઃખદાયક છે.

કેટલાક શરીરનું - વચનનું - મનનું - લાગવગનું વગેરે બળનું અભિમાન કરે છે. આ બધા પ્રકારનાં બળ તે તો પૂર્વે કરેલાં પુણ્યકર્મનું ફળ છે, તેથી પરાધીન અને ક્ષણભંગુર હોવાથી તે બધાનું અભિમાન રાવણ અને દુર્યોધનની માફક સર્વનાશનું જ કારણ બને છે, તેથી વિવેકી મનુષ્ય તેમનું અભિમાન કરતો નથી.

કેટલાક ઋદ્ધિનું અભિમાન કરે છે. ઋદ્ધિ એટલે ધન-સંપદા આદિ વૈભવ. આ ધન-સંપત્તિ આદિ પૂર્વે કરેલાં પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય છે. ઘણો ઉદ્યમ કરનાર વિશેષ સંપત્તિ પ્રાપ્ત કરી શકતો નથી, જ્યારે સાધારણ ઉદ્યમવંતને પણ ઘણી સંપત્તિ મળતી જોવામાં આવે છે. વળી, સંપત્તિ આદિથી કાંઈ આપણને સાચું સુખ મળી શકતું નથી; માત્ર સગવડનાં સાધનો મળી શકે છે. તે સંપત્તિની જાળવણી તથા વૃદ્ધિમાં અનેક વિકલ્પો અને ચિંતાઓ કરવા પડે છે. માટે વિચારવાન મનુષ્ય તેનું અભિમાન કરતા નથી. છતાં પુણ્યોદયથી આવી જ મળે તો ઉદારતાથી તે તેનો ધર્મની પ્રભાવનામાં અને માનવસેવા આદિ પરોપકારના કાર્યોમાં સારી રીતે વાપરીને સદુપયોગ કરે છે.

કેટલાક મનુષ્યો શરીર અને તેની સુંદરતાનો ગર્વ કરે છે. સુંદર, દૈદીપ્યમાન અને સૌષ્ઠવવાળું શરીર મળવું તે પુણ્યનો ઉદય છે એમ વિચારીને તથા શરીરની સુંદરતાથી મને ખરેખર લાભ નથી, પરંતુ આસક્તિ વધવાનું નિમિત્ત છે એમ જાણી એ શરીરાશ્રિત સૌંદર્યનું અભિમાન વિવેકી કેમ કરે ? તે અસ્થિર છે, અલ્પજીવી છે અને રોગ, વૃદ્ધત્વથી નાશ પામે છે. તેમ વળી અન્નાદિને આધીન છે; તો તેવા પરાધીન શરીર-સૌંદર્યનો ગર્વ હું ન જ કરું એમ વિચારવું.

આત્મભ્રાંતિથી અભિમાન ઊપજે છે, જ્યારે સમજણથી વિનયાદિ ઉત્તમ ગુણોની પ્રાપ્તિ થાય છે. દેહાત્મબુદ્ધિ ઘટાડવાથી ઉપરોક્ત આઠેય પ્રકારના અભિમાનને સરળતાથી જીતી શકાય છે. આ કાર્ય કરવા માટેનો સરળ, સર્વોત્તમ અને સચોટ ઉપાય પરમાત્મા, સદ્‌ગુરુ અને સાચા સંતોનું શરણ ગ્રહણ કરવું તે જ છે. આવા મહાન પુરુષો સદ્‌ગુણોના નિધાન હોય છે અને તેમની દિવ્ય તથા અલૌકિક વાણી અને વ્યક્તિત્વના પ્રભાવથી સહેજે સહેજે આપણા દુર્ગુણો અને દોષો ટાળવાનું બની શકે છે. એક વાર જો ખરેખર તેમની ઓળખાણ થાય અને તેમનું શરણ લેવામાં આવે તો સાધકનું અભિમાન - અહંકાર - માન મોટાઈ સર્વે વિલીન થઈ જાય છે.

પરમાત્મા - સદ્‌ગુરુનું સાચું દાસત્વ પ્રગટતાં ચિત્તમાં શાંતિ, નિર્ભયતા અને પવિત્રતાનો અપૂર્વ સંચાર થાય છે તથા સાધનાના માર્ગમાં ત્વરાથી આગળ વધી શકાય છે. એક અનોખી ખુમારી પ્રગટે છે અને હવે અલ્પ કાળમાં અમારા સ્વામી જેવી જ સર્વગુણસંપન્નતા અને સર્વોત્તમ સિદ્ધિ પામીશું એવો અલૌકિક આત્મવિશ્વાસ પ્રગટે છે, જેને આત્માનો પરમ વિનય ગુણ કરીશું. માટે —

"આપનો સેવક છું."

**"સૌનો મિત્ર છું."**

આ વિશ્વમાં જેટલા મનુષ્યો, પ્રાણીઓ, પક્ષીઓ કે નાના જીવજંતુઓ છે, તે બધાય સ્વભાવે મારા જેવા જ છે; એવી સત્ય દૃષ્ટિનો જેના જીવનમાં ઉદય થાય છે તે અલ્પ કાળમાં સર્વોત્તમ એવી આત્મસિદ્ધિને પામે છે.

આવી પરમાર્થદૃષ્ટિ ઉત્પન્ન થવા માટે દીર્ઘકાળ સુધી સત્સંગ અને સદ્‌બોધને સેવવાં પડે છે. "હું ખરેખર કોણ છું ?" એનો સાચો નિર્ણય થતાં ખ્યાલ આવે છે કે હું તો અજર, અમર, અવિનાશી ચૈતન્ય છું અને આવું જ ચૈતન્ય આ દરેક દેહધારીમાં છે. પરંતુ આવો સાચો નિર્ણય થવો એ કાંઈ નાની સૂની વાત નથી. આવો નિર્ણય થવા માટે આત્માનુભવ જરૂરી છે કારણ કે આત્મતત્ત્વને પામવાનો પારમાર્થિક ઉપાય શરીરની, વાણીની, ઇન્દ્રિયોની કે બુદ્ધિની કોઈ

ચેષ્ટા નથી પણ તે માટે તો સ્વસંવેદન થવું જોઈએ.

જે ધર્માત્માએ તથારૂપ જ્ઞાનદશા પ્રાપ્ત કરી હોય તેમના સમાગમમાં વિનયાન્વિતપણે રહેવાથી ક્રમે ક્રમે પોતાનામાં પણ પાત્રતા પ્રગટે છે. તેમની આજ્ઞાએ ચાલવાથી જિજ્ઞાસુના જીવનમાં સાચી તત્ત્વદૃષ્ટિ, સાદાઈ, સંતોષ, વૈરાગ્ય, સરળતા, વિનયાદિ અનેક ગુણોનો ત્વરાથી વિકાસ થઈ શકે છે. તેનું ચિત્ત શાંત થાય છે, તેની તૃષ્ણાઓ મર્યાદિત બને છે અને તેનું મન અંતરસંશોધનમાં લાગી જાય છે. દિવસે-દિવસે વિશુદ્ધિ વધતી જાય છે. ભક્તિમાં, સત્સંગમાં, સ્વાધ્યાયમાં, શાસ્ત્ર-પારાયણમાં, ચિંતનમાં તેનો ઉત્સાહ અને પ્રસન્નતા વધતાં જાય છે તેમજ દેહાત્મબુદ્ધિ અને વિકારબુદ્ધિ ઘટતાં જાય છે. ક્રમે-ક્રમે સુવિચારદશા પ્રગટે છે અને તેમાં નિષ્ઠા થતાં અંતર્મુખ ધ્યાનદશા પ્રગટતાં સ્વસંવેદનની સિદ્ધિ થાય છે.

જેને આત્મદર્શન થાય છે તેને સાચું વિશ્વદર્શન થાય છે. પોતાને જે દિવ્ય જ્ઞાનાનંદ તત્ત્વ પ્રગટ્યું તે જ તત્ત્વ સર્વ દેહધારીઓમાં વિલસી રહ્યું છે, એવો તેને સ્પષ્ટ પ્રતિભાસ થાય છે. આવી દશા પ્રગટવાથી સ્વાર્થ, મોહદશા, સંકુચિત ભાવો, જડ પદાર્થોનું માહાત્મ્ય અને ચિત્તના સંકલ્પવિકલ્પોનું મંદપણું થઈ જાય છે. જેમ માતા પોતાના સર્વ બાળકોમાં એકસરખો પ્રેમ રાખી તેમનું સર્વાંગ હિત સ્વાભાવિકપણે જ ઈચ્છે છે, તેમ જ્ઞાની-સંત પણ વિશ્વરૂપી કુટુંબના સમસ્ત સભ્યોનું સમપણે હિત ઈચ્છે છે. જેમ માતા સર્વનું પ્રેમપૂર્વક અને યત્નાપૂર્વક પાલન કરે છે તેમ આ ધર્માત્મા પણ જગતના જીવોનું સ્વાભાવિકપણે હિત ઈચ્છી તેમની સાથે પૂર્ણ પ્રેમ - પ્રેમમય વ્યવહાર કરે છે. વિશ્વવાત્સલ્ય તેનો સ્વભાવ બની જાય છે. તેના આ સહજપ્રેમનું વર્ણન ખરેખર કોઈ કલમ લખી શકતી નથી. તેને પ્રાપ્ત થયેલી અલૌકિક તત્ત્વની તે અનુભૂતિ - ઝાંખી તેના સમસ્ત અંતરંગ વ્યક્તિત્વનું એક દિવ્ય પરિવર્તન કરી નાખે છે.

જીવનના કોઈ પણ ક્ષેત્રમાં પ્રવૃત્તિ કરવી પડે તેવા સંજોગોમાં તે હોય તો પણ તે જુદી જાતનો ડૉક્ટર, જુદી જાતનો વેપારી, જુદી જાતનો શિક્ષક, જુદી જાતનો વિદ્યાર્થી, જુદી જાતનો ખેડૂત, જુદી જાતનો ઉદ્યોગપતિ કે જુદી જાતનો સાધુ બની જાય છે, લોકો તેને વિચિત્ર, અવ્યવહારુ, એકલપેટો, વેદિયો કે ભગતડો માને છે પરંતુ તે તો તેવું કહેનાર સર્વમાં પણ પ્રભુના જ સ્વરૂપને જુએ છે તો તે તેમના પ્રત્યે અન્ય ભાવ કેવી રીતે કરે ? કુપુત્ર પ્રત્યે માવતરને કુપુત્રનો ભાવ થતો નથી, તેમ જગતના અતિ વિપરીત મનુષ્યો પ્રત્યે પણ તેને ઊતરતી કક્ષાનો ભાવ થતો નથી. એવા મનુષ્યોમાં પણ તેને 'પરમતત્ત્વ'ના જ દર્શન થાય છે. તેથી તેમના પ્રત્યે મધ્યસ્થભાવ ધારણ કરી તે ધર્માત્મા સૌનું હિત જ ઈચ્છે છે. ''साम्यं मे सर्वभूतेषु'' એ જ તેનો જીવનમંત્ર બની રહે છે. અપકારી પ્રત્યે પણ તેના અંતરમાં કરુણા અને ઉપકારનો જ ભાવ રહ્યા કરે છે. તે સજ્જનતાની પરાકાષ્ઠાને પામ્યો છે. નીતિશાસ્ત્રે કહ્યું છે તેમ 'સોનું તપાવો તો પણ તે ઉજ્જવળ જ બને છે, ચંદન ઘસો તો પણ તે શીતળ જ રહે છે અને શેરડીને પીલો તો પણ તે મીઠો રસ જ આપે છે' તેમ આ ધર્માત્માના અંતરમાંથી અને સમસ્ત વ્યક્તિત્વમાંથી એ જ રણકાર પ્રવહે છે :

સર્વથા સૌ સુખી થાઓ,
સર્વથા સૌ નિરામય થાઓ,
સૌ કોઈ સુબુદ્ધિને પામો,
સૌનું સર્વાંગ કલ્યાણ થાઓ,
મારે સમસ્ત વિશ્વ કુટુંબ સમાન છે.

ધન્ય ધર્માત્મા ! નમસ્કાર હો ! નમસ્કાર હો ! નમસ્કાર હો !

માટે કહે છે ''સૌનો મિત્ર છું.''

● ● ●

પરમનો સ્પર્શ - ૯૫

# સ્વભાવ છે સમરાંગણ કે સમતાંગણ

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

માનવી પોતાની ઓળખ આપતા વારંવાર 'સ્વભાવ' શબ્દનો ઉપયોગ કરે છે. એ તમને પહેલી મુલાકાતમાં જ એના સ્વભાવની વાત કહી દેશે. આનંદી વ્યક્તિ હોય તો એ પોતાના આનંદી કાગડા જેવા પ્રસન્ન સ્વભાવની વાત કરશે અને જો કોઈ વિષાદગ્રસ્ત નિરાશ માનવી હોય, તો તે એમ કહેશે કે મારા સ્વભાવમાં જ નિરાશા વસી ગઈ છે અને તેથી મને જીવનમાં કશો કસ કે રસ લાગતો નથી.

કેટલાક તો પોતાના ક્રોધી સ્વભાવનું 'ગૌરવ' અનુભવતા હોય છે. એક સજ્જને એમ કહ્યું કે મારો સ્વભાવ તો એવો ગુસ્સાવાળો છે કે જો કોઈ બાબતે ઘરમાં મારો ગુસ્સો જાગે તો આખું ઘર ફફડી ઊઠે. મારી પત્ની થરથર ધ્રૂજી ઊઠે અને બાળકો ગભરાઈને ક્યાંક સંતાઈ જાય !

આ રીતે પોતાના ગુસ્સાવાળા સ્વભાવને કેટલાક પોતાની આવડતમાં ખપાવવાનો ડોળ કરતા હોય છે. વળી, આવો સ્વભાવ ઉચિત નથી, અંતે નુકસાનકારક છે, એવું એ જાણતા હોવા છતાં એમણે ચહેરા પર ઓઢેલો ગુસ્સાનો બુરખો કાઢવા તૈયાર હોતા નથી અને સમય જતાં એ બુરખો જ - ગુસ્સો જ એમનો ચહેરો બની જાય છે.

કેટલાકને તલવારના ઘા જેવી, તોછડી અને કડવી વાણી બોલવાનો સ્વભાવ હોય છે અને આપણે જાણીએ છીએ કે દ્રૌપદીએ દુર્યોધનને કહેલું વાક્ય 'આંધળાનાં દીકરા આંધળા જ હોય' એમાંથી તો આખું મહાભારત સર્જાયું હતું. આટલા નાનકડા વાક્યને પરિણામે જાગેલું યુદ્ધ અઢાર-અઢાર દિવસ સુધી ચાલ્યું અને અંતે મહાસંહાર થયો. 'મહાભારત'માં દુર્યોધન અહંકારી સ્વભાવનું મૂર્તરૂપ છે, જે એની વાણીમાં સતત પ્રગટ થાય છે. હસ્તિનાપુરની રાજસભામાં હોય કે પછી અન્ય કોઈ સ્થળે હોય, તો પણ દુર્યોધનના સ્વભાવમાં રહેલો અહંકાર સતત પ્રગટતો - છલકતો રહે છે. એના મામા શકુનિમાં રહેલી લુચ્ચાઈ 'મહાભારત'માં ઠેર ઠેર જોઈએ છીએ ! એની સામે પક્ષે યુધિષ્ઠિરનું શુદ્ધ ચારિત્ર્ય કેવું ઝળહળે છે ! યુધિષ્ઠિર સર્વત્ર પ્રેમ વહેંચે છે, તો દુર્યોધનનો અહંકાર એને એવો તો ઘેરી વળ્યો છે કે એ કર્ણ, શકુનિ, અશ્વત્થામા જેવા એના અહંકારને ઉત્તેજનારા સાથીઓનો સાથ છોડીને પ્રજાની વચ્ચે આવતો નથી.

ઘણી વ્યક્તિઓનો સ્વભાવ અત્યંત ભીરુ કે રોતલ હોય છે. એમને કોઈ સહેજ ઊંચા સાદે કહે એટલે રડવા માંડે અને એ પછી રડતા - રડતા સ્વીકાર પણ કરે કે મારો સ્વભાવ એવો છે કે કોઈ સહેજ ઠપકો આપે ને આંખમાંથી આંસુની ધારા ચાલે છે.

વ્યક્તિનો સ્વભાવ પ્રગટ થાય છે એની વાણીથી. આથી એણે કોઈની સાથે બોલતી વખતે પોતાની વાણીનો વિચાર કરવો જોઈએ. ઉપવાસ કરવા સરળ છે, પરંતુ વાણી અંગે સભાન રહેવું અત્યંત મુશ્કેલ છે. જો વ્યક્તિનો સ્વભાવ ગુસ્સાવાળો હશે તો એ સતત ગુસ્સો કરતો રહેશે. મજાની વાત એ છે કે આવો સ્વભાવ ધરાવનારી વ્યક્તિ માનતી હોય છે કે એનો આ સ્વભાવ બદલી શકાય તેવો નથી. આથી એને બદલવાનો સભાન પ્રયત્ન કરવાને બદલે એને સ્વીકારીને બહેકાવતા રહીને જ જીવન ગાળતો હોય છે. હકીકતમાં એ એના સ્વભાવનું પરિવર્તન કરી શકે તેમ છે. માત્ર એને માટે એનામાં

દૃઢ સંકલ્પ કર્યો હોય છે. આવા સંકલ્પને પરિણામે જ રોહિણેય ચોર ભગવાન મહાવીરની ઉપદેશ-વાણી(દેશના) સાંભળીને જીવન પરિવર્તન પામે છે. વાલિયો લૂંટારો એ વાલ્મિકી બને છે અને ભગવાન બુદ્ધને કારણે અંગુલિમાલનો હિંસક સ્વભાવ બદલાઈ જાય છે.

કેટલીક વ્યક્તિઓ એમ કહે છે કે એ જાણે છે કે એમના સ્વભાવમાં ગુસ્સો છે, ઉતાવળ છે, અધીરાપણું છે, અતિ વાચાળતા છે, નૅગેટિવ જોવાની વૃત્તિ છે અને એ આ બધામાંથી બહાર નીકળવાની કોશિશ કરે છે. એ એમ કહે છે કે અનેક કોશિશ કરવા છતાં મારા ક્રોધી સ્વભાવને હું બદલી શક્યો નથી. હકીકતમાં આ કોશિશ હોય છે, નિષ્ઠાભર્યા પ્રયત્ન નહીં. વિચાર હોય છે, સંકલ્પ નહીં. ઉપરછલ્લી ઇચ્છા હોય છે, પણ સંકલ્પપૂર્ણ આચરણ નહીં. એ માત્ર વાતો કરે છે, પરંતુ એ પ્રમાણે કોઈ કાર્ય કરતો નથી. જો પોતાની વાતને એ કાર્યમાં ઉતારે તો જરૂર એ એનો સ્વભાવ બદલવાની ક્ષમતા ધરાવે છે.

મનુષ્યનો સ્વભાવ એ એના આદર્શો અને સિદ્ધાંતોથી પણ પ્રબળ છે. 'હિતોપદેશ' તો બધી બાબતોમાં સ્વભાવને જ સર્વોપરી માને છે અને વ્યક્તિ જો ગુણશીલ સ્વભાવ ધરાવતી ન હોય, તો એ વેદોનું અધ્યયન કરે તો પણ એનો કશો અર્થ નથી.

અહીં એક સાંકળનો વિચાર કરવો જોઈએ. મારા મત પ્રમાણે વિચાર એ સર્વોપરિ મહત્ત્વની બાબત બને છે. શુભ વિચાર આવે, તો તે પહેલાં ચિત્તમાં ઠરે છે. એ પછી વિચાર આવે છે અને ત્યારબાદ તે વર્તનમાં પ્રગટે છે. એ જ એની પ્રકૃતિ કે સ્વભાવ બને છે.

આનો અર્થ એ થયો કે માણસ એના સ્વભાવને ઘડે છે. સ્વભાવ માણસને ઘડી શકતો નથી, પરંતુ જો માણસ અમુક રીતે વિચારો અને વાસનાઓમાં રહેવા ટેવાઈ જાય તો મોહ, કામ, ક્રોધ કે લોભ એનો સ્વભાવ કે પ્રકૃતિ બની જાય છે અને એકવાર વ્યક્તિના સ્વભાવમાં ક્રોધ પેસી ગયો તો સમય જતાં એ મહાક્રોધી બને છે અને જો લોભ પેસી ગયો તો એ ધીરે ધીરે મહા લોભી બની જાય છે. આ ક્રોધી સ્વભાવ કે લોભી સ્વભાવ એ જ વ્યક્તિના આચરણ પર છવાઈ જાય છે તથા તે જ એની પ્રકૃતિ બની જાય છે અને તેને પરિણામે એ એમાં વધુને વધુ ખૂંપતો જાય છે.

વ્યક્તિનો સ્વભાવ દુષ્ટ હશે, તો એ હંમેશાં અધમ કાર્યો કરવાના મનસૂબા કરશે અને એને આચરણમાં મૂકશે. જો એનો સ્વભાવ ગુસ્સાવાળો હોય, તો એ વિના કારણે ગુસ્સો કરશે, વેર કે અણગમો વહોરી લાવશે અને આમ વ્યક્તિ પોતાના સ્વભાવના શરણે જશે. સ્વભાવ આવી રીતે ઘડાય એટલે એનો સૌથી વધુ ગેરલાભ વ્યક્તિને થાય છે. એના ક્રોધી કે લોભી સ્વભાવથી સમય જતાં સ્વયંને નુકસાન કરે છે. લોકો પણ એના સ્વભાવની આ મર્યાદાને મુખ્યપણે જોતા હોય છે અને એની બીજી બધી આવડતને ભૂલી જતા હોય છે.

વાત એવી છે કે આવા ગુસ્સાવાળી વ્યક્તિ એની હાથ નીચેના લોકો પર ગુસ્સો કરતી હોય છે, પરંતુ એના ઉપરીઓ આગળ એ અતિ નમ્રતાયુક્ત કે ખુશામતભર્યો વ્યવહાર કરતી હોય છે. વળી, આને પરિણામે ક્રોધી વ્યક્તિ એનું જીવન ક્રોધમાં ગાળે છે. સંત કબીરે એમની માર્મિક વાણીમાં કહ્યું છે,

''યહ જગ કોઠી કાઠ કી, ચહું દિસિ લાગી આગ,
ભીતર રહૈ સો જલિ મુએ, સાધૂ ઉબરે ભાગ.''

સંત કબીરે બહુ માર્મિક રીતે દર્શાવ્યું છે કે આ સંસાર એ તો લાકડાનું મકાન છે અને એની ચારેબાજુ ક્રોધની આગ લાગી છે. જે આવા ક્રોધની આગની અંદર રહેશે તે બળી મરશે. માત્ર સાધુજનો જ એનાથી દૂર ભાગીને ઊગરી ગયા છે.

આમ, ક્રોધ એ બાળનારો છે, વ્યક્તિને દુઃખ

અને સંતાપ આપનારો છે. ગુસ્સાવાળો સ્વભાવ વ્યક્તિને માટે નુકસાની આપનારો તથા પરેશાની કરનારો છે અને આવી વ્યક્તિ સૌથી મોટી ભૂલ એ કરે છે કે એ પોતાના સ્વભાવમાં પરિવર્તન કરવાને બદલે આવા સ્વભાવના શરણમાં જીવવાનું પસંદ કરે છે. પોતાની દૂષિત આદતો બદલવાને બદલે એ આદતોનો સ્વીકાર કરીને ચાલે છે.

તમે ઘણી વ્યક્તિ એવી જોઈ હશે કે જે એમ કહેતી હોય કે આ ગુસ્સાનો વારસો તો મને મારા પિતા અથવા તો દાદા તરફથી મળ્યો છે. હકીકતમાં સ્વભાવનો વારસો કોઈની પાસેથી મળતો નથી. આપણે જેવો સ્વભાવ ઘડીએ તેવો સ્વભાવ બને. આપણે ધારીએ તો આપણા સ્વભાવને સ્વ-ભાવમાં પરિવર્તિત કરી શકીએ છીએ, પરંતુ સ્વભાવમાં રહેલા અહંકારને જાળવી રાખવા માટે ખોટી બહાનાબાજી કે બચાવનામું ઊભું કરીએ છીએ અને અવિવેકી સ્વભાવના બચાવ માટે કેટલાંય બહાના સર્જીએ છીએ.

સમાજમાં જોઈએ છીએ કે ઘણીવાર વ્યક્તિના સ્વભાવનું પરિવર્તન થતું હોય છે. એક સમયનો ક્રોધી માનવી વિનમ્ર બની જતો હોય છે, ત્યારે સવાલ એ જાગે કે એણે શા માટે આટલાં બધાં વર્ષો ક્રોધમાં ગુમાવ્યાં ? એક સમયનો લોભી માનવી ઉદાર બની જતો હોય છે અને ત્યારે પ્રશ્ન એ ઊઠે કે એ માણસે અત્યારે સુધી મૂંજી અને કંજૂસ જેવું જીવન જીવવામાં કેટલાં બધાં વર્ષો પસાર કરી દીધાં.

એણે પોતાના સ્વભાવની મર્યાદાઓ જાણવી જોઈએ અને જાણ્યા પછી એક માનવી તરીકે પોતાનો સ્વભાવ ઉમદા રીતે ઘડવા માટે પ્રયત્ન કરવો જોઈએ. આમ કરે તો એ પોતાનો સ્વભાવ સુધારી શકે છે અને એનામાં સૌજન્ય, નમ્રતા, સદ્ભાવ અને શાંતિનો ઉદ્ભવ થાય છે. એ જેમ જેમ પોતાના સ્વભાવને ઓળખતો જાય છે, તેમ તેમ એને પોતાની મર્યાદા સમજાતી જાય છે અને એ રીતે એના સ્વભાવનું ક્રમશઃ પરિવર્તન થતું જાય છે. એને સ્વ-દોષોની ઓળખ સાંપડે છે અને ધીરે ધીરે એ દોષો દૂર કરીને પોતાની જાતનું પરિવર્તન સાધે છે. આવી વ્યક્તિ સમય જતાં પરમાત્માની સાધના તરફ વળે છે અને ત્યારે સ્વામી રામતીર્થનું એ વચન યાદ આવે છે કે 'મનુષ્યની સાચી પ્રકૃતિ એ ઈશ્વરત્વ છે.'

## સમાધિતંત્ર - અમૃતરસપાન

**(પાના નં. ૧૪ પરથી ચાલુ...)**

જુદું પાડવાનું છે. ગોસળિયાની જેમ જીવ વિભાવમાં ભેળસેળ થઈ ગયો છે. જેમ ગોસળીયાએ કાંડે બાંધેલા દોરા તરફ નજર કરી, પોતાને જુદો ઓળખી લીધો તેમ 'જ્ઞાનદોર' તરફ યથાર્થ લક્ષ કરી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે..... જીવ રાગ અને જ્ઞાનની એકતામાં ગૂંચવાઈ ગયો છે. નિજ અસ્તિત્વને પકડે તો ગૂંચવણ નિકળી જાય. 'હું જ્ઞાયક છું' એવું અસ્તિત્વ ખ્યાલમાં આવવું જોઈએ. જ્ઞાયક સિવાયનું બીજું બધું પર છે એમ તેમાં આવી ગયું.''

- ''દેહથી ભિન્ન ને નિત્ય, આત્મા આમ ન જાણતાં;
  ભારે તપો તપે તોયે, મોક્ષ-સુખ ન માણતાં.''

  **– પૂ. બ્રહ્મચારી**

- ''એમ ન જાણે દેહથી, ભિન્ન જીવ અવિનાશ;
  તે તપતા તપ ઘોર પણ, પામે નહિ શિવવાસ.''

  **– શ્રી છોટાલાલભાઈ જી. ગાંધી**

- दुर्गन्ध - रक्त मल - पूरित - देह को जो,
  है मानता न यति भिन्न निजात्म से ओ ।
  निर्भीक यद्यपि करे तप भी - करारी,
  तो भी उसे न वरती वह मुक्ति - नारी ॥

  **– પૂજ્ય આચાર્યશ્રી વિદ્યાસાગરજી મહારાજ**

**(ક્રમશઃ)**

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૫૪)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

સદા ભાવ શુદ્ધાન્વિત, પવિત્ર શુદ્ધતાથી પ્લાવિત અને પરમ ચૈતન્યશુદ્ધતા અર્પિત એવા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની સમાધિગિરા 'ઉપદેશ છાયામાં' વર્ણવે છે કે "જીવે કેમ વર્તવું ? સત્સંગને યોગે આત્માનું શુદ્ધપણું પ્રાપ્ત થાય તેમ. પણ સત્સંગનો સદા યોગ નથી મળતો. જીવે યોગ્ય થવા માટે હિંસા કરવી નહિ; સત્ય બોલવું, અદત્ત લેવું નહીં, બ્રહ્મચર્ય પાળવું, પરિગ્રહની મર્યાદા કરવી; રાત્રિભોજન કરવું નહીં એ આદિ સદાચરણ શુદ્ધ અંતઃકરણે કરવાનું જ્ઞાનીઓએ કહ્યું છે; તે પણ જો આત્માને અર્થે લક્ષ રાખી કરવામાં આવતાં હોય તો ઉપકારી છે, નહીં તો પુણ્યયોગ પ્રાપ્ત થાય. તેથી મનુષ્યપણું મળે, દેવતાપણું મળે, રાજ્ય મળે, એક ભવનું સુખ મળે, ને પાછું ચાર ગતિમાં રઝળવું થાય; માટે જ્ઞાનીઓએ તપ આદિ જે ક્રિયા આત્માને ઉપકાર અર્થે અહંકારરહિતપણે કરવા કહી છે, તે પરમ જ્ઞાની પોતે પણ જગતના ઉપકારને અર્થે નિશ્ચય કરી સેવે છે." અહીં સાધકને ઉત્તમ માર્ગદર્શન પ્રાપ્ત થાય તેવી સહજધારામાં બોધ અપાયો છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય રચિત 'સમાધિતંત્ર' ગ્રંથ સમ્યક્ સમાધિભાવપૂર્વકની સહજ દશાને નિરૂપે છે. અહીં કહે છે કે જે જીવને દેહ અને આત્માનું ભેદજ્ઞાન વર્તતું નથી, જ્ઞાનદશાના ભાવો પરિણમતા નથી તે જીવ ઘોર તપ આચરે તો પણ નિર્વાણને પામી શકતા નથી. અવિનાશી અવ્યય એવો આત્મા અને વિનાશી એવો દેહ છે તેવી પ્રતીતિ નથી તે ઘોર તપ આચરે છતાં સિદ્ધત્વ પામી શકતા નથી.

**વિશેષાર્થ : परमं तपः तप्त्वा अपि** — ઘોર તપ તપે તો પણ સિદ્ધત્વને પામી શકતા નથી. મૂળભૂત વસ્તુતત્ત્વની ભૂલ રહી જાય છે. જ્ઞાનસ્વરૂપ આત્માના ભાન વિના જીવ ભલે વ્રત-તપ-શીલાદિ નિયમો આચરે તોપણ કર્મબંધનથી મુક્ત થતો નથી. આત્મભાન વિના જે અજ્ઞાનીજીવ ઘોર તપ કરે તો પણ પુણ્યબંધ બાંધી ભવમાં પરિભ્રમણ કરે છે. તેઓ તપને આચરે છે પણ અજ્ઞાનદશા હોવાથી તાપ રૂપ પરિણમે છે. આત્મજ્ઞાનની અનુભૂતિ નથી તે અજ્ઞાની તપ આદિ આચરે તો પણ તે બાળવ્રત અથવા બાળતપ જ બની રહે છે કારણ કે તેનાથી નિર્વાણની પ્રાપ્તિ થતી નથી.

ગ્રંથાધિરાજ 'સમયસાર'માં શ્રી કુંદકુંદાચાર્ય પુણ્ય-પાપ અધિકારની ગાથા - ૧૫૨ અને ૧૫૩માં ઉદ્‌ઘોષિત કરે છે તે હરિગીત જોઈએ :

"પરમાર્થમાં અણસ્થિત જે તપને કરે, વ્રતને ધરે,
સઘળુંય તે તપ બાળને, વ્રત બાળ સર્વજ્ઞો કહે.
વ્રત નિયમને ધારે ભલે, તપશીલને પણ આચરે
પરમાર્થથી જે બાહ્ય તે નિર્વાણ પ્રાપ્તિ નહીં કરે."

પરમાર્થની પ્રાપ્તિ થતાં સઘળુંય સવળું સહજ થાય છે. જ્યાં સુધી અજ્ઞાનદશા છે ત્યાં અહં-મમત્વના ભાવથી જીવ આવૃત્ત છે અને આત્મજ્ઞાન થતાં અહં-મમત્વભાવથી નિરાવૃત બને છે. માટે આચાર્ય પૂ. વિદ્યાસાગરજી મહારાજ લખે છે કે ज्ञाननिष्ठा के बिना क्रियाकाण्ड का अनुष्ठान निरर्थक है ।

'યમ નિયમ સંયમ આપ કિયો' આ પદમાં પરમકૃપાળુદેવે કહ્યું છે કે યમ, નિયમ આદિ બધી

ક્રિયા કરી, આખી જિંદગી મૌન રહ્યો. હઠયોગ આદિ ક્રિયાઓ કરી, જ્ઞાનની ક્ષયોપશમ સ્થિતિ કે મત ખંડન મંડન ભેદ પણ કર્યાં અને તે બધું અનંતવાર કર્યું છતાં ભેદ જણાયો નહિ કારણ સત્યજ્ઞાનની અનુપલબ્ધિ જીવને આગળ પરિણમનમાં આવવા દે નહિ. તે જ કોચલામાં અનંત જન્મારા કાઢી નાખે પણ 'સત્' ગ્રહણ થાય તો જ માર્ગે આવી શકાય. જો સત્ માર્ગે આવે તો પણ સિદ્ધ-પાટણ દૂર નથી.

**૪. सः निर्वाणं न लभते** - તે નિર્વાણને પામતા નથી. આત્મનિષ્ઠ થયેલો કદાચ ઘોર તપ કે ઘોર વ્રત ન આચરે તો પણ તે નિર્વાણને પામે છે, પણ ભેદજ્ઞાનના અભાવે સ્વ-પરનો વિવેક નહિ હોવાને કારણે યથાર્થ દૃષ્ટિ પ્રાપ્ત થતી નથી.

જે જીવો આત્માર્થને પામ્યા છે તે ભેદવિજ્ઞાનથી પામ્યા છે તથા તે ભેદજ્ઞાનના અભાવે અન્ય જીવો બંધાયા છે. દેહમાં અહંબુદ્ધિ અને મમત્વભાવનું પરિણમન જીવમાં વર્તે છે ત્યાં સુધી આત્મામાં અહંપણું થઈ શકતું નથી. પૂ. નિહાલચંદ્ર સોગાનીજીની મધુરવાણી છે કે "એક જ માસ્ટર કી છે બધી વાતોમાં. બધા શાસ્ત્રોમાં એક જ સાર છે ત્રિકાલીપણામાં અહંપણું જોડી દેવાનું છે."

જ્યાં ત્યાં અહંબુદ્ધિ અને મમબુદ્ધિ જમાવી છે તેમાંથી ઉપર ઊઠીને ત્રિકાલ શુદ્ધ પદાર્થમાં 'હુંપણું' સ્થાપી દેવું તે જ પરમ શ્રેય કાર્ય છે.

જે ઘોર તપ આચરી રહ્યા છે તેમજ વ્રત, તપ, જપમાં સદા જીવતાં છે તેને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. ઋષભનંદન મુનિરાજ બાહુબલી પોતાનો હાથ ઉગામે છે ભરત ચક્રવર્તીને મારવા માટે અને પરિણતિ સ્વ સન્મુખ થાય છે. પંચમુષ્ટિ લોચ કરી જંગલમાં સ્થિત થાય છે. બાર મહિના તપશ્ચરણમાં લીન છે. શરીર પ્રતિ નિશ્ચિંત બન્યા છે. ચારે બાજુ વેલીઓ વીંટાઈ ગઈ છે. સર્પે રાફડા કર્યા છે. પક્ષીઓએ માળા કર્યા છે. નાના જીવજંતુઓથી શરીર વ્યાપ્ત થયું છે. ભૂમિકા ઉત્કૃષ્ટ છે. આત્મભાવની નિરંતરતા વર્તે છે છતાં ભરત ચક્રવર્તીનો વિકલ્પ સૂક્ષ્મપણે કાર્ય કરી રહ્યો છે. તે વિકલ્પની પરિણતિ ક્ષપકશ્રેણી, કેવળજ્ઞાનના પુરુષાર્થને વિઘ્ન રૂપ બની છે. નિર્વાણની પ્રાપ્તિ કેમ થતી નથી ? તેવો સૂક્ષ્મ વિચાર સાધક આત્માને સહજ ઊગે. જૈનદર્શન પૂર્ણ અને પવિત્ર દર્શન છે.

જૈન દર્શન પવિત્રતાથી સભર છે. અંશે પણ રાગનો વિકલ્પ હોય તો નિર્વાણ-સિદ્ધત્વદશા વિલંબિત થાય છે. બાર મહિના સુધી શરીરનો વિકલ્પ નથી. બહાર શું થઈ રહ્યું છે તે વિકલ્પ નથી. ભીતરમાં જે વિકલ્પ આવી જાય છે કે ભરતભૂમિમાં મારી સ્થિતિ છે. જૈનદર્શનની સૂક્ષ્મતાનો અભ્યાસ પણ જીવને ચેતનવંત બનાવે છે. જાગૃત બનાવે છે. અપ્રમાદી બનાવે છે. પુરુષાર્થી બનાવે છે. જ્યારે ભરત મહારાજા વાંદવા આવે છે બાહુબલી મુનિરાજને સહજ પ્રતીત થાય છે કે અહો ! જેનો વિકલ્પ છે તે તો સવિકલ્પ નિર્વિકલ્પ છે. ઉપયોગ અંતરમાં સ્થિર થાય છે. શ્રેણીનો પુરુષાર્થ પ્રારંભાય છે અને કેવળજ્ઞાનની ઉપલબ્ધિ થાય છે. ધન્ય તે મુનિવરા ! વંદન હો.

આ જૈનદર્શનની સૂક્ષ્મતાનું જ્વલંત ઉદાહરણ છે. પરમકૃપાળુદેવે વચનામૃતમાં અનેક સ્થાનોએ સૂક્ષ્મતાના દર્શન કરાવ્યા છે. ઝવેરી જીવ હીરો પારખી લે તેમ આત્મઝવેરી આત્મજ્ઞાન પામી અનુક્રમે નિર્વાણને પામી જાય છે. મુનિવર રામસિંહ 'પાહુડદોહા' ગાથા ૭૫માં કહે છે કે જેમ સૂર્ય ઘોરઅંધકારને નિમિષમાત્રમાં નષ્ટ કરે છે તેમ આત્માની ભાવનાથી પાપો-વિભાવભાવો ક્ષણમાં નષ્ટ થઈ જાય છે.

પૂ. બેનશ્રી ચંપાબેનની જ્ઞાનગિરા નોંધે છે "અનાદિકાળથી એકત્વ પરિણમનમાં બધું એકમેક થઈ રહ્યું છે તેમાંથી 'હું માત્ર જ્ઞાન સ્વરૂપ છું' એમ

**(અનુસંધાન પાના નં. ૧૨ પર...)**

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

## સપ્તમ તીર્થંકર ભગવાન
## શ્રી સુપાર્શ્વનાથ સ્તવન પ્રારંભ

ગણિશ્રી દેવચંદ્રજી મહારાજ તીર્થંકર ભગવંતોની સ્તુતિ પ્રભુભક્તિથી ઉભરાતા સ્તવનો દ્વારા કરે છે, તેમાં આપણે અત્યાર સુધીના સ્તવનોમાં જોયું કે તેમની આ ભક્તિમાં બે તત્ત્વોની મુખ્યતા રહી છે - એક તો, પ્રભુના વિવિધ ગુણોનું દર્શન કરી પ્રભુના ગુણગાન કરવાં અને બીજું આપણું ઉપાદાન જાગૃત કરી આપણને મોક્ષમાર્ગમાં આરૂઢ કરવામાં પ્રભુ જ સર્વોત્કૃષ્ટ નિમિત્ત - એવા કારણ - કાર્ય સંબંધ સ્થાપીને પ્રભુના અનંત ઉપકારનું વેદન કરવું.

પ્રભુના ગુણગાન ઉલ્લાસપૂર્વક, પ્રીતિપૂર્વક, રુચિપૂર્વક થતાં હોય અને તે ગુણોના અંશો પોતામાં પ્રગટે તેવા અંતરંગ અભિપ્રાયપૂર્વક થતાં હોય તો પછી *"સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે, દરિશણ શુદ્ધતા તેહ પામે"* — એવો પારમાર્થિક લાભ ભક્તને અવશ્ય પ્રાપ્ત થાય. પરંતુ પ્રભુના ગુણોનું સ્મરણ કરવું હોય ત્યારે આપણી અલ્પમતિમાં માત્ર થોડા જ ગુણો કે જે બહુ પ્રચલિત હોય તેનું જ સ્મરણ થાય. જેમ કે તેમની વીતરાગતા, સર્વજ્ઞતા, હિતોપદેશીપણું આદિ. પણ પ્રભુ તો અનંત ગુણોના ભંડાર છે. તેથી તેમના ગુણગાનમાં જો વૈવિધ્યતા આવે તો આપણી ભક્તિ શુષ્ક ન રહેતાં રસીલી બની જાય અને "સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ" પ્રાપ્તિનું આપણું કાર્ય સરળ બને. પ્રભુના ગુણોની આવી વૈવિધ્યતાનું દર્શન કરાવવાનું અદ્ભુત કાર્ય ગણિશ્રી દેવચંદ્રજી જેવા મહાપુરુષો આ સ્તવનો દ્વારા કરે છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'પ્રભુ પ્રાર્થના' કાવ્યમાં ભગવાનના લગભગ ચાલીસ જેટલા ગુણો મૌલિકતાથી રજૂ કર્યા છે. શ્રી સુપાર્શ્વનાથના આ સ્તવન દ્વારા પ્રભુના અકલ્પનીય, વિવિધતાસભર પણ શુદ્ધસ્વભાવગત ગુણોનું દર્શન કરાવશે અને એ રીતે પ્રભુભક્તિ દ્વારા પ્રભુ જેવા જ આપણા સ્વરૂપ પ્રત્યે દોરી જશે. કઈ રીતે તે હવે જોઈએ.

**શ્રી સુપાસ આનંદમેં, ગુણ અનંતનો કંદ હો જિનજી,**
**જ્ઞાનનંદે પૂરણો, પવિત્ર ચારિત્રાનંદ હો. જિ.શ્રી૦૧**

**શબ્દાર્થ :** શ્રી સુપાર્શ્વનાથ આનંદમય છે, અનંત ગુણોના કંદ અર્થાત્ મૂળ છે; જ્ઞાનાનંદ અને પવિત્ર ચારિત્રના આનંદથી પરિપૂર્ણ છે. (કંદ = મૂળ)

**વિશેષાર્થ :** પ્રભુનો શુદ્ધ આત્મા અનંત ગુણોનો પીંડ છે. તે અનંત ગુણોનો કંદ અર્થાત્ તે અનંત ગુણોનું મૂળ, તેનો સ્રોત, તેનું અધિષ્ઠાન પ્રભુનું ત્રિકાળી ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્ય છે. તે ગુણોમાં પણ સાધનાની દૃષ્ટિએ જ્ઞાનગુણ તથા ચારિત્રગુણ અને પ્રયોજનભૂત સાધ્યની દૃષ્ટિએ આનંદગુણ મુખ્ય છે. જો આત્મામાં આનંદગુણ ન હોય તો મોક્ષની સાધનાનું કોઈ પ્રયોજન જ ન રહેત. પૂજ્યશ્રી આત્માનંદજી કહે છે તેમ સર્વ જીવને 'ટેસ' જોઈએ છે ! પણ તે માટેનો પ્રયત્ન ઊંધી દિશામાં બહિર્મુખી છે. ખરેખર તો 'ટેસ' અથવા આનંદ તો આત્માનો સ્વભાવગત ગુણ છે, જે અંતર્મુખતા સાધવાથી મળે છે. તેથી શ્રી દેવચંદ્રજી આનંદ ગુણને અહીં મુખ્ય કરે છે અને તે આનંદ ગુણને જ્ઞાન અને ચારિત્ર સાથે આ ગાથામાં વણી લીધો છે.

"શ્રી સુપાસ આનંદ મેં" — મારા સુપાર્શ્વનાથ પ્રભુ સદાય આનંદમાં રહે છે કારણ કે પ્રભુનો આનંદ ક્ષયિકભાવે હોવાથી અક્ષય છે. પ્રભુએ કેવળજ્ઞાન લીધું ત્યારથી પૂર્ણ આનંદમાં છે અને આગામી અનંતકાળ સુધી આનંદમાં રહેશે ! તેમનો આનંદ ગુણ જ્ઞાનમાં પણ વ્યાપ્ત છે અને ચારિત્રમાં પણ

વ્યાપ્ત છે. તેથી પ્રભુ જ્ઞાનાનંદી પણ છે અને ચારિત્રાનંદી પણ છે. પૂજ્યશ્રી રાકેશભાઈ કહે છે કે આત્માનો સ્વભાવ જ એવો છે કે જરા પણ આત્માની નિકટ ગયા કે જ્ઞાનની સાથે આનંદ Free of charge મળશે ! એક ઉપર એક free ની જેમ ! પ્રભુ કેવળજ્ઞાનમાં લોકાલોકને અનંત કાળ સુધી જાણતા રહેશે, છતાં તેમને કોઈ monotony નડતી નથી તે આ અનંત આનંદ ગુણના પ્રભાવથી. આવી જ્ઞાનાનંદમય દશાનું વર્ણન કરતા શ્રી દૌલતરામજી 'દર્શનસ્તુતિ'નું મંગલાચરણ કરતાં કહે છે,

*સકલ જ્ઞેયજ્ઞાયક તદપિ, નિજાનંદ રસલીન;*
*સો જિનેન્દ્ર જયવંત નિત, અરિરજરહસ વિહીન.*

પ્રભુનો જ્ઞાનાનંદ અને ચારિત્રાનંદ 'પૂરણો' - પરિપૂર્ણ છે તેમજ પવિત્ર છે કારણ કે પ્રભુએ સર્વ ઘાતીકર્મોનો ક્ષય કર્યો હોવાથી તેમના આ ગુણો ક્ષાયિકભાવને પ્રાપ્ત છે. જ્ઞાનાનંદ પરિપૂર્ણ હોવાથી સ્વરૂપમાં એવું પરિતૃપ્તપણું છે કે કંઈ વધુ જાણવાની કે કંઈક વધુ મેળવવાની ઇચ્છા જ સમાપ્ત થઈ ગઈ છે. ક્ષાયિક ચારિત્ર પણ પૂર્ણ આનંદ સહિત હોવાથી તેમની આત્મસ્થિરતા પવિત્ર પ્રસન્નતાયુક્ત અને પરમ શાંતિરૂપ છે. પ્રભુની આવી પરિપૂર્ણ દશાનું વર્ણન પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરતાં કહે છે :

*પરિપૂર્ણ જ્ઞાને, પરિપૂર્ણ ધ્યાને,*
*પરિપૂર્ણ ચારિત્ર બોધિત્વ દાને;*
*નીરાગી મહા શાંત મૂર્તિ તમારી,*
*પ્રભુ પ્રાર્થના શાંતિ લેશો અમારી.*

હવે આગળ શ્રી દેવચંદ્રજી શ્રી સુપાર્શ્વનાથની આશ્ચર્યકારક ઐશ્વર્યતાનું દર્શન કરાવે છે :

**સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો. જિનજી,**
**કર્તાપદ કિરિયા વિના, સંત અજેય અનંત હો જિન.શ્રી૦૨**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! આપને કોઈના સંરક્ષણની જરૂર નથી તેમ જ નથી આપ કોઈનું સંરક્ષણ કરતા. તેમ છતાં આપ (સર્વ જીવના) નાથ છો. આપની પાસે કોઈ દ્રવ્ય ન હોવા છતાં આપ ધનવંત છો. આપ કોઈ પણ ક્રિયા વિના પણ કર્તાપદે છો. આપ અનંતકાળ સુધી અજેય રહેનાર એવા સંત છો.

**વિશેષાર્થ :** પ્રભુના છ ગુણો મૌલિકતાથી ગણિશ્રીએ અહીં રજૂ કર્યા છે, તે જોઈએ :

**(૧) સંરક્ષણ વિણ નાથ :** પ્રભુ તો સર્વજ્ઞ, પૂર્ણ વીતરાગી હોવાથી તેમને નથી કોઈ મિત્ર કે નથી કોઈ શત્રુ. તેથી તેમને યક્ષ, યક્ષિણી કે ઇન્દ્ર, નરેન્દ્ર આદિ કોઈના સંરક્ષણની જરૂર નથી. એટલું જ નહિ, પણ પ્રભુ વીતરાગી હોવાથી તેમના ભક્તોનું પણ કોઈ પ્રકારે રક્ષણ ન કરે. તો પછી તેમને નાથ કેમ કહ્યા ? કારણ કે પ્રભુ હિતોપદેશક હોવાથી સર્વ જીવોનું કલ્યાણ કરવામાં સમર્થ નિમિત્ત છે. સંસારના અનાથ જીવોના શરણાગત બની તેમને સનાથ બનાવે છે. આમ, હે પ્રભુ, આપ "સંરક્ષણ વિના પણ નાથ છો." **(૨) દ્રવ્ય વિના ધનવંત :** પ્રભુ અનંત જ્ઞાન-દર્શન-વીર્ય-આનંદરૂપ ઐશ્વર્યવાન હોવાથી કોઈ પણ પરિગ્રહ આદિ દ્રવ્ય વિના પણ ધનવંત છે, આત્મિક સંપત્તિના સ્વામી છે. પ્રભુ જ્ઞાન, આનંદ આદિ સંપત્તિનો અનંતકાળ સુધી ભોગવટો કરતા રહેશે તો પણ ખૂટશે નહીં. એવા અક્ષય ધનના સ્વામી હોવાથી ખરા અર્થમાં ધનવંત છે. શ્રીમદ્ રાજચંદ્રજી જેવા જ્ઞાનાવતાર પણ પોતા માટે કહે છે કે "સંપત્તિ પૂર્ણ છે એટલે સંપત્તિની ઇચ્છા નથી." (પત્રાંક - ૨૫૫), અર્થાત્, આત્મસંપત્તિ પૂર્ણ હોવાથી બાહ્યવૈભવરૂપ સંપત્તિની ઇચ્છા નથી. શ્રીમદ્જી પોતાના માટે જ્યારે આમ કહે તો પછી તીર્થંકર પ્રભુની સંપત્તિની તો વાત જ શું કરવી કે જ્યાં સ્વરૂપની પૂર્ણકામતા વર્તે છે.

**(૩) કર્તાપદ કિરિયા વિના :** પ્રભુને સિદ્ધપદમાં મન, વચન, કાયાની કોઈ ક્રિયા ન હોવા છતાં તેઓ પોતાના શુદ્ધ સ્વરૂપના કર્તા છે. યથા —

*"અથવા નિજપરિણામ જે, શુદ્ધચેતનારૂપ;*
*કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પસ્વરૂપ."*
(શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર - ગાથા ૧૨૨)

પ્રભુ શુદ્ધ નિશ્ચયનયથી પોતાના જ્ઞાનાદિ ગુણોના પરિણમનરૂપ પર્યાયના કર્તા છે. ભવ્ય જીવોના કલ્યાણમાં પ્રભુ ઉદાસીનપણે નિમિત્તરૂપે વ્યવહારનયથી કર્તા છે. આમ, પ્રભુ પરદ્રવ્યનું કંઈ પણ ન કરવારૂપ નિષ્ક્રિય હોવા છતાં સ્વરૂપની મસ્તીના કર્તા-ભોક્તા છે. **(૪) સંત :** "શાંતિ પમાડે તેને તો સંત કહીએ" અને "શાંતિ પામ્યા છે તેને તો સંત કહીએ." પ્રભુ તો સ્વયં પરમોત્કૃષ્ટ શાંત દશામાં સ્થિત છે ને પ્રભુના દર્શનથી બીજા જીવો પણ શાંતિ પામે છે. માટે પ્રભુ સંતોના પણ સંત છે. **(૫) અજેય :** પ્રભુ સકળ રાગ-દ્વેષના વિજેતા છે તેમજ સર્વ કર્મોનો નાશ કરી કોઈથી જીતી ન શકાય એવા 'અજેય' થયા છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે કે દશ લાખ સુભટને જીતનાર કંઈક પડ્યા છે, પરંતુ સ્વાત્માને જીતનાર બહુ દુર્લભ છે. (શ્રીમદ્ રાજચંદ્ર મોક્ષમાળા - ૬૮). કર્મશત્રુને હરાવી સ્વાત્માને જીત્યો હોવાથી પ્રભુ 'અજેય' છે. **(૬) અનંત :** પ્રભુ અનંત શુદ્ધ ગુણોના ધારક, અનંત કાળ માટે તેનો ભોગવટો કરનાર છે. આમ, અવિનાશી શાશ્વતપણું હોવાથી પ્રભુને 'અનંત' કહ્યાં. હવે આગળ બીજા સાત ગુણોનું ગણિશ્રી દર્શન કરાવે છે :

**અગમ અગોચર અમર તું,**
**અન્વય ઋદ્ધિસમૂહ હો જિનજી,**
**વર્ણ ગંધ રસ ફરસ વિણુ,**
**નિજ ભોક્તા ગુણવ્યૂહ હો. જિ.શ્રી૦૩**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! આપ અગમ, અગોચર અને અમર છો. જ્ઞાનાદિ અન્વય ગુણોના સમૂહરૂપ રિદ્ધિના ધારક છો. સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ - આ પુદ્ગલના ગુણોથી રહિત છો. આપ નિજ શુદ્ધ સ્વરૂપના ભોક્તા છો અને આપ ગુણોના પુંજ છો. (અગમ = ગમ ન પડે તેવું, બુદ્ધિમાં ન આવે તેવું; અગોચર = જે ઇન્દ્રિયગમ્ય નથી તેવું; અમર = મરણ રહિત; અન્વય ઋદ્ધિ = આત્મા સાથે ત્રિકાળ રહેતી સ્વભાવગત ગુણસંપત્તિ; ફરસ = સ્પર્શ; ગુણવ્યૂહ = ગુણનો પુંજ, ગુણોની રચના)

**વિશેષાર્થ :** અહીં દર્શાવેલ ગુણોને આપણે ક્રમશઃ જોઈએ. (૧) હે પ્રભુ ! આપનું સ્વરૂપ **અગમ્ય** છે અર્થાત્ બુદ્ધિથી કે ક્ષયોપશમ જ્ઞાનથી સમજી શકાય તેવું નથી. તેથી જ આપના દર્શન કરતાવેંત અમારો બુદ્ધિનો અહંકાર તૂટી જાય છે અને અમારું મસ્તક આપના ચરણે ઝૂકી જાય છે. અરે, શ્રીમદ્ રાજચંદ્રજીની શતાવધાન આદિ શક્તિ પણ અમારી સમજની બહાર છે, તો આપનું કેવળજ્ઞાન તો અગમ્ય જ હોય ને ! (૨) બીજું, આપનું વીતરાગી સ્વરૂપ **અગોચર** અર્થાત્ અમારી ઇન્દ્રિયો દ્વારા જાણી ન શકાય તેવું છે. પ્રભુના સમવસરણમાં અનેક કેવળી ભગવંતો પણ બિરાજે છે. પણ આપણી સ્થૂળ નજરમાં તો તેઓ કોઈ શાંત મુનિ ભગવંત જેવા જ લાગે. આપણી ઇન્દ્રિયો તો માત્ર તેમના બાહ્ય સ્વરૂપને જ જોઈ શકે. તેમનું અંતરંગ કેવળી તરીકેનું સ્વરૂપ તો અગોચર છે અથવા કેવળીગમ્ય જ છે. (ખરેખર તો આપણું આત્મસ્વરૂપ જ અગમ્ય અને અગોચર છે. જે કોઈ મહાભાગ્યને સદ્ગુરુ અનુગ્રહે 'અનુભવગોચર' થાય છે. તેથી શ્રીમદ્જી કહે છે, "આત્મ સ્વભાવ અગમ્ય તે અવલંબન આધાર; જિનપદથી દર્શાવિયો તેહ સ્વરૂપ પ્રકાર." તો શ્રી આનંદઘનજી કહે છે, "નિશાની કહાં બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ") (૩) આયુકર્મનો ક્ષય કરી આપ જન્મ-જરા-મૃત્યુથી મુક્ત એવા સિદ્ધપદે બિરાજો છો તેથી આપ **અમર** છો. (૪) આપ **અન્વય** ગુણોરૂપી રિદ્ધિના ધારક છો. જે ગુણો આત્મામાં ત્રિકાળ રહે, જે ગુણો પરમાત્મા બન્યા પહેલાં પણ હતા અને પછી પણ છે, તેને અન્વય ગુણ કહેવાય છે. જેમ કે જ્ઞાન, દર્શન આદિ. પરંતુ જે ગુણો પહેલાં નહોતા અને પછી પુરુષાર્થ દ્વારા પ્રગટ થયા, તેને વ્યતિરેક ગુણ

કહેવાય છે. જેમ કે, વીતરાગતા, સર્વજ્ઞતા આદિ. આવા આવા અન્વય તેમ જ વ્યતિરેક ગુણોના સમૂહરૂપ રિદ્ધિના ધારક પરમાત્મા છે. **(૫)** આપ સિદ્ધ અવસ્થામાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ ધરાવતા પૌદ્‌ગલિક શરીરથી સંપૂર્ણપણે મુક્ત થઈ અરૂપી, અમૂર્ત નિકલ પરમાત્મા થયા છો. આવી પરમ પવિત્ર દશાનું વર્ણન કરતાં શ્રીમદ્ રાજચંદ્રજી 'અપૂર્વ અવસર' કાવ્યમાં જણાવે છે :

*એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,*
*પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;*
*શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,*
*અગુરુલઘુ અમૂર્ત સહજપદરૂપ જો. અપૂર્વ.*

હે પ્રભુ, આપનું આવું અરૂપી, અશરીરી માત્ર પરિપૂર્ણજ્ઞાનના પીંડરૂપ સ્વરૂપ અમારા રૂપાતીત ધ્યાનમાં પરમ અવલંબનરૂપ છે.

(૬) આપનો **ગુણવ્યૂહ** : અનંત ગુણોના પુંજની વ્યૂહરચના એવા પ્રકારે અકબંધ ગોઠવાયેલી છે કે આત્માના પ્રદેશે પ્રદેશે અનંત શુદ્ધ ગુણો ! અને તેથી કર્મો રૂપી મહાશત્રુ હવે કદાપિ પ્રભુના આત્મામાં ઘુસી નહીં શકે !

શ્રી અમિતગતિ આચાર્ય 'સામાયિક પાઠ' - ગાથા - ૧૮-ભાવાનુવાદમાં કહે છે તેમ -

*સ્પર્શ તલભાર તિમિર કેરો, થાય નહિ જ્યમ સૂર્યને,*
*ત્યમ દુષ્કલંકો કર્મનાં, અડકી શકે નહિ આપને.*

(૭) આવા શુદ્ધ ગુણોના પુંજની સંપત્તિના આપ સ્વયં **ભોક્તા** છો. આપ અરિહંત પદે હતા ત્યારે ઉપદેશ આપતા, વિહાર કરતા પરંતુ આત્મા તો નિજસ્વરૂપમાં જ રમણતા કરી અનંત ગુણોની અનંત પર્યાયનો જ ભોક્તા રહેતો. આપ સર્વ પદાર્થના જ્ઞાતા છો પણ ભોક્તા તો નિજસ્વરૂપના જ છો.

હવે શ્રી દેવચંદ્રજી અંતરાય કર્મના ક્ષયથી પ્રભુમાં કેવા ગુણો પ્રગટ્યા છે તે કહે છે :

**અક્ષય દાન અચિંતના,**
**લાભ અયત્ને ભોગ હો જિનજી,**
**વીર્ય શક્તિ અપ્રયાસતા,**
**શુદ્ધ સ્વગુણ ઉપભોગ હો. જિ.શ્રી૰ ૪**

**શબ્દાર્થ :** હે પ્રભુ ! આપ અક્ષયદાની છો. આપને ચિંતન કર્યા વિના જ અનંત લાભ થાય છે. આપ કોઈ પ્રયત્ન વિના જ અનંત ગુણોનો પર્યાયમાં ભોગવટો કરો છો. આપની વીર્યશક્તિ કોઈ પ્રયાસ વિના જ સ્ફૂરે છે અને આપ શુદ્ધ ગુણોનો સદા ઉપભોગ કરો છો.

**વિશેષાર્થ :** પ્રભુને અંતરાય-ઘાતીકર્મના ક્ષયથી જે પાંચ લબ્ધિ પ્રગટી છે તેનો અહીં નિર્દેશ કર્યો છે :

(૧) દાનાંતરાય કર્મના ક્ષયથી અનંત દાનલબ્ધિ
(૨) લાભાંતરાય કર્મના ક્ષયથી અનંત લાભલબ્ધિ
(૩) વીર્યાંતરાય કર્મના ક્ષયથી અનંત વીર્યલબ્ધિ
(૪) ભોગાંતરાય કર્મના ક્ષયથી અનંત ભોગલબ્ધિ
(૫) ઉપભોગાંતરાય કર્મના ક્ષયથી અનંત ઉપભોગલબ્ધિ.

આ પાંચેય લબ્ધિ ક્ષાયિકભાવે અર્થાત્ અંતરાય કર્મના સંપૂર્ણ ક્ષયથી પ્રગટી હોવાથી તેનો સંબંધ માત્ર પ્રભુના શુદ્ધ સ્વરૂપ સાથે છે, જેને શ્રી દેવચંદ્રજી પોતાની મૌલિકતાથી રજૂ કરે છે :

**(૧) અક્ષયદાન :** પ્રભુનું દ્રવ્ય પ્રતિ સમય પર્યાયને અનંત સુખનું દાન કરે છે અને તે અક્ષયપણે અનંતકાળ સુધી કરતું રહેશે તેથી 'અક્ષયદાન'.

**(૨) અચિંતના લાભ :** પ્રભુની પર્યાયને કંઈ પણ ચિંતન કે ઇચ્છા કર્યા વિના નિર્વિકલ્પપણે અનંત આનંદનો લાભ પ્રતિસમય પ્રાપ્ત થયા કરે છે, તે છે 'અચિંતના લાભ' રૂપી અનંત લાભલબ્ધિ.

**(૩) વીર્ય શક્તિ અપ્રયાસતા :** કંઈ પણ પ્રયાસ વિના, સહજ સ્વભાવથી જ પ્રભુને અનંત વીર્ય એવું ઉલ્લસિત થયું છે કે અનંતકાળ સુધી જ્ઞાનાનંદમય

દશામાં રહેવા છતાં તેમની શક્તિ ક્ષીણ થતી નથી તેમ જ તે એક જ પ્રકારના શુદ્ધ પરિણમનથી થાકતી નથી. એટલું જ નહિ, તે અનંત ગુણોને અનંતકાળ અખંડપણે ટકાવી રાખે છે. આ છે અનંત વીર્યલબ્ધિ.

**(૪-૫) અયત્ને ભોગ / શુદ્ધ સ્વગુણ ઉપભોગ :** જે વસ્તુને એક જ વારમાં ભોગવી લેવાય છે તેને 'ભોગ' કહે છે. જેમ કે ભોજન. જે વસ્તુને વારંવાર ભોગવી શકાય છે તેને 'ઉપભોગ' કહે છે. જેમ કે, ટી.વી., કાર, વસ્ત્ર, આદિ. પ્રભુને તો આવા પૌદ્‌ગલિક ભોગ-ઉપભોગ સાથે કોઈ સંબંધ નથી. પ્રભુને તો અનંત ભોગલબ્ધિ છે, જેનાથી તેઓ અનંત ગુણોને પ્રતિસમય 'અયત્ને' વિના પ્રયત્ને પર્યાયમાં ભોગવે છે અને એ રીતે અનંતકાળ ભોગવતા રહેશે. વળી, સમયે સમયે શુદ્ધ સ્વગુણોનો **તેવા જ પ્રકારનો** ભોગવટો **વારંવાર** કરી રહ્યાં છે, તે છે પ્રભુની અનંત ઉપભોગલબ્ધિ.

આપણને (છદ્મસ્થ જીવોને) તો અંતરાય કર્મનો માત્ર ક્ષયોપશમ હોય છે, જેનાથી જે કંઈ લાભ, ભોગ, ઉપભોગ કે શક્તિ પ્રાપ્ત થાય છે કે દાન દેવાય છે તે મુખ્યપણે પૌદ્‌ગલિક અને ક્ષણિક હોય છે. તે પ્રભુની ઉપરોક્ત લબ્ધિઓ સામે કેટલું ક્ષુલ્લક અને તુચ્છ છે તે સમજતાં આપણો રહ્યો-સહ્યો અહંકાર પ્રભુના અનંત સામર્થ્ય સામે ઝૂકી જાય છે.

આપણા સૌ માટે એક સાનંદાશ્ચર્યકારક ઘટના એ છે કે પરમકૃપાળુદેવ શ્રીમદ્‌ રાજચંદ્રજીએ પ્રભુને અંતરાય કર્મના ક્ષયથી પ્રગટતી પાંચ લબ્ધિનું સ્વરૂપ અદ્‌ભુત મૌલિકતાથી શ્રી વચનામૃત પત્રાંક-૯૧૫માં વિસ્તારથી સમજાવ્યું છે. સૌ આત્મલક્ષી સાધકોને ખાસ ભલામણ છે કે તેનો અવશ્ય અભ્યાસ કરે, તો આ વિષયમાં ઘણું સ્પષ્ટીકરણ થશે. આગળની ગાથાઓનું વિવરણ યથા અવસરે. **(ક્રમશઃ)**

## પુસ્તક સમાલોચના

**- મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

**[૧]** પુસ્તકનું નામ : **શ્રીમદ્‌ રાજચંદ્ર વચનામૃતજી શબ્દરત્નકોશ**

**સંપાદિકા :** આદ.શ્રી સુધાબેન શેઠ

**પૃષ્ઠ સંખ્યા :** ૮૪૨ ● **આવૃત્તિ :** દ્વિતીય (૫૦૦૦ પ્રત) ● **મૂલ્ય :** પડતરકિંમત રૂ. ૨૫૦/-

**પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :** શ્રીમદ્‌ રાજચંદ્ર આશ્રમ, બાંધણી, ગુજરાત - ૩૮૮૪૧૦.

ફોન : ૯૯૯૮૨ ૮૯૦૧૫, ૯૮૯૮૦ ૮૮૬૦૮

ઘણા સમયના અવિરત પુરુષાર્થ બાદ શ્રીમદ્‌ રાજચંદ્ર વચનામૃતજીમાંથી ૧૫ હજાર જેટલા શબ્દના અર્થનું, સંસ્કૃત વ્યુત્પત્તિનું, સંદર્ભનું, તિથિમાંથી તારીખના રૂપાંતરણના મહાન કાર્યરૂપે આદ.શ્રી સુધાબેન શેઠે આ શબ્દરત્નકોશનું સંપાદન અને પ્રકાશનકાર્ય કરીને મુમુક્ષુજગત પર મોટો ઉપકાર કર્યો છે. શબ્દના અર્થમાં પર્યાય શબ્દો મૂકવામાં આવ્યા છે. જે તે સંદર્ભગ્રંથ, પુસ્તક, કાવ્ય, કૃતિ વિષે ટૂંકમાં વિગત આપવામાં આવી છે. જૈન પારિભાષિક શબ્દો ઉપરાંત વેદાંતની પરિભાષાના શબ્દો પણ આવરી લેવાયા છે. આ કોશ VCD - DVD રૂપે પણ ઉપલબ્ધ છે. સંશોધિત - સંવર્ધિત દ્વિતીય આવૃત્તિમાં ૫૦૦ થી ૭૦૦ શબ્દ ઉમેર્યા છે અને પરમકૃપાળુદેવે જેમને પત્રો લખેલા તે બડભાગી મુમુક્ષુઓનાં ચિત્રપટો મૂક્યાં છે. શ્રી વચનામૃતજીના અધ્યયન દરમિયાન તેમાં આવતાં અઘરા પારિભાષિક શબ્દોને સમજવા માટે આ કોશ બહુ ઉપયોગી સાબિત થાય તેમ છે.

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)
(ક્રમાંક - ૧૪)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

## અતિથિસંવિભાગ શિક્ષાવ્રત

● **સ્વરૂપ :**

જેમનો આવવાનો દિવસ નક્કી ન હોય તેને અતિથિ કહે છે. પોતાના હિસ્સામાંથી સમાનરૂપે ભાગ કરીને અતિથિ માટે કાઢવો તે સંવિભાગ કહેવાય છે. અહીં અતિથિનો અભિપ્રાય મુખ્યરૂપથી રત્નત્રયધારી મુનિથી છે તથા સંવિભાગનો આશય આહાર, ઔષધ, ઉપકરણ (જ્ઞાન તથા અહિંસા પાલનમાં સહાયક) તથા વસતિકા (આવાસ) થી છે. અર્થાત્

**"શ્રાવક દ્વારા પોતાના સ્વામિત્વવાળી વસ્તુઓમાંથી રત્નત્રયધારી મુનિઓ આદિ અતિથિઓ માટે સ્વ-પરના કલ્યાણના અભિપ્રાયથી ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક યથાશક્તિ આહારાદિનું દાન કરવું તે અતિથિસંવિભાગવ્રત કહેવાય છે."**

દરરોજ નિયમથી અતિથિ માટે કંઇને કંઇ કાઢવું, ચાહે અતિથિ આવે કે ચાહે ન આવે એવું આ વ્રતનું અંતરંગ લક્ષણ છે. સમ્યગ્દર્શન આદિ ગુણોના ભંડાર ગૃહત્યાગી, તપરૂપધનથી યુક્ત મુનિઓને યોગ્ય વિધિ, દ્રવ્ય આદિ સંપત્તિ અનુસાર પ્રતિદાન અને મંત્રલાભ આદિ પ્રતિઉપકારની અપેક્ષા વિના રત્નત્રય ધર્મની વૃદ્ધિ માટે આહારાદિનું દાન આપવું તેને અતિથિસંવિભાગ અથવા વૈયાવૃત્ય શિક્ષાવ્રત કહે છે.

આ વ્રતમાં દાતાર સાત ગુણોથી યુક્ત થઇને ચાર પ્રકારે દાન આપે છે. શ્રદ્ધા, સંતોષ, ભક્તિ, જ્ઞાન, નિર્લોભતા, ક્ષમા અને સત્ત્વ (શક્તિ) આ સાત દાતારના ગુણો છે. આવા દાતાર યોગ્ય પાત્રને આહાર, ઔષધ, ઉપકરણ તથા વસતિકાનું દાન આપે છે. આ અતિથિસંવિભાગ શિક્ષાવ્રતનું સ્વરૂપ છે તથા તે દાનમાં વિધિવિશેષ, દ્રવ્યવિશેષ, દાતાવિશેષ અને પાત્રવિશેષથી વિશેષતા હોય છે. પડ્ગાહન, ઉચ્ચાસન, પાદ પ્રક્ષાલન, પૂજન, પ્રણામ, મનશુદ્ધિ, વચન શુદ્ધિ, કાય શુદ્ધિ, આહાર શુદ્ધિ આ પ્રકારે નવધા ભક્તિ પૂર્વક આપવું તે **'વિધિ વિશેષ'** છે.

● **દ્રવ્ય વિશેષ :**

જે સ્વાધ્યાય, ધ્યાન આદિ તપમાં સહાયક હોય એવા આહારાદિને દ્રવ્ય વિશેષ કહે છે.

● **દાતાવિશેષ-પાત્ર વિશેષ :**

સાતગુણોથી યુક્ત દાતાને દાતાવિશેષ કહે છે. ખાંડણિયામાં અનાજ ખાંડવુ, ચક્કીમાં દળવું, ચૂલો સળગાવવો, પાણી ભરવું, કચરો વાળવો આ પાંચ સુના ક્રિયાઓ તથા આરંભ પરિગ્રહથી રહિત રત્નત્રયધારી મુનિ પાત્ર વિશેષ કહેવાય છે. તેઓ **'ઉત્તમ પાત્ર'** કહેવાય છે. દેશવ્રતી શ્રાવક મધ્યમપાત્ર તથા અવિરત સમ્યક્દૃષ્ટિ જઘન્ય પાત્ર મનાય છે. સમ્યક્ત્વ (અંતરંગતત્ત્વશ્રદ્ધાન) રહિત મહાવ્રતી અને દેશવ્રત કુપાત્ર મનાય છે; તથા સમ્યકત્વ અને બાહ્યચારિત્ર બંન્નેથી રહિત અપાત્ર કહેવાય છે. સત્પાત્રોને **'ભક્તિપૂર્વક'** દાન આપવું જોઇએ. કુપાત્રોને પરંપરા પોષણ અને વ્યવહારધર્મ ચલાવવા માટે **'વાત્સલ્ય બુદ્ધિથી'** દાન આપવું જોઇએ તથા અપાત્રોને જીવદયાના ભાવથી **'કરુણા બુદ્ધિથી'** દાન આપવું જોઇએ.

## અતિથિસંવિભાગવ્રતના અતિચાર

**"सचित्तनिक्षेपापिधानपरव्यपदेशमात्सर्यकालातिक्रमाः ॥"**

અર્થાત્ સચિત્તનિક્ષેપ, સચિત્તાપિધાન, પરવ્યપદેશ, માત્સર્ય અને કાલાતિક્રમ આ પાંચ અતિથિસંવિભાગવ્રતના અતિચાર છે.

(૧) **સચિત્ત નિક્ષેપ :-** સચિત્ત કમળપત્ર, કેળાના પાન આદિમાં રાખેલ આહાર દેવો તે સચિત્ત નિક્ષેપ અતિચાર કહેવાય છે. આમાં શ્રાવકના નિમિત્તે અન્ય પાત્રને સચિત્તાદિની હિંસાનો દોષ લાગે છે તથા પોતાને પણ અયત્નાનો દોષ લાગે છે માટે આને અતિચાર મનાયો છે.

(૨) **સચિત્તાપિધાન :-** સચિત્તનો અર્થ જીવ સહિત થાય છે તથા અપિધાનનો અર્થ ઢાંકવું થાય છે અર્થાત્ સચિત્ત પત્તા આદિથી ઢાંકેલા આહારને આપવો સચિત્તાપિધાન અતિચાર કહેવાય છે. આમાં પણ પાત્રના અહિંસાવ્રતની રક્ષા ન કરવા તથા પોતાના પ્રમાદને લીધે થતા દોષના કારણે તેને અતિચાર માનવામાં આવ્યો છે.

(૩) **પરવ્યપદેશ :-** અન્યની વસ્તુનું પોતે દાન કરવું તથા પોતાની વસ્તુનું પોતાની કાર્યવ્યસ્તતા કે અનુત્સાહને લીધે અન્ય પાસે દાન કરાવવું તે પરવ્યપદેશ અતિચાર કહેવાય છે. બન્ને પરિસ્થિતિઓમાં પ્રમાદસેવનને લીધે તેને અતિચાર માન્યો છે. **"પાત્રદાન, જિનપૂજા અને ગુરુસેવા"** આ ત્રણ કાર્ય પોતાના દ્વારા કરવાથી જ ફલિત થાય છે. કોઇ મનુષ્ય અપંગ, વિકલાંગ કે તેને રોગ થાય ત્યારે તે સ્વયં પશ્ચાત્તાપપૂર્વક અન્ય દ્વારા પોતાનું અભિષ્ટ દાન કરાવડાવે તો તેને તે દાનનું યથોચિતફળ તેના ભાવાનુસાર મળે છે પરંતુ સામર્થ્ય હોવા છતાં પણ પોતે પ્રમાદને વશ થઇ અન્યો પાસે દાન કરાવડાવે તો તેનું ફળ અતિ અલ્પ મળે છે. સામર્થ્ય હોવા છતાં પણ પોતે કરવાનું દાન બીજા પાસે કરાવડાવે તેને દાનના પ્રભાવથી ભોગસામગ્રીનો સંયોગ તો થાય છે પરંતુ તેનો ભોક્તા તે સ્વયં ન થતા અન્ય જ થાય છે. જેમ કે કોઇએ અન્ય પાસે પોતાનું દાન કરાવીને રાજ્ય પ્રાપ્ત કર્યું પરંતુ તે રાજ્યનો ભોક્તા તે ન થઇને તેનો પુત્રાદિ થાય છે. આશય એ છે કે દાન, પૂજા આદિ પોતે જ ઉત્સાહપૂર્વક કરવા જોઇએ. પોતે દાન કરવાથી ભોગસામગ્રી તથા તેને ભોગવવાની શક્તિ બન્નેની પ્રાપ્તિ તેને થાય છે.

(૪) **માત્સર્ય :-** પાત્ર તથા અન્યદાતા બન્ને પ્રત્યે ઈર્ષ્યાભાવથી યુક્ત થઇને દાન આપવું તે માત્સર્ય અતિચાર કહેવાય છે. **શું કરીએ અમે તો ગૃહસ્થ છીએ એટલે અમારે તો આપવું જ પડે, જો હું પણ મુનિ હોત તો આજ મારે કોઇને દાન આપવા માટે આટલો શ્રમ કરવો પડત નહીં. ઉલટા, અન્ય લોકો મને એમના જેમ ભક્તિથી દાન દેત, એવા વિચાર સાથે પાત્ર પ્રત્યે અહોભાવ તથા ભક્તિ ન હોઇને અનાદર તથા ઈર્ષ્યાભાવથી યુક્ત થઇને દાન આપવું તે પાત્ર પ્રત્યે માત્સર્ય કહેવાય છે. પોતાના પાડોશીએ ચોકામાં (રસોઇઘરમાં કે જેમાં મુનિઓ માટે શુદ્ધ આહાર બન્યો હોય) ઘણા વ્યંજન બનાવ્યા છે તે બધો તો દેખાડો છે, સાધુઓને તો સાદગીયુક્ત આહાર આપવો જોઇએ, તે તો માત્ર લોકો ને દેખાડવા કરે છે, એવા વિચાર કરીને તેની દાનશક્તિ તથા ભક્તિથી મત્સરભાવ ઉત્પન્ન થવો તે દાતા પ્રત્યે માત્સર્ય કહેવાય છે.** માત્સર્યભાવ યુક્ત થઇ આપવું તે પણ ન આપ્યા બરાબર જ છે ઉલટો તે પાપનો બંધ કરાવે છે.

(૫) **કાલાતિક્રમ :-** ભિક્ષાકાળને છોડીને અન્ય સમયે અર્થાત્ કવેળા (અકાળ) માં દાન આપવું

તે કાળાતિક્રમ છે. સૂર્યોદયની ત્રણ ઘડી પછી, સૂર્યાસ્તની ત્રણ ઘડી પૂર્વ તથા બપોરે સામાયિકની બે કે ચાર ઘડી ટાળીને દિવસનો બાકી સમય ભિક્ષાકાળ હોય છે. આટલા સમયને છોડીને ભિક્ષુક જ્યારે પણ દિવસમાં આહારચર્યા માટે નીકળે તે ભિક્ષાકાળ માનવામાં આવે છે. ઉપરોક્ત (અકાલ) અસમય તથા રાત્રિ આદિમાં દાન આપવાથી દાતા અને પાત્ર બન્નેના અન્ય વ્રતોનો પણ ભંગ થઇ જાય છે; માટે તેને અતિચાર માન્યો છે. રોગના સમયે ઔષધિ ન આપતા સ્વસ્થ થઇ જાય તે પછી આપવી, આવશ્યકતા ન હોવા છતાં પણ પિચ્છી, કમંડલ, શાસ્ત્રાદિ આપવા, ઘોર વર્ષા, ભીષણ ગરમી તથા તીવ્ર ઠંડી આદિના સમયે વસતિકા ન આપવી અને અન્ય સમયે જ્યારે આવશ્યકતા ન હોય ત્યારે આપવી તે બધા પણ કાલાતિક્રમ અતિચારમાં આવે છે. **"આશય એ છે કે જે નિરતિચારરૂપે યોગ્ય પાત્રોને યોગ્ય દાન, ભક્તિ તથા ઉત્સાહપૂર્વક નિષ્કામભાવથી કરે છે તે સંસારના બધા ઈન્દ્રિયસુખોને ભોગવતો પોતે જ ઉત્તમપાત્ર બનીને એક દિવસ પોતાની સ્વરૂપ સંપદાને ભોગવે છે."**

પૂર્વોક્ત પ્રકારે આપણે શ્રાવકની મૂળ ઓળખાણ દ્વાદશવ્રત તેની મધ્યમ વિસ્તારથી વિચારણા કરી. હવે, શ્રાવક અવસ્થામાં જ ઉત્તરોત્તર ગુણવત્તા વૃદ્ધિની અવસ્થાઓની વિચારણા કરીશું, જે અંતમાં મુનિપદમાં સ્થિર કરાવે છે. તેને આગમમાં શ્રાવકની પ્રતિમાઓના રૂપમાં જાણવામાં આવે છે.

• • •

## મહાવીર જન્મકલ્યાણકના પુણ્ય પર્વે

**(પાના નં. ૨૯ પરથી ચાલુ...)**

છે. અનંતા પુણ્યના ઉદયે જીવનમાં જે જે અનુકૂળતાઓ મળી છે તેનો લાભ લઈને આપણા અંતરમાં ત્યાગ, વૈરાગ્ય, પાપભીરુતા અને વિનય-વિવેક વધારવાના છે. આપણો આત્મા જે વિભાવદશામાં ચાલ્યો ગયો છે તેને સ્વભાવમાં લાવવાનો છે. સમ્યક્ શ્રદ્ધા - સમ્યગ્દર્શનનો દીપક પ્રગટાવી વહેલા વહેલા મુક્તિમંજિલ મેળવવી એ જ આપણું લક્ષ્ય હોવું જોઈએ. આથી આ અપૂર્વ અવસરે એવો સંકલ્પ કરીએ કે માત્ર ભગવાનના વચનો ગમે છે એટલું જ નહિ પરંતુ તેને જીવનમાં ઊતારવામાં જ મારા આત્માનો વિકાસ રહેલો છે. માટે ભગવાન જેવા બનવાનો પ્રયત્ન એ જ મારા જીવનનું ધ્યેય બની રહેશે. કોઈ કવિએ એટલે જ કહ્યું છે ...

જૈની કા જીવન કૈસા હો, પ્રભુને હૈ સમજાયા,
આદર્શો કા પુંજ બને હમ, પ્રભુ ને હૈ બતલાયા,
પ્રભુ કી હર બાતો કા હમ કો, ધ્યાન રખના હૈ.
**મહાવીર કે ભક્તો કો, બસ ઈતના કહના હૈ.**
સબ જીવોં સે મૈત્રી ભાવ હો, સાતા ઊપજાએં,
ગુણિયોં કે ગુણ દેખ-દેખ, ગુણવાન બન જાએ,
દુર્વ્યસનોં કો છોડ હમેં, સત્સંગ મેં રહના હૈ.
**મહાવીર કે ભક્તો કો...**
પુણ્ય પાપ કે ઉદય સે હી, સુખ-દુઃખ આતે હૈ,
ધર્મ સાધના કરને સે સબ, દુઃખ ટલ જાતે હૈ,
ઊંચ-નીચ આયે જીવન મેં, સમભાવ રખના હૈ.
**મહાવીર કે ભક્તો કો...**

### ચિંતન

**પાણીને આપણે ઢાળ આપીએ છીએ કે પંપ, એના આધારે જો પાણીની અધોગતિ કે ઊર્ધ્વગતિ નક્કી થાય છે તો આપણી જાતને આપણે અશુભ આલંબન (નિમિત્ત) આપીએ છીએ કે શુભ, એના આધારે આપણું અધઃપતન કે ઊર્ધ્વગમન નક્કી થાય છે.**

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૩૮)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## ભયભંજક પ્રભુ આશ્રય
## ૬. પરાજય ભયભંજક

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**कुन्ताग्रभिन्न गजशोणित वारिवाह –**
**वेगावतार तरणातुर योध भीमे ।**
**युद्धे जयं विजित दुर्जय जेय पक्षा –**
**स्त्वपादपंकजवनाश्रयिणो लभन्ते ॥४३॥**

● **શબ્દાર્થ :** कुन्त - ભાલો (તેના), अग्र - અગ્રભાગ (વડે), भिन्न - ભેદાયેલા (એવા), गज - હાથીઓ (ના), शोणित - લોહીરૂપી, वारिवाह - જલપ્રવાહ (તેને), वेग - વેગથી, ઝડપથી, अवतार - પ્રવેશવામાં, ઉતરવામાં, तरण - તરવામાં, आतुर - આતુર, વ્યાકુળ (એવા), योध - સુભટો (વડે), भीमे - (એવા) ભયંકર, युद्धे - યુદ્ધમાં, जयं - જય, વિજય, विजित - જીતી લીધો છે જેણે, दुर्जय - મુશ્કેલીથી જીતાય એવા, जेय - એવો જે, पक्ष - તે, जेय पक्ष - શત્રુપક્ષ, त्वत् - તમારા, पाद - ચરણ, पंकज - (ચરણરૂપી) કમળ, वन - સમૂહ, आश्रयिणो - આશ્રય કરનાર (લેનાર), लभन्ते - (વિજય) પામે છે.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**ભોંકાતા જ્યાં કરિ શરીરમાં, લોહીધારા વહે છે,**
**તેમાં મ્હાલી અહીં-તહીં અહા ! સૈનિકો તો રહે છે;**
**એ સંગ્રામે નવ રહી કદી, જીત કેરી નિશાની,**
**લીધું જેણે શરણ તુજ તો, હાર હોયે જ શાની ?(૪૩)**

● **ભાવાર્થ :** ભાલાની અણીથી વિંધાયેલા હાથીઓના લોહીરૂપી જળપ્રવાહમાં ઝડપથી ઉતરીને તરવાને આતુર એવા સુભટો (યોદ્ધાઓ)થી ભયંકર બનેલા યુદ્ધમાં પણ, જેઓ તમારા ચરણકમળરૂપી વનનો આશ્રય લે છે તેઓ દુર્જય એવા શત્રુપક્ષને જીતી લઈને વિજયને પામે છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** માનતુંગાચાર્યે પૂર્વશ્લોક (૪૨)માં યુદ્ધના અંતની વાત કરી પરંતુ તે જાણે પર્યાપ્ત ન હોય તેમ, યુદ્ધનો અંત થયા પછી વિજેતાને વિજયની વરમાળા અર્પણ ન થાય તો યુદ્ધનો વિજય અપૂર્ણ રહી જાય છે. તે કામ આ શ્લોક (૪૩)માં પૂરું કરે છે. શ્લોક - ૪૨માં શત્રુના નાશનું ધ્યેય હતું. આ શ્લોક - ૪૩માં યુદ્ધમાં વિજયનું ધ્યેય છે.

આઠ મુખ્ય કર્મોથી પીડાતા જીવોની સમસ્યા સંસારના વિવિધ આઠ પ્રકારના ભયથી વર્ણવી હોય તેવું અનુમાન થઈ શકે છે. પરમાત્માનું સંકીર્તન કર્મજન્ય કલેશોથી સંરક્ષણ આપે છે અને આત્મલક્ષી દૃષ્ટિ હોય તો કલેશોના મૂળમાં રહેલા પાપકર્મોનો પણ નાશ કરે છે.

પૂર્વકાળમાં શસ્ત્ર-અસ્ત્રની લડાઈઓ થતી. બાહુબળ અને તલવાર આદિ શસ્ત્રના બળથી યોદ્ધાઓ પોતાનું પરાક્રમ પ્રગટ કરતા હતા. આજના કમ્પ્યૂટર-વૈજ્ઞાનિક યુગમાં શસ્ત્રની લડાઈ નથી પરંતુ સર્વનાશ કરી શકે તેવા અણુ-પરમાણુ-અવકાશી સરંજામ છે ! તે કાળમાં યોદ્ધાઓ અને રાજાઓ હાથી, ઘોડા અને રથનો ઉપયોગ કરી પ્રત્યક્ષ સામ-સામે લડીને પ્રચંડ ભયાનક યુદ્ધ કરતા હતા. આ શ્લોકમાં તેવા શસ્ત્રયુદ્ધ અને અશ્વ-હાથી દ્વારા થતા યુદ્ધનું ચિત્ર અંકિત કર્યું છે.

જુઓ તો ખરા ! હિંસા કેટલી આંધળી હોય છે ! યોદ્ધા ઉપર પ્રહાર કરવા માટે તેના અશ્વને કે હાથીને ભાલાથી વીંધી નાખે છે. બાપડા અશ્વ કે

હાથીએ કોઈ પાપ કર્યું નથી (વર્તમાનમાં નથી કર્યું, બાકી આગળ કરેલ પાપનું જ આ વર્તમાન ફળ-વિપાક છે). તે ઘોડા કે હાથીને લડાઈ જીતવાનો કોઈ મનોરથ નથી અને આવા નિર્દોષ પ્રાણીઓ વાહન બનીને યોદ્ધાનો અને મનુષ્યનો ઉપકાર કરે છે. તેમ છતાં તે જ પ્રાણીઓ શસ્ત્ર-ભાલાનો શિકાર બને છે.

અહીં કવિશ્રી કહે છે કે ભાલાના તીક્ષ્ણ અગ્રભાગના પ્રહારો દ્વારા જેના શરીર છેદાઈ-ભેદાઈ ગયા છે તેવા હાથી કે ઘોડાના લોહીથી પાણીના રેલા જેવો પ્રવાહ વહેવા લાગે છે, જાણે કે એક પ્રકારની લોહીની નદી વહે છે. આ કાંઈ જેવી તેવી નદી નથી. લોહીનો પ્રવાહ એટલો બધો છે કે તેમાં લડનારા સુભટો તણાઈ રહ્યા છે. કેટલાક તરીને બહાર નીકળી જવા માટે આતુર-વ્યાકુળ છે. યુદ્ધની ભયંકરતા દર્શાવવા માટે કવિએ અહીં લોહીની નદીનો અવાસ્તવિક અલંકાર વાપરેલ છે. માનતુંગાચાર્યે શ્લોકમાં भीम શબ્દનો પ્રયોગ કરીને યુદ્ધની ખુંખારતા પ્રદર્શિત કરી છે.

આવા ભીષણ યુદ્ધમાં રાજાઓ હારી રહ્યા છે, પરાજય પામવાની અણી ઉપર છે, વિજયની કોઈ આશા દેખાતી નથી, दुर्जय जेय पक्षाः અર્થાત્ જીતવાની આશા ગુમાવી બેઠા છે. હવે તેમને સદ્‌બુદ્ધિ આવે છે કે શસ્ત્રો અને સૈનિકોનું આ યુદ્ધ અહંકારથી જીતી શકાય તેમ નથી પરંતુ પરમાત્માનો આશ્રય લેવાથી ઉધ્ધાર થઈ શકે તેમ છે. એવું સમજીને વિજયની ઈચ્છાવાળા હારનારાઓ, હે પ્રભુ ! આપના ચરણરૂપી શરણનો આશ્રય કરે તો તેમને વિજય મળે છે, પછી તે કોઈ પણ પ્રસંગ હોય કે પરિસ્થિતિ હોય. બાહ્ય યુદ્ધમાં ભલે શત્રુ બળવાન હોય, દુર્જય હોય અને યુદ્ધ પણ ભયંકર હોય.

અંતર યુદ્ધમાં કાતિલ કર્મોની સામે લડવાનું હોય છે. તેના મહારથીઓ પણ બહુ દુર્જય છે. પૂ. આચાર્યશ્રી દેવેન્દ્રસૂરિજીના 'ઉપમિતિભવપ્રપંચા કથા' ગ્રંથના શબ્દોમાં કહીએ તો મહામોહરાજા, તેમના કુપુત્રો રાગકેસરી અને દ્વેષગજેંદ્ર, મંત્રી મિથ્યાભિલાષ, મંત્રીપુત્રી રસના, અવિવેકતા, દુષ્ટાશય, મતિમોહ, ચિત્તવૃત્તિ, તૃષ્ણા, વિપર્યાસ, મહામૂઢતા, મિથ્યાદર્શન અને કુદષ્ટિ વગેરે છે, પણ જો સાધક આત્મા પ્રભુનું શરણું લે તો અનંતકાળથી પરાસ્ત થતા તે ભક્તની બાજી હારમાંથી જીતમાં પલટાઈ જાય છે. ભક્તિની શક્તિ અનોખી છે. તેમાં પ્રાણ પૂરે છે શ્રદ્ધા (વિશ્વાસ) અને પ્રીતિ (રુચિ). તે ભક્તિ દ્વારા આત્મા સંસારના સંગ્રામમાંથી નિર્ભયપણે પાર નીકળી જાય છે. યથાઃ

**આશ્રય લીધો છે આપના, ચરણકમળનો વિશ્વમાં,**
**જીતી શકે ના કોઈ શત્રુ, દુર્જય ભયાનક યુદ્ધમાં;**
**સ્વામી છો શરણાગત વત્સલ, સંશય કદી લવલેશ ના,**
**શ્રદ્ધા અને વિશ્વાસથી, વિજય વરે સંગ્રામમાં.**

હવે, આપણે ગૂઢાર્થ અને પરમાર્થ વિચારીએ. સંગ્રામ એટલે સંસારમાં ચાલી રહેલું, આત્મા અને કર્મ વચ્ચેનું સનાતન યુદ્ધ. આત્મા કર્મથી મુક્ત થઈ સુખી થવા મથી રહ્યો છે અને કર્મો આત્માને સંસારના પ્રલોભનો આપી જકડી રાખવા પ્રવૃત્ત થઈ રહ્યા છે (નિમિત્ત અપેક્ષાએ રૂપક સમજવું). ભાલાની અણીઓથી ભેદાયેલા હાથીઓના શરીરમાંથી રૂધિર વહે છે. ઘાતી કર્મો ભાલાની અણી જેવા તીક્ષ્ણ છે અને તેનાથી આત્માના ગુણોનો ઘાત થાય છે. હાથી એ જીવનું પ્રતીક છે. હાથી મહાબળવાન પ્રાણી છે, જેને વશ કરવા ઘણા ઉપાય યોજવા પડે છે. એ જ રીતે આત્મા પણ મહાબળવાન છે અને તેને (મન અને વૃત્તિ) વશ (શુદ્ધ) કરવા ઘણો પુરુષાર્થ (સદ્‌ગુરુ અને સત્સંગ) કરવો પડે છે. જેમ ભાલાથી ભેદાઈને હાથી નિર્બળ બને છે તેમ ઘાતી કર્મોથી આત્મા નિર્બળ બનેલો છે. આત્માને ઘાતીકર્મ વળગતાં સંસારપરિભ્રમણ વધે છે. ભીષણ યુદ્ધમાં લોહીની ધારામાં નાહીને સૈનિકો મ્હાલે છે, આનંદ માને છે

અને આમતેમ ફરે છે. તે જ રીતે સંસારી જીવની અવસ્થામાં, સૈનિકો એટલે કર્મથી લેપાયેલા સંસારી જીવો લોહી જેવા અશુદ્ધ અર્થાત્ સંસારના ક્ષણિક સુખોમાં રાચનારા છે. તે સંસારીઓને સાચા (આત્મિક) સુખની તો કલ્પના પણ નથી. આમ, કર્મના બલવત્તરપણાને લીધે જીવ ભવની ભૂલભૂલામણીમાં ભટક્યા કરે છે. એ સંજોગોમાં, આત્મા અને કર્મના સંગ્રામમમાં આત્મા જીતે એવી કોઈ નિશાની જણાતી નથી. ત્યારે જો પ્રભુનું શરણું લીધું હોય તો સામે કર્મની આખી સેના ખડી હોવા છતાં હાર થતી નથી. એવો અદ્ભુત મહિમા છે પ્રભુના શરણનો. એટલે કે મહાબળવાન જણાતા કર્મોને મારી હઠાવવા હોય તો પ્રભુનું શરણું લઈ પ્રભુઆજ્ઞાએ વર્ત્યા જવું. એમ કરવાથી કર્મોની કોઈ કારી ફાવી શકતી નથી. એક રીતે વિચારતા મોક્ષમાર્ગ (અને મોક્ષ) મેળવવાની ચાવી આપણને અહીં બતાવી દીધી છે.

પ્રભો ! આપના જેવા અજેય સર્વજ્ઞપુરુષના આશ્રય પછી અમને જીતનારા કોણ ? અમારો જ વિજય છે. શુભાશુભ કર્મોના ઉદયરૂપ યુદ્ધભૂમિ, તેમાં પોતાના શુદ્ધબુદ્ધ સ્વભાવનો જે આશ્રય લે છે તે ઉદયની સેનાને જીતી લે છે. અંદરના કે બહારના શત્રુથી તે ભયભીત થતો નથી. નિઃશંક અને નિર્ભયપણે તે પોતાના મોક્ષને સાધે છે. સ્વભાવના ચેતનબાગમાં વિશ્રામ કરનારને સંસારનો કે શત્રુનો આતાપ લાગતો નથી. તે શીતળ શાંતિને વેદે છે. હે દેવ ! આત્માના સર્વજ્ઞપદનો અને જિનપદનો આ મહિમા છે. આપના સર્વજ્ઞપદનો અચિંત્ય મહિમા જેના અંતરમાં વસી ગયો હોય તેને હવે નિર્ભયપણે મોહશત્રુને જીતતા કોઈ રોકી શકે નહીં. યુદ્ધભૂમિની વચ્ચે કે ઉદયભાવોની વચ્ચે પણ ધર્મી-જિનભક્ત શાંત ચૈતન્યબાગમાં કેલિ કરે છે.

જેમ શ્રીકૃષ્ણ જેવા મહાપુણ્યવંત મહાત્મા જેના પક્ષમાં હોય તેની જીત જ હોય, તેમ સર્વજ્ઞ સ્વભાવી પરમાત્મા જેના હૃદયમાં હોય તેની મોહ સામે જીત જ હોય. ધર્માત્મા યુદ્ધભૂમિમાં પણ પરમાત્માને ભૂલતા નથી, સ્વભાવને ભૂલતા નથી. તે વખતે ય શરીર અને રાગાદિથી ભિન્ન ચિદાનંદ સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન તેને અખંડપણે ચાલુ રહે છે અને તેના જોરે તે મોહવિજેતા બને છે તથા પુણ્યયોગે બહારના શત્રુને પણ જીતી લે છે. ધર્માત્માને સાધકદશામાં વિશિષ્ટ પુણ્ય બંધાય છે. તેનો ઉદય થતા તે બહારના દુર્જય શત્રુને યુદ્ધમાં જીતી લે છે.

મથુરાનગરીના રાજા મધુ સમ્યક્દૃષ્ટિ હતા. ભરત સામે લડતા લડતા તેનું શરીર બાણથી વિંધાઈ ગયું પણ તે ધર્મને ન ભૂલ્યા. પરિણામે વિશેષ વૈરાગ્યભાવના જાગી, ને ઘાયલપણે હાથી ઉપર બેઠા બેઠા જ ભાવસંયમ ધારણ કરીને સમાધિમરણ કર્યું. કર્મનો ઉદય તેમના ધર્મને ઘાયલ ન કરી શક્યો અને વીતરાગભાવ (તથા ભેદજ્ઞાન) વડે તેણે ઉદયને જીતી લીધો. બહારનો શત્રુ ભલે ન જીતાયો પરંતુ પોતે ઘાયલ થયા તો પણ અંદરના મોહશત્રુને જીતી લીધો. યુદ્ધભૂમિની વચ્ચે ચેતનાને જગાડીને વૈરાગ્યપૂર્વક સંયમ લીધો. આ રીતે જિનદેવના ભક્ત કોઈ પણ સ્થિતિમાં જિનધર્મને ભૂલતા નથી, તેથી તેમનો વિજય થાય છે. એક અપેક્ષાએ આખો સંસાર ઉદયભાવો સામેનો સંગ્રામ છે, તેમાં સાધકજીવ જિનભક્તિરૂપ અમોઘ હથિયાર વડે જીતે છે.

આ શ્લોકમાં માનતુંગાચાર્ય ભયસ્થાનોથી આગળ વધીને યુદ્ધમાં વિજેતા બનવાની કૂંચી એકમાત્ર પ્રભુના શરણનો સ્વીકાર દર્શાવે છે. અહીં તેમણે ભક્તિયોગનો એક વિશિષ્ટ નમૂનો આપ્યો છે. શું જૈનધર્મ જેવા સંપૂર્ણ અહિંસાવાદી ધર્મના ભક્તો આવી કોઈ લડાઈમાં જીતવાની વાત કરે તે હકીકતમાં યોગ્ય લાગે છે ? આવી સાધારણ વાત માટે અર્થાત્ લડાઈમાં અન્યને પરાજિત કરવા કે વિજેતા બનવા માટે પ્રભુનો આશ્રય કરવાની વાત ઉચ્ચકોટિના

ભક્તિસ્તોત્રમાં સ્થાન પામી શકતી નથી.

અહીં એ સમજવું જરૂરી છે કે આ ભક્તામર સ્તોત્ર આત્મવિજય મેળવી પૂર્ણદશાને પ્રાપ્ત કરવાની ચાવી છે, સંસારચક્રમાં હારેલા જીવો માટે આધારભૂત છે. હવે આપણે આ શ્લોકનું તાત્ત્વિક પાસું વિચારીએ.

એક લડાઈ તો આદિકાળથી ધરાતલ ઉપર લડાઈ રહી છે. ભૂતકાળમાં અનેક દેશોએ, રાજાઓએ કે જાતિઓએ ભયંકર લડાઈઓ, યુદ્ધો અને આક્રમણો કર્યા છે. આ યુદ્ધો હજારો વર્ષ ચાલે તેવા રાગ-દ્વેષના બીજ વાવી જાય છે. આ છે ભૌતિક યુદ્ધો. બીજા પ્રકારમાં આધિ-વ્યાધિ-ઉપાધિ જનિત માનસિક યુદ્ધો છે. ત્રીજા પ્રકારમાં આધ્યાત્મિક ક્ષેત્રમાં શુદ્ધ અધ્યવસાય (ભાવ) અને વૈભાવિક અધ્યવસાય વચ્ચેનો, એટલે કે સ્વભાવ અને વિભાવ વચ્ચેનો સંગ્રામ છે. અજ્ઞાનદશામાં વિભાવોની પ્રબળતા હોય છે પરંતુ જ્યારે જ્ઞાનચેતના જાગૃત થાય છે ત્યારે શુદ્ધ અધ્યવસાયોની પ્રબળતા વધે છે. આધ્યાત્મિક ક્ષેત્રે પણ સફળતા માટે પ્રભુનો આશ્રય જરૂરી છે. અહંકારપૂર્વક આધ્યાત્મિક વિજય મળી શકતો નથી.

ભક્તામર સ્તોત્રમાં એક પછી એક વિવિધ ભયના નિવારણમાં આચાર્યશ્રીએ ગુરુમંત્ર આપ્યો છે. આખા ભક્તિસ્તોત્રમાં એક જ ગુરુમંત્ર ચાલ્યો આવે છે : તે છે પ્રભુના નામનું સંકીર્તન અને પ્રભુના ચરણોનો આશ્રય (જિનાજ્ઞાનું આરાધન). પ્રભુની શરણાગતિ સ્વીકારી આગળ વધવું તે જ એક માત્ર લક્ષ્ય છે.

અહીં માત્ર જીતવાનો કે હિંસાનો ભાવ નથી. દૃષ્ટિકોણ આક્રમણ (હિંસા)નો નથી પણ રક્ષાનો છે. જીવ શક્તિશાળી હોય તો પોતાની શક્તિથી રક્ષા કરે અને મંદશક્તિ હોય તો શક્તિશાળીની (પ્રભુની) ભક્તિથી રક્ષા કરે. રક્ષામાં વિઘ્નહરણ, વિઘ્નનિવારણ, વિઘ્ન ટાળવાનો ઉપાય વગેરે આવે. બાહ્યશત્રુઓ (હાથી, સિંહ, સર્પ વગેરે) તથા આંતરશત્રુઓ (કર્મો, રાગ-દ્વેષ, વિષય-કષાય, વિકાર-વિભાવ વગેરે)થી રક્ષાનો (એટલે કે તેમના પર વિજયનો) ભાવ છે. પ્રભુને હૃદયમાં રાખે તો બધા યુદ્ધ (આંતર અને બાહ્ય) શાંત થઈ જાય. જીવન અને સંસારની એ કરુણ અને અટપટી વાસ્તવિકતા છે કે હિંસા (યુદ્ધ)માં જીતવા અહિંસક (પ્રભુ)નો આશ્રય લેવો પડે છે !

આ શ્લોકમાં અને સમગ્ર ભક્તામર સ્તોત્રમાં કેન્દ્રસ્થાને પરમાર્થ અને આત્મશુદ્ધિ છે. એટલે કે વીતરાગદર્શનના અહિંસા-અનેકાંત-અપરિગ્રહ છે. વ્યવહાર અને લૌકિક સ્થૂળ દૃષ્ટાંતો ગૌણસ્થાને અને માત્ર સમજવા માટે છે. જે ધર્મમાં પુષ્પપાંદડી પણ દુઃભાવાતી ન હોય ત્યાં હાથી-સિંહ-સર્પને મારવાની કે લોહીયાળ યુદ્ધો લડવા-જીતવાની વાત તો કલ્પનામાં પણ ન હોઈ શકે. હકીકતમાં આ ભક્તિ સ્તોત્રમાં સાચી સમજણ-શ્રદ્ધા-ભક્તિથી ભયને જીતવાની વાત છે. વાસ્તવમાં સાચી શ્રદ્ધા-ભક્તિથી વિશિષ્ટ (સાતિશય) પુણ્ય ઉપાર્જન થતાં, પાપનું સંક્રમણ થઈને પ્રતિકૂળતાનો ઉદય અનુકૂળ થઈ જાય છે. જ્યાં કરુણા-પ્રેમ-વાત્સલ્ય છે ત્યાં હિંસક પ્રાણીઓના ભાવ શાંત થઈ જાય છે અને યુદ્ધમાં શત્રુઓની વિપર્યાસ બુદ્ધિ સવળી થઈને શાંતિ સ્થપાય છે. અપેક્ષાએ અને આત્મલક્ષે જિનાજ્ઞાપૂર્વક સમજવું.

અંતમાં સર્વ જીવ પ્રભુના ચરણ-શરણમાં રહી, જિનાજ્ઞાપૂર્વક શીઘ્ર આત્મકલ્યાણ સાધે તેવી મંગળ ભાવના સાથે, જિનાજ્ઞાથી વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

# આત્માની અનંતધર્મત્વ શક્તિ (૨૭)

વલભજી હીરજી 'કેવલ'

જ્ઞાનસ્વભાવી આત્માની ૪૭ મુખ્ય શક્તિઓમાં ૨૭મી શક્તિનું વર્ણન આ પ્રમાણે છે : આત્મામાં અનંતધર્મો છે, ભિન્ન ભિન્ન લક્ષણવાળા છે. આત્મા પોતાના એકભાવપણે રહીને એકસાથે અનંત સ્વભાવોને ધારણ કરે છે. એવી તેની અનંત ધર્મત્વ શક્તિ છે.

આત્મા સ્વભાવના અનંત સામર્થ્યથી ભરેલો છે. આત્માની અનંત શક્તિઓ ભિન્ન ભિન્ન લક્ષણવાળી હોવા છતાં બધી શક્તિઓને એકભાવપણે રાખે એવી શક્તિ આત્મામાં છે. અનંત શક્તિનો નીચોડ સ્વાનુભવમાં સમાય છે. અનંત ધર્મોથી અભેદ એવા એક પૂર્ણ અખંડ શુદ્ધ આત્માનો અનુભવ થતા તેમાં અનંતધર્મોનો સ્વાદ આવી જાય છે. અનંતસ્વભાવોથી ભાવિત આત્મા એક છે. અનંત ગુણોનું લક્ષણ ભિન્ન ભિન્ન છે. જેમ કે જ્ઞાનનું લક્ષણ જાણવું, આનંદનું લક્ષણ આહ્‌લાદ આપવો તે, એમ ગુણોમાં લક્ષણભેદ હોવા છતાં જ્ઞાનનો આત્મા જુદો, આનંદનો આત્મા જુદો એવો વસ્તુભેદ નથી. આત્મા તો અનંતગુણના પિંડસ્વરૂપ એકભાવ છે.

આત્મામાં ભિન્ન ભિન્ન લક્ષણવાળા અનંતધર્મો છે પરંતુ તેમાં એકેય ધર્મ એવો નથી કે જેનું લક્ષણ રાગ હોય. અનંતધર્મોમાં ક્યાંય રાગાદિ વિકાર આવતો નથી.

આત્માના સ્વભાવમાં અદ્‌ભુતતા છે. અનંત ધર્મની વિચિત્રતા જેમાં ભરેલી હોવા છતાં તે પોતાના એકપણામાં રહ્યો છે. જ્ઞાન ને આનંદ, અસ્તિપણું ને નાસ્તિપણું, નિત્યતા ને અનિત્યતા એમ ભિન્ન ભિન્ન અનંતધર્મો આત્મામાં એક સાથે રહેલા છે, છતાં તે બધા ધર્મો એકતાના ભાવથી આત્માના એકત્વમાં સમાઈ જાય છે. આવું આત્માનું અનંતધર્મત્વ છે.

આત્માના અનંત ધર્મોમાં દરેકનું સ્વરૂપ ભિન્ન ભિન્ન છે. જો લક્ષણભેદે દરેક ધર્મમાં ભિન્નતા ન હોય તો અનંતધર્મો સિદ્ધ ન થાય. કોઈ પણ બે ગુણનું લક્ષણ સર્વથા સરખું નથી. ક્ષેત્ર બધાનું સરખું છે, પણ ભાવમાં ભિન્નતા છે. આવા અનંતધર્મોને પોતે ધારી રાખે એવી આત્માની શક્તિ છે. આત્માની સ્વાનુભૂતિ-કે જે ભવરોગ મટાડવાનું અમોઘ ઔષધ છે. તેમાં અનંતગુણનો સ્વાદ સમાયેલો છે. આ રીતે સ્વાનુભૂતિ વડે અનંતધર્મસ્વરૂપ આત્મા અનુભવમાં આવે છે ને અનંતા ગુણો નિર્મળ પર્યાયપણે ખીલી જાય છે. ■ ■ ■

## રાજવાણી છે વરદાન

- છીતુભાઈ ગો. ભક્ત (વિદ્યાનગર)

અગન જ્વાળા સમ ગણાય, એવો છે કારમો ક્રોધ,
શાને રાતાપીળા થઈએ, એના તું કારણો શોધ. (૧)
મૂળમાં છે અંહકાર ને તૃષ્ણા, એવો કૃપાળુદેવનો બોધ,
ક્ષમાભાવ ને સંયમ રાખી, કર તું એનો રોધ. (૨)
પૈસા, પદ, પરિવાર, કુળનું, છે તને મિથ્યાભિમાન,
ક્ષણિક ને ક્ષણજીવી સમજી, રાખ તું વિવેકભાન. (૩)
મોહમાયા ને માન, હણાય છે જીવન એ તું જાન,
રાજપ્રભુનું શરણું સેવી, હૈયું જીવતર કર પાવન. (૪)
પરનિંદાને કુસંગ - લોભનો, કર તો જરા ક્ષોભ,
રાખી અંકુશ મન ઉપર, તું તેનાથી શોભ. (૫)
ભેદભાવની માયાજાળમાં, જન્મારો તારો જાય ફસાય,
પૂર્વગ્રહો ને માન્યતામાંથી, સમજણ વડે ખસાય. (૬)
વિવેક, સત્સંગને સંતોષ, કર તું એનું જતન,
'સહજાત્મસ્વરૂપપરમગુરુ'ના, શ્રદ્ધાથી કર ગુણગાન.(૭)
કર્મના બંધનો કદી ના છોડે, સ્વીકારી થવું સાવધાન,
સદ્‌ગુરુની મહિમાતણી, રાજવાણી છે વરદાન. (૮)

# મહાવીર જન્મકલ્યાણકના પુણ્યપર્વે - કેટલીક વિચારણીય બાબતો

પારૂલબેન ભરતકુમાર ગાંધી

મહાવીર જન્મકલ્યાણક એ જૈનો માટે મહાન અવસર છે. આ દિવસને બધા જૈનો ખૂબ મહત્ત્વનો ગણે છે કારણ કે બધાને મહાવીર માટે ખૂબ પ્રેમ છે, ભક્તિ છે, ભાવ છે. આ દિવસે ચિંતનીય બાબત એ છે કે, ''બધા જૈનો ભગવાનને તો ખૂબ માને છે પરંતુ વાસ્તવમાં ભગવાને કહેલી બાબતોને કેટલી માને છે ?'' એ વિષે વિચારવું મહત્ત્વનું છે. વાસ્તવિકતા જે છે એ અલગ જ છે. આ મહાવીર જન્મકલ્યાણક દિને દરેક જૈનોએ પોતાના અંતરમાં ડોકિયું કરીને સત્ય શોધવાની જરૂર છે.

ભગવાન મહાવીર માટે, તેના મંદિરો માટે ભલે આપણે આપસમાં લડતા હોઈએ પણ એ ભગવાન જ્યારે આપણા મનમંદિરમાં બિરાજવા ચાહે છે ત્યારે આપણે તેને માટે ખરેખર યોગ્ય છીએ ? આપણે તેમની વાણીને કેટલે અંશે આપણા હૃદયમાં ઊતારી એ બાબતની તપાસ કરવી જરૂરી છે. જેવી રીતે લાડવા, મોહનથાળ, ગુલાબજાંબુ આદિના ફોટા જોવાથી જઠરાગ્નિ શાંત થતો નથી કારણ માત્ર જોવાથી પેટ ભરાતું નથી. એ માટે હાથેથી ખાવું પડે, મોંથી ચાવવું પડે અને હોજરીમાં ભોજનને પહોંચાડવું પડે. વરસાદ ધોધમાર વરસ્યો પરંતુ આપણે બિલકુલ ભીંજાયા નહિ કારણ કે રેઈનકોટ પહેરેલો હતો. આવી જ રીતે જિનેશ્વર ભગવંતોની વાણી આપણે ઘણા વર્ષો સાંભળી, સામાયિક, એકાસણા, આયંબિલ વગેરે ઘણા વર્ષો સુધી કર્યા પરંતુ આપણા આત્માનું કલ્યાણ થયું નહિ કારણ કે એ જિનવાણી પર જે અવિચળ શ્રદ્ધા, સમજણ અને આચરણ થવું જોઈએ તે હજુ થયા નથી. આપણી કથની અને કરની બંને અલગ અલગ છે. ભગવાને આપણને જે કરવા માટે કહ્યું છે તે તો આપણે કરતાં જ નથી !

ભગવાને જે કહ્યું છે ને આપણે જે કરવાનું છે તે બંને જ્યારે એક થશે ત્યારે આપણે ભગવંત બની શકીશું પરંતુ વર્તમાને આપણે ભગવાને જે કહ્યું છે તેનાથી ઊલટી જ કરણી કરી રહ્યા છીએ અને એટલે જ આપણે સુખી થઈ શકતા નથી, શાંતિ મેળવી શકતા નથી, સમાધિ પ્રાપ્ત કરી શકતા નથી.

ભગવાને કહ્યું છે કે હિંસા એ પાપ છે માટે હિંસા છોડો. જ્યારે આપણે ડગલે ને પગલે હિંસાને વધારી રહ્યા છીએ. છકાય જીવોની હિંસાથી સંસાર વધશે, જ્યારે તેની રક્ષાથી સંસાર ઘટશે. આપણે તો એક મિનિટ પણ છકાય જીવોની હિંસાથી દૂર નથી રહી શકતા. અરે ! વર્તમાનમાં તો એવા એવા ઉપકરણો માનવીએ ઘરમાં ગોઠવી દીધા છે કે એક મિનિટ પણ હિંસા વગર કામ થતું નથી. આજે એક પણ માનવી એવો નહિ જોવા મળે કે જે હિંસાથી અલગ ઘરમાં શાંતિથી રહેતો હશે.

પરિગ્રહ છોડવા જેવો છે. લોભ અને પરિગ્રહ એ બંને શબ્દ જુદા જુદા છે પરંતુ તેનું મૂળ આસક્તિ-લાલચ-લાભભાવની વૃત્તિ રહેલી છે. આજે તો પરિસ્થિતિ એવી છે કે લોકો પરિગ્રહથી શરમાવાને બદલે તેનું અભિમાન કરે છે ! પોતે અબજોપતિ હોય, મોટો બંગલો હોય, ગાડી, એરોપ્લેન ને ફાર્મહાઉસ હોય એટલે વ્યક્તિ ચાર હાથ ઊંચો ચાલે. અભિમાન તો એટલું આવી જાય કે રાવણ પણ તેની પાસે ટૂંકો પડે. ધર્મ જ પરભવમાં સાથે આવે છે એ જાણવા છતાં આપણે ધનની પાછળ જ દોડ્યા કરીએ છીએ, એટલું જ નહિ ધન મેળવ્યા પછી આપણે મોજ-શોખ અને ભોગ-વિલાસમાં એવા ગુલતાન બની જઈએ છીએ કે આપણને આપણા

આત્માની ચિંતા જ થતી નથી. ''આ ભવ મીઠો તો પરભવ કોણે દીઠો !'' એવું માનનારા આપણે આપણી કરણી થકી સંસાર વધારતા જઈએ છીએ. અવળા રસ્તે, પાપકર્મો કરીને મેળવેલા ધનના બે-પાંચ ટકા ધર્માદા સંસ્થાઓમાં આપીને, આપણી વાહવાહી કરાવીને ત્યાં પણ આપણું આધિપત્ય સ્થાપવા તત્પર રહીએ છીએ. આ બધું છોડી ભગવાને જે વાણી સંભળાવી છે તે અનુસાર જીવન જીવવા કટિબદ્ધ બનવું હવે ખૂબ જ જરૂરી બન્યું છે, નહિ તો શ્રાવક ક્યાંય શોધ્યો પણ નહિ જડે !

કંઠસ્થ જ્ઞાન, આગમવાણી એ આપણી સાચી મૂડી છે એ વાત સમજવાને બદલે આજે આપણે પૈસા, સત્તાપ્રાપ્તિ અને મોજ-શોખ પાછળ પાગલ બન્યા છીએ. આપણું મન હરવા-ફરવામાં એવું તો લુબ્ધ બન્યું છે કે ઘડપણમાં પણ માજીઓ જિન્સ અને બાપાઓ કેપ્રી પહેરીને કપલ ડાન્સ કરે છે !! ઉંમર વધતા સંન્યસ્તાશ્રમમાં પ્રવેશવાને બદલે દેશ-વિદેશનો પ્રવાસ શરૂ થાય છે. બ્રહ્મચર્યને ભગવાને ઉત્કૃષ્ટ તપ બતાવ્યું છે તેના બદલે આજે ભોગ-વિલાસ વધારે સારી રીતે કેમ માણી શકાય તેની શોધ પાછળ માનવી પડ્યો છે. ચિંતન કરવાના સમયે માનવી ચિંતા દ્વારા ભવ-પરભવને બગાડી રહ્યો છે. પ્રત્યેક પળે મન જાગૃત રહેવું જોઈએ, પ્રત્યેક કાર્યમાં યત્ના રહેવી જોઈએ અને પ્રત્યેક પ્રવૃત્તિ માત્રને માત્ર આત્મવિકાસ માટે હોવી જોઈએ એને બદલે આપણું સમગ્ર લક્ષ્ય આપણું શરીર, પરિવાર, સંપત્તિ અને મહત્ત્વાકાંક્ષા જ છે.

ધર્મ એ આભૂષણ નથી પરંતુ આચરણ છે. આથી જ ધર્મ એ માત્ર અમુક સમયે કરવાની વસ્તુ નથી પરંતુ સદાને માટે આચારમાં અપનાવવાની વસ્તુ છે. બે - ચાર સામાયિક કે પૌષધ કરીને રાજીના રેડ થવાની જરૂર નથી. આજીવન સામાયિક ક્યારે લઈ શકીશું તેવા પ્રયત્નો કરવા જોઈએ. કમ ખાઓ, ગમ ખાઓ અને નમ જાઓને બદલે વધારે ખાવ, લડો અને લડાવો તથા અભિમાનમાં ચકચૂર બની રહો એ આજનું સૂત્ર બની ગયું છે. વિનય-વિવેક અને સાદાઈ એ આભૂષણોને અપનાવવાની જરૂર છે ત્યારે આજનો માનવી બીજાએ કર્યું એટલે આપણે કરવું એમ માની વિનય - વિવેક, સાદાઈને કોરાણે મૂકી રહ્યો છે.

ક્ષમા વીરનું ભૂષણ છે એ ભગવાન મહાવીરે કહ્યું છે. જ્યારે વાત-વાતમાં ખૂબ ગુસ્સો કરી રોફ જમાવવો એ આજના માનવીની ઓળખાણ બની ગઈ છે. નમ્ર હોવું અને સરળ હોવું એ વિકાસનો માર્ગ છે એમ ભગવાને કહ્યું છે, જ્યારે આજના માનવીની ઓળખાણ તેનો અહંકાર છે.

સંસાર સપના, કોઈ નહિ અપના - એ ભગવાન મહાવીરની વાણી છે. આ જીવ અહીં માનવ અવતારમાં આવ્યો છે. શરીર અને આત્મા અલગ છે. શરીર એ તો પિંજર છે. તે અહીં મૂકીને જવાનું છે. આ વાતને હૃદયમાં ઊતારી, શરીરની આળપંપાળ બંધ કરવી જોઈએ એને બદલે શરીર માટે જ આજનો માનવી જીવી રહ્યો છે. શરીરને જાળવવા રાત-દિવસ પાપ બાંધે છે, કર્મથી ભારે બને છે. સ્વાવલંબી બનો, કષ્ટ આપી શરીરને તપાવો, આને બદલે નોકર એ આજના માનવીનો શેઠ બની ગયો છે. નોકર વિના કોઈ પણ કાર્ય થતું નથી !

આમ, આપણને ભગવાને કહેલા વચનો અનુસાર જીવનને બનાવવું નથી. ભગવાનના વચનો સાંભળવા ગમે છે પણ આચરવામાં રસ નથી. મહાવીર જન્મકલ્યાણકની ઊજવણી ત્યારે જ સાર્થક બનશે કે જ્યારે આપણે ભગવાને કહ્યા મુજબ આપણા જીવનને એ ઢાંચામાં ઢાળીશું. આપણું મન સતત અશાંત, ઉદ્વિગ્ન અને પરેશાન રહે છે તેનું મૂળ કારણ આપણી કથની અને કરની વચ્ચેનું અંતર

**(અનુસંધાન પાના નં. ૨૨ પર...)**

# તીર્થંકર ભગવાન શ્રી મહાવીરના જીવનની અને તેની સાથે સંબંધ ધરાવતી કેટલીક મહત્ત્વની ઘટનાઓની શાસ્ત્રોક્ત નોંધ

પ્રેષક : મલયકેતુ બાવીસી

### જન્મ સંબંધ ધરાવતી વિગતો :

૧. માતાનું નામ : રાણી ત્રિશલા

૨. પિતાનું નામ : સિદ્ધાર્થ રાજા

૩. જન્મ માસ અને તિથિ : ચૈત્ર સુદ - ૧૩

૪. જન્મ સમય : મધ્યરાત્રિ

૫. જનમ નક્ષત્ર : ઉત્તરા ફાલ્ગુની

૬. જન્મ રાશિ : કન્યા

૭. જન્મ ક્યા આરામાં : ચોથા આરામાં

૮. જન્મ સમયે ચોથો આરો કેટલો બાકી : ૭૫ વર્ષ અને ૮।। મહિના

૯. જન્મ નગર : ક્ષત્રિયકુંડ

૧૦. ભગવાનના ગોત્રનું નામ : કાશ્યપ

૧૧. જાતિનું નામ : જ્ઞાતક્ષત્રિય

૧૨. કુલનું નામ : જ્ઞાતકુલ

૧૩. લાંછન-ચિહ્‌ન : સિંહ (જંઘા ઉપર રહેલી એક કુદરતી આકૃતિ)

૧૪. શારીરિક શુભ ચિહ્‌ન-લક્ષણો કેટલા : ૧૦૦૮

૧૫. જન્મ વખતે અને સંસાર અવસ્થામાં કેટલા જ્ઞાન સહિતઃ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન

૧૬. સંઘયણ : પહેલું વજ્રઋષભનારાચ (અત્યંત મજબૂત)

૧૭. દેહની ઊંચાઈ : સાત હાથ

૧૮. દેહવર્ણ : પિત્ત (પીળા જેવો)

### દીક્ષા અને તેને લગતી વિગતો

૧. દીક્ષા માસ અને તિથિ : માગસર વદ દશમ(ગુ. ફા. વદિ)

૨. દીક્ષા સમય : દિવસનો ચતુર્થ પ્રહર

૩. દીક્ષા નક્ષત્ર : ઉત્તરા ફાલ્ગુની

૪. દીક્ષા રાશી : કન્યા

૫. દીક્ષા સમયે વય : ૩૦ વર્ષ

૬. દીક્ષામાં સ્વીકૃત મહાવ્રત કેટલા ? : અહિંસા, સત્ય આદિ પાંચ

૭. દીક્ષા દિવસનો તપ : છઠ્ઠ(બે ઉપવાસનો)

૮. દીક્ષા વ્રત ક્યા ગામમાં ? : ક્ષત્રિયકુંડ ગામ

૯. દીક્ષા કયા વનમાં લીધી ? : કુંડગામના જ્ઞાતખંડવનમાં

૧૦. દીક્ષા કયા વૃક્ષ નીચે લીધી ? : અશોક વૃક્ષ

૧૧. લોચ કેટલી મુષ્ટિથી કર્યો ? : પંચમુષ્ટિથી

૧૨. વ્રતોચારણ બાદ કયું જ્ઞાન થયું ? : મનઃપર્યવજ્ઞાન

### ૧૨।। વર્ષ અને ૧૫ દિવસનો સાધનાકાળ અને તેને લગતી હકીકતો

૧. પ્રથમ પારણું કોણે અને ક્યાં કરાવ્યું ? : બહુલ નામના બ્રાહ્મણે કોલ્લાગ સન્નિવેશમાં (શ્વે. આમ્નાય મુજબ)

૨. ઉત્કૃષ્ટ તપ કેટલા મહિનાનો કર્યો ? : ૬ મહિનાના ઉપવાસનો

૩. અભિગ્રહ કરેલા ? : વિવિધ પ્રકારે કર્યા

૪. સંપૂર્ણ તપ કેટલાં ? ૪૧૬૬ દિવસના કુલ ઉપવાસ

૫. સાધનાના ૧૨ ।। વર્ષના ઉપવાસી તપમાં પારણાના દિવસો કેટલા ? : ૩૪૯ દિવસો

૬. સાધનાકાળનું ક્ષેત્ર : પૂર્વ અને ઉત્તર ભારતનો પ્રદેશ

૭. સાધના કયા આસને કરી ? : મોટા ભાગે

ઊભા ઊભા કાયોત્સર્ગ આસને (જિનમુદ્રાથી)

૮. સાધનાકાળમાં ઉપદેશાદિ આપે ? : વિશિષ્ટ ઉપદેશરૂપે પ્રાયઃ ન બોલે.

### કેવળજ્ઞાન કલ્યાણક અને તેને લગતી મુખ્ય હકીકતો

૧. કેવળજ્ઞાન માસ અને તિથિ : વૈશાખ સુદિ - ૧૦
૨. દિવસનું નામ : સુવ્રત (શાસ્ત્રીય નામ)
૩. મુહૂર્તનું નામ : વિજય (શાસ્ત્રીય નામ)
૪. કેવળજ્ઞાનનો સમય : ચતુર્થ પ્રહર - સાયંકાલ
૫. કેવળજ્ઞાન સમયની વય : ૪૩ વર્ષ
૬. કેવળજ્ઞાનનું સ્થાન : જાંભિક ગામની બહારનું ઋજુવાલિકા નદી પાસેનું ખેતર (બિહાર)
૭. કેવળજ્ઞાન કયા વૃક્ષ નીચે થયું ? : સાલ (શાલ વૃક્ષ)
૮. અતિશયો કેટલા ? : ૩૪
૯. કેવળજ્ઞાન વખતે તપ કર્યો ? છઠ્ઠ (બે ઉપવાસ)

### તીર્થ(શાસન)ની સ્થાપના અંગેની વિગતો

૧. તીર્થોત્પત્તિ ક્યારે ? : કેવળજ્ઞાન પ્રાપ્તિના બીજા દિવસ બીજા વખતના સમસરણમાં (શ્વે. આમ્નાય મુજબ)
૨. તીર્થ સ્થાપના માસ અને તિથિ : વૈશાખ સુદિ - ૧૧
૩. તીર્થનો વિચ્છેદ ક્યારે થશે ? : પાંચમા આરાના છેલ્લા દિવસના બે પ્રહર બાદ
૪. પ્રથમ ગણધરનું નામ : ઈન્દ્રભૂતિ
૫. પ્રથમ સાધ્વીનું નામ : ચંદનબાળા
૬. પ્રથમ શ્રાવકનું નામ : શંખ
૭. પ્રથમ શ્રાવિકાનું નામ : સુલસા
૮. ભક્ત રાજાઓમાં પ્રધાનભક્ત : મગધેશ્વર 'શ્રેણિક'
૯. શાસન યક્ષનું નામ : માતંગ
૧૦. શાસન યક્ષિણીનું નામ : સિદ્ધાયિકા

### આધ્યાત્મિક પરિવારનું વર્ણન

૧. ગણધરોની સંખ્યા : અગિયાર
૨. સાધુઓની સંખ્યા : ચૌદ હજાર
૩. સાધ્વીઓની સંખ્યા : છત્રીસ હજાર
૪. શ્રાવકોની સંખ્યા : એક લાખ (વ્રતધારી)
૫. શ્રાવિકાઓની સંખ્યા : ત્રણ લાખ (વ્રતધારી)
૬. કેવળજ્ઞાની મુનિઓની સંખ્યા : સાતસો
૭. અવધિજ્ઞાનીઓની સંખ્યા : તેરસો

### નિર્વાણ-મોક્ષ કલ્યાણક અને તેને લગતી હકીકતો

૧. મોક્ષગમન માસ અને તિથિ : કાર્તિક-વદી-અમાવસ્યા (ગુ. આસો વદી અમાસ)
૨. મોક્ષ સમયનું નક્ષત્ર : સ્વાતિ
૩. મોક્ષ સમયની રાશિ : તુલા
૪. નિર્વાણ-મોક્ષ સમયની વય : ૭૨ વર્ષ
૫. મોક્ષ સમયનું મુહૂર્ત કયું ? : સર્વાર્થસિદ્ધ (પાછલી રાતનું)
૬. મોક્ષ સમયનું સ્થળ કયું ? : પાવામધ્યમાં અપાપાપુરી (પાવાપુરી, બિહાર)
૭. મોક્ષ સમયનું સ્થાન કયું ? : હસ્તિપાલ રાજાના કારકુનોની શાલા
૮. મોક્ષ વખતે દેશના કેટલા કલાક આપી ? : અખંડ ૪૮ કલાક
૯. કયા આસને મોક્ષ પધાર્યા ? : પર્યંકાસને અથવા પદ્માસને
૧૦. કયા આરામાં મોક્ષે ગયા ? : ચોથા આરાના છેડે
૧૧. મોક્ષ સમયે ચોથો આરો કેટલો બાકી હતો ? : ત્રણ વર્ષ સાડા આઠ મહિના.

● ● ●

# શ્રી ગોમટેશ ગાથા (શ્રી બાહુબલી ચરિત્ર)

અનાદિનિધન સનાતન જૈનધર્મના પ્રવાહક્રમમાં વર્તમાન અવસર્પિણીકાળમાં પ્રથમ તીર્થપ્રવર્તક ૧૦૦૮ શ્રી આદિનાથ ભગવાન થઈ ગયા. તેઓને નંદા (યશસ્વતી) તથા સુનંદા નામની બે રાણીઓ હતી. નંદાને ભરત વગેરે ૯૯ પુત્રો તથા સુનંદાને બાહુબલી નામનો અતિ સુંદર, અત્યંત બળવાન અને ચરમશરીરી પુત્ર થયો. સમય જતાં શ્રી આદિનાથે ભરતાદિ પુત્રોને રાજ્ય સોંપીને દીક્ષા ગ્રહણ કરી. બુદ્ધિશાળી અને વિચક્ષણ એવા મોટા પુત્ર ભરતને અયોધ્યા અને બાહુબલીને પોદનપુરનું રાજ્ય મળ્યું. આયુધશાળામાં ચક્રરત્નની ઉત્પત્તિ જોઈને ભરતજીએ ચક્રવર્તી બનવા મહાપ્રયાણ કર્યું. સંપૂર્ણ પૃથ્વી (છ ખંડ)ને વશ કર્યા બાદ પોદનપુરમાં પ્રવેશ કરતા પહેલા ચક્રરત્ન અટકી ગયું. બાહુબલીએ સ્વાભિમાનવશ ભરતની આધીનતાનો સ્વીકાર કર્યો નહીં. તેથી બન્ને વચ્ચે યુદ્ધ થયું. વ્યર્થ સૈન્યહાનિ ન થાય તે માટે બન્નેએ દ્વન્દ્વયુદ્ધ સ્વીકાર્યું. દૃષ્ટિ, જળ અને મલ્લયુદ્ધમાં બાહુબલી વિજયી બન્યા. શ્રી ભરતજીએ ક્રોધિત થઈને પોતાના લઘુભ્રાતા પર ચક્ર ફેંક્યું પરંતુ ચક્ર નિષ્ફળ થઈને ભરતજી પાસે પાછું આવ્યું. શ્રી બાહુબલીએ ક્રોધિત થઈને જયેષ્ઠભ્રાતા ભરતને પોતાની ભુજાઓથી ઉપર ઉઠાવ્યો. નીચે પટકવા જતા હતા ત્યાં અચાનક તેમના હૃદયમાં નશ્વર, સારહીન, સ્વાર્થી સંસાર અને ભોગો પ્રત્યે વૈરાગ્ય ઊપજ્યો. તે સમયે ભરતજીને સમ્રાટ બનાવીને સ્વયં દીક્ષિત થઈને ઘોર તપ કરવા લાગ્યાં. એક વર્ષ, એક જ આસનમાં ઊભા રહીને ઘોર તપ કર્યું. ત્યારબાદ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ભગવાન બાહુબલીની ચાર વિશિષ્ટતાઓને કારણે તેઓ વિશિષ્ટ પુરુષ મનાય છે : (૧) વર્તમાન અવસર્પિણી કાળમાં સૌથી પ્રથમ મોક્ષ પ્રાપ્ત કરનાર, (૨) પ્રથમ કામદેવ પદધારી, (૩) શરીરની સૌથી અધિક ઊંચાઈ (૫૨૫ ધનુષ), (૪) ચક્રવર્તીને પણ પરાજિત કરનાર.

## ગોમટેશ પ્રતિમાજીની કથા

દક્ષિણ ભારતના કર્ણાટક રાજ્યમાં ૧૦મી સદીમાં ગંગવંશના મહાપ્રતાપી રાજા રાચમલ્લ (સત્યવાક્ ચતુર્થ) રાજ્ય કરતા હતા. તેમના શૂરવીર, ધર્માત્મા મંત્રી ચામુંડરાય હતા. વીરતા, જ્ઞાન અને ધર્મરક્ષામાં તેઓ અદ્વિતીય હતા. શ્રાવકોત્તમ મહાબલય્ય અને ધર્મપરાયણ કાલલદેવીના તેઓ પુત્ર હતા. તે સમયના મહાપ્રજ્ઞાવંત, સિદ્ધાંતચક્રવર્તી શ્રીમદ્ નેમિચંદ્રાચાર્યના સંપર્કમાં આવતા તેઓનું સમગ્ર વ્યક્તિત્વ ખીલી ઊઠ્યું. માતા-પિતા પ્રેમથી તેમને ગોમ્મટ નામથી બોલાવતા.

ચામુંડરાયના માતુશ્રી કાલલદેવીએ એક દિવસ શ્રી જિનસેનસ્વામી રચિત મહાપુરાણમાં મહાપરાક્રમી અને મહાવૈરાગ્યપ્રેરક શ્રી બાહુબલીની કથાનું શ્રવણ કર્યું. ત્યારથી તેમના મનમાં પોદનપુર જઈને શ્રી ભરતજી દ્વારા નિર્મિત બાહુબલી ભગવાનની પ્રતિમાના દર્શનની તીવ્ર ઉત્કંઠા જાગી. તેઓએ પોતાના પુત્ર સાથે આ બાબતે ચર્ચા કરી. માતૃભક્ત પુત્રએ બીજા જ દિવસે યાત્રાનો પ્રારંભ કર્યો અને ચંદ્રગિરિ પર્વત પર આવ્યા. ત્યાં શ્રીમદ્ નેમિચંદ્રાચાર્યનો અનુપમ સમાગમ થયો. તેઓના સમાગમનો અનુપમ લાભ લેવા યાત્રા સંઘે એક સપ્તાહ સુધી ત્યાં રહેવાનો નિશ્ચય કર્યો. રાત્રિના અંતિમ પ્રહરમાં શ્રી નેમિચંદ્રચાર્યે સ્વપ્નમાં જોયું કે શ્રી ભરતજી દ્વારા નિર્મિત પોદનપુર સ્થિત શ્રી બાહુબલીની પ્રતિમાજીના દર્શન માટે વૃદ્ધ માતા કાલલદેવીનું પહોંચવું અતિ કઠિન છે અને સાથે એ જોયું કે વિંધ્યગિરિ પર્વત પર શ્રી બાહુબલીજી પ્રગટ

થયા છે. કેવી રીતે પ્રગટ થયા તેનું રહસ્ય પણ સ્વપ્નમાં જણાઈ ગયું. સંયોગવશાત્ આવું જ સ્વપ્ન તે રાત્રિએ ચામુંડરાય તથા તેઓની માતાને પણ આવ્યું. સવારે ત્રણેય જણે પોતાના સ્વપ્નની વાત એકબીજાને કહી.

ત્યારબાદ શ્રી ચામુંડરાયે આચાર્યશ્રી દ્વારા અભિમંત્રિત એક દિવ્યબાણ વિંધ્યગિરિ પર છોડ્યું. તે દિવ્ય બાણથી શિલા પર શ્રી બાહુબલીજીનો આકાર (રેખાચિત્ર) કોતરાઈ ગયો. તે દિવસે એક દિવ્ય શિલ્પકાર ત્યાં આવ્યો અને તેણે શિલા પરના રેખાચિત્રને મૂર્તિમાં પરિવર્તિત કરવાની ઇચ્છા વ્યક્ત કરી પણ સાથે એ શરત મૂકી કે મૂર્તિની કોતરણી દરમિયાન જેટલા પથ્થરના કણ પડશે તેના ભારોભાર સુવર્ણ લઈશ. ચામુંડરાયે સહર્ષ શરતનો સ્વીકાર કર્યો. થોડા મહિનાઓમાં અદ્ભુત, અનુપમ, આશ્ચર્યકારી મૂર્તિના રૂપમાં શ્રી બાહુબલી ભગવાન પ્રગટ થયા.

## પ્રથમ મહામસ્તકાભિષેકની ઘટના

ઈ.સ. ૯૮૧માં આ કાર્ય પૂર્ણ થયું. પ્રથમ મહામસ્તકાભિષેકનું આયોજન થયું. સારા પ્રમાણમાં દૂધ આદિ દ્રવ્યોથી અભિષેક કરવાનો પ્રારંભ થયો પરંતુ ગમે તેટલા જળ, દૂધ આદિથી અભિષેક કરવા છતાં પ્રભુના મસ્તકથી નીચે પહોંચતા જ નહોતા ! પછી ગુલ્લિકા અજ્જી નામના વૃદ્ધ મહિલા દ્વારા એક લોટાનો દૂધનો અભિષેક કરતા ભગવાનનો સર્વાંગ અભિષેક થયો. એટલું જ નહીં, તે લોટામાંથી એટલું દૂધ નીકળ્યું કે નીચે તેનું સરોવર બની ગયું ! તે દિવસથી આજ સુધી દર ૧૨ વર્ષે એકવાર ત્યાં મહામસ્તકાભિષેકનું આયોજન થાય છે અને ભવ્ય જીવો મહામસ્તકાભિષેક કરીને ધન્ય બને છે.

## પ્રતિમાજીની વિશિષ્ટતાઓ

ઇતિહાસ અનુસાર ૫૭ ફૂટ ઊંચી ખડગાસનમાં બિરાજમાન આ પ્રથમ જિનપ્રતિમા છે. તે નિરાધાર છે. તેનો પડછાયો પડતો નથી. તે ખુલ્લા આકાશમાં છે છતાં તેના પર આજ સુધી કોઈ પક્ષી બેઠું નથી. આ પ્રતિમા સર્વાંગ સુંદર છે અને દુનિયામાં એક આશ્ચર્ય છે. સમસ્ત વિશ્વમાં જૈન ધર્મની ઉત્તમ પ્રભાવના કરે છે. શ્રી ચામુંડરાય (ગોમ્મટ)ની અતિ વિશુદ્ધભાવના અને સામર્થ્યના કારણે પ્રતિમાજીનું અવતરણ થવાના કારણે તે ગોમ્મટેશ્વર નામથી પ્રસિદ્ધ છે. અનેક યુગો સુધી આ અનુપમ પ્રતિમા ભવ્યજીવોનુ કલ્યાણ કરતી રહે અને જિનધર્મચક્ર સર્વદા પ્રવર્તમાન રહે તેવી શ્રી ગોમ્મટેશ્વર બાહુબલી સ્વામીને પ્રાર્થના કરીએ છીએ.

विसट्ट वुंदोट्ट दलानुयारं, सुलोयनं चंद समान तुण्डं
थोणाजियं चम्पय पुप्फसोहं, तं गोमटेसंपणमामिणिच्चं ॥

અર્થાત્ નીલકમલના દળ સમાન જેમના યુગલ સુલોચન વિકસિત છે, ચંદ્રમા સમાન જેમનું મુખમંડલ છે, ચંપક કલિકા સમાન જેઓની નાસિકા છે એવા ગોમટેશ બાહુબલીના ચરણોમાં હું નિત્ય પ્રણામ કરું છું.

• • •

## શ્રી કુંદકુંદ મહિમા

**રચયિતા : બા. બ્ર. અલકાબેન**

જો કુંદકુંદ ઋષિવર કી મહિમા કો ગાવે,
પરમતિ ભાગે નિજમતિ જાગે, સ્વપર વિવેક લખાવે.
સુખ દુઃખ દોનોં સમકરિ જાને, કરમન કી ગતિ ભાખે,
સમતા ભાવ સદા ચિત્ત રાખે, માન અપમાન ન ધ્યાવે.
જો કુંદકુંદ...
આત્મ સમાન લખે જગવાસી જ્ઞાન વિરાગ બઢાવૈ,
(સમદરશી કહરાવૈ)
હંસકલાવત્ રહત જગત મેં અંતર જ્યોતિ જગાવે.
જો કુંદકુંદ...
દાસ બની નિત સેવું ચરણ વે, જો કુંદકુંદ વચન સુનાવે,
ઐસે મહાતમ કો શિર નાઉં, જો સદ્ગુરુ મહિમા બઢાવે.
જો કુંદકુંદ...

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૨૯-૩-૨૦૧૮ | ચૈત્ર સુદ તેરસ | ગુરુવાર | પ્રભુ મહાવીર જન્મકલ્યાણક દિન |
| ૫-૪-૨૦૧૮ | ચૈત્ર વદ પાંચમ | ગુરુવાર | પરમકૃપાળુદેવનો સમાધિદિન |
| ૨૫-૪-૨૦૧૮ | વૈશાખ સુદ દશમ | બુધવાર | સંસ્થા સ્થાપનાદિન તથા પ્રભુ મહાવીર કેવળજ્ઞાન કલ્યાણક દિન |
| ૧૪-૭-૨૦૧૮ | અષાઢ સુદ બીજ | શનિવાર | શ્રી જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણ |
| ૨૭-૭-૨૦૧૮થી ૨૯-૭-૨૦૧૮ | અષાઢ સુદ પૂનમ | શુક્રવારથી રવિવાર | ગુરુપૂર્ણિમા શિબિર |
| ૬-૯-૨૦૧૮થી ૧૩-૯-૨૦૧૮ | શ્રાવણ વદ - ૧૧થી ભાદરવા સુદ - ૮ | ગુરુવાર થી ગુરુવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૧૪-૯-૨૦૧૮થી ૨૩-૯-૨૦૧૮ | ભાદરવા સુદ-પાંચમથી ભાદરવા સુદ ચૌદશ | શુક્રવારથી રવિવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૨૫-૧૦-૨૦૧૮ | આસો વદ એકમ | ગુરુવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા લઘુરાજ સ્વામીની જન્મતિથિ |
| ૫-૧૧-૨૦૧૮થી ૮-૧૧-૨૦૧૮ | આસો વદ તેરસથી કાર્તિક સુદ એકમ | સોમવારથી ગુરુવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૧૨-૧૧-૨૦૧૮ | કાર્તિક સુદ પાચમ | સોમવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૨૩-૧૧-૨૦૧૮ | કાર્તિક સુદ પૂનમ | શુક્રવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૧-૧૨-૨૦૧૮થી ૩-૧૨-૨૦૧૮ | - | શનિવારથી સોમવાર | ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિર |

## સંસ્થામાં સત્સંગનું આયોજન

આપણી સંસ્થામાં તા. ૩૧-૩-૨૦૧૮, શનિવાર અને તા. ૧-૪-૨૦૧૮, રવિવાર દરમિયાન પૂ. શુકદેવાનંદજી તથા પૂ. હંસાબાના સત્સંગ-સ્વાધ્યાયનું આયોજન કરવામાં આવ્યું છે. તેઓ 'યોગવાશિષ્ઠ રામાયણ'માં આધારે સ્વાધ્યાયનો લાભ આપશે. સૌને પધારવા નિમંત્રણ છે.

## સંસ્થામાં યોજાયેલ અંતરંગ તપ 'ધ્યાન' વિષય પર આધારિત લેખિત કસોટીનું પરિણામ

મુમુક્ષુ ભાઈ-બહેનો સત્પુરુષોની વાણીનું અધ્યયન - ચિંતન - મનન - નિદિધ્યાસન કરીને તેનો જીવનમાં પ્રયોગ કરી શકે તે હેતુથી સંસ્થા દ્વારા અવારનવાર લેખિત કસોટીનું આયોજન કરવામાં આવે છે. સંસ્થામાં તા. ૧૨-૨-૨૦૧૮ના દિવસે અંતરંગ તપ 'ધ્યાન' વિષયના આધારે લેખિત કસોટી લેવામાં આવી હતી. આ કસોટીનો અભ્યાસક્રમ તૈયાર કરવામાં, પ્રશ્નપત્ર કાઢવામાં અને તપાસવામાં આદ. બા. બ્ર. સુરેશજીએ ખૂબ પ્રેમપરિશ્રમ કર્યો હતો. પરીક્ષાની સમગ્ર કાર્યવાહીમાં આદ. મુમુક્ષુભાઈશ્રી ચંપકભાઈ પરમાર્થીનો પ્રશંસનીય સહયોગ સાંપડ્યો હતો, જે બદલ તેઓને સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ. મુમુક્ષુ ભાઈ-બહેનોએ પરીક્ષાની સુંદર તૈયારી કરીને સારા ગુણ મેળવ્યા હતા. ૧૦૦ ગુણની યોજાયેલી આ કસોટીમાં પ્રથમ ૧૧ ક્રમાંક પ્રાપ્ત કરનાર મુમુક્ષુ ભાઈ-બહેનોના નામ નીચે મુજબ છે :

૧. શ્રી કપિલભાઈ - ૧૦૦
૨. બા. બ્ર. જનકબેન - ૯૭
૨. બા. બ્ર. અકલાબેન - ૯૭
૩. બા. બ્ર. ડૉ. રાગિણીબેન - ૯૪
૪. શ્રી અશોકભાઈ પી. શાહ - ૯૩.૫
૫. શ્રી સંધ્યાબેન (ચિતરી) - ૯૩
૬. શ્રી ભારતીબેન મહેતા - ૯૧.૨૫
૭. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર - ૯૦
૮. શ્રી મિતેશભાઈ એ. શાહ - ૮૭
૯. શ્રી અનુપમભાઈ શાહ - ૮૩.૫
૧૦. શ્રી તરલાબેન બાવીસી - ૮૩
૧૧. શ્રી રેખાબેન પરમાર્થી - ૮૧

## 'દિવ્યધ્વનિ' અંક મળતો ન હોય અથવા એડ્રેસ ચેન્જ કરવા અંગે

'દિવ્યધ્વનિ' અંક દર મહિનાની ૧૫ તારીખે પોસ્ટ કરવામાં આવે છે. આપશ્રીને અંક નિયમિત મળતો હશે. જો આપને અંક નિયમિત મળતો ન હોય અથવા એડ્રેસ ચેન્જ કરાવવાનું હોય તો નીચેની માહિતી સંસ્થાના કાર્યાલયમાં મોકલી આપવા વિનંતી. દિવ્યધ્વનિ ગ્રાહક નંબર (ID), નામ અને સરનામું, મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ, આપના કુટુંબીજનોના નામ અને જન્મતારીખ.

## પશુ-પક્ષીઓ માટે પાણીના કૂંડા મૂકવા અંગે નમ્ર નિવેદન

"દયા ધરમ કા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન,
તુલસી દયા ન છાંડિયે, જબ લગ ઘટ મેં પ્રાણ."

ગરમીનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. પાણીના અભાવમાં કોઈ પશુ-પક્ષી મૃત્યુ ન પામે તે હેતુથી આપના ઘરના વરંડા કે અગાસી પર પાણીથી ભરેલા કૂંડા મૂકવા માટે 'દિવ્યધ્વનિ' પરિવાર આપ સૌને નમ્ર નિવેદન કરે છે. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે કે, "ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન."

## સંસ્થામાં 'સમકિત પર્વ' આધ્યાત્મિક શિબિર સાનંદ સંપન્ન

સંસ્થામાં તા. ૧૩-૨-૨૦૧૮ થી તા. ૧૫-૨-૨૦૧૮ દરમિયાન પૂજ્યશ્રી આત્માનંદજીની પાવન નિશ્રામાં ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિર સાનંદ સંપન્ન થઈ. સારી સંખ્યામાં મુમુક્ષુ ભાઈ-બહેનોએ આ

શિબિરનો લાભ લીધો હતો. પૂજ્યબહેનશ્રી તથા મુમુક્ષુ બહેનોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા શિબિરનો મંગલ પ્રારંભ થયો. શિબિરનું સુંદર અને સફળ સંચાલન પ્રતિભાશાળી મુમુક્ષુ ભાઈશ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

● **સ્વાધ્યાય :**

પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય વીડિયો કેસેટના આધારે થયા હતા.

શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ન્યૂ દિલ્હીના અધિષ્ઠાતા, પરમકૃપાળુદેવના વચનામૃતજી તથા જૈન શાસ્ત્રોના ગહન અભ્યાસુ, હૃદયસ્પર્શી સ્વાધ્યાય દ્વારા હજારો મુમુક્ષુઓને લાભ આપનાર પૂ. રત્નાબેને વચનામૃત-પત્રાંક-૫૨૨ના આધારે સરળ છતાં સચોટ શૈલીમાં સ્વધ્યાય આપતા જણાવ્યું કે આત્મિક વૈભવ અંતરમાં છે તો તેને પ્રાપ્ત કરવામાં થતી બાધાઓ પણ ત્યાં છે. 'જ્યા ત્યાંથી રાગદ્વેષ રહિત થવું તે મારો ધર્મ છે' - પરમકૃપાળુદેવે ધર્મની અદ્ભુત વ્યાખ્યા આપી. પ્રારંભમાં આપણે રાગનું રૂપાંતરણ પ્રેમમાં અને દ્વેષનું રૂપાંતરણ ક્ષમામાં કરવાનું છે. પોતાના દોષોને અપક્ષપાતપણે જોવાં. જ્ઞાનીની વાત માનવી નહિ, જ્ઞાની કહે તેનાથી વિપરીત આચરણ કરવું, આત્માની વાત સાંભળવાનું મન ન થવું તેનું નામ અનંતાનુબંધી ક્રોધ.

જ્ઞાનીનો બોધ સાંભળ્યા પછી તેનું ચિંતન પાત્રતાનું નિર્માણ કરે છે. દર્શનમોહને હટાવવા માન્યતા/ અભિપ્રાય બદલવો જરૂરી છે. માનના બે સ્વરૂપ છે - અભિમાન અને દીનતા. પર પદાર્થોનો કર્તા પોતાને માને, ધર્મને ધકેલે જાય, નિવૃત્તિ ન લે, મોક્ષપુરુષાર્થ કરવામાં દીનતા બતાવે તેનું નામ અનંતાનુબંધી માન. માયાના ત્રણ સ્વરૂપ છે - જટિલતા, કપટ, વક્રતા. જ્ઞાની સમક્ષ અને તેમના અભાવમાં કરેલ અભિવ્યક્તિમાં ફરક હોવો, પોતાની અસત્ ધારણાઓને છોડવી નહિ તેનું નામ અનંતાનુબંધી માયા.

પ્રથમ માન્યતા બદલો. તે બદલાતાં આચરણ સુધરશે. લોભના બે સ્વરૂપ છે - લાલચ અને લાલસા. થોડો પુરુષાર્થ કરીને વધારે મળે તેવી કામના તે લાલચ. પુરુષાર્થ કર્યા વિના પ્રાપ્તિની આકાંક્ષા તે લાલસા. કુળધર્મ, સંપ્રદાયનો સમજણ વગર આગ્રહ રાખવો તે મતાગ્રહ. પોતાની માન્યતાને માને તેના પ્રત્યે રાગ અને ન માને તેના પ્રત્યે દ્વેષ રાખવો તેનું નામ દુરાગ્રહ. વસ્તુ/વ્યક્તિ/ પરિસ્થિતિ મને સુખી કરી શકે છે તેવી માન્યતા અને તેમના તરફ આકર્ષિત થવું તે રાગ અને દુઃખી કરે છે તેવી માન્યતાપૂર્વક તેનાથી વિમુખ થવું તે દ્વેષ. ભક્તિની ત્રણ શ્રેણી છે - (૧) **ભજન ભક્તિ** (ભજનના ભાવને પકડવાં) (૨) **ભંજન ભક્તિ** (મિથ્યા અભિપ્રાય, રાગદ્વેષ તૂટે. (૩) **ભાગોભક્તિ** (મારું મૂળ સ્વરૂપ સિદ્ધ જેવું છે તેવો નિર્ણય). જે વિભક્ત જોતો નથી તે ભક્ત. ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ, ધ્યાનમાર્ગ અને નિષ્કામ કર્મયોગ - આ ચારેયનો જીવનમાં સમન્વય કરવાનો છે. શ્વાસ અને વિચારનો એકબીજા સાથે ઊંડો સંબંધ છે. સામાન્ય રીતે માનવીને દિવસમાં ૬૦,૦૦૦ વિચારો આવે છે. શ્વાસોચ્છ્વાસને ઓછા કરીએ (કંટ્રોલ કરીએ) તેટલા વિચારો ઓછા આવે. વિચારોનો પ્રવાહ મંદ થાય તો શ્વાસોચ્છ્વાસની ગતિ મંદ પડે. મોક્ષનો માર્ગ મુખ્યત્વે પ્રયોગાત્મક છે. સમાધાન સમાધિથી પ્રાપ્ત થશે. પોતાના દોષોને નિષ્પક્ષપણે જોવાથી ભીતરમાં આંતરિક જાગૃતિ આવે છે અને આંતરિક સુધારાનું કાર્ય શરૂ થાય છે તેમજ ભીતર ઈશ્વરત્વનો બોધ પ્રગાઢ થતો જાય છે. શ્રદ્ધા દૃઢ થાય તો અનુભવ તરફની યાત્રા શરૂ થાય. જ્ઞાનીના સંગમાં તેઓની અંતરંગ ચેષ્ટા (દશા) જોવા પ્રયત્ન કરવો. દોષો પ્રત્ય સજગ રહી તેનાથી નિવૃત્ત થવા પ્રયત્ન કરવો તે મુખ્ય પુરુષાર્થ છે. ઉપયોગ એટલે ચેતનાની પ્રવૃત્તિ અને વીર્ય એટલે ઉપયોગનું પરિણામ. વિવેકનું કાર્ય દિશા બતાવવાનું છે, વૈરાગ્યનું કાર્ય સ્પીડ (ગતિ)

આપવાનું છે. વૈરાગ્ય એટલે વિશેષ પ્રત્યે રાગ. આત્માની નિકટ સરકવાનો માર્ગ તે અધ્યાત્મમાર્ગ છે. આપણે ભીતરમાં છલાંગ લગાવવાનો પુરુષાર્થ કરવાનો છે. જે નિરંતર ન રહે તેનું નામ અવસ્થા (પર્યાય). બુદ્ધિનો જે ભાગ યથાર્થ નિર્ણય લે છે તેનું નામ હૃદય. આ હૃદય સંવેદનાને પકડે છે. સ્થૂળબુદ્ધિ શુભ-અશુભનો વિવેક કરે છે, સૂક્ષ્મ બુદ્ધિ શુભ-શુદ્ધનો વિવેક કરે છે. સત્પુરુષો પ્રત્યે પ્રીતિ-ભક્તિ હોય તો આત્મા તરફ વૃત્તિ જાય. ગુરુએ પ્રગટ કરેલો આત્મવૈભવ મારે પણ પ્રગટ કરવો છે તેવી ભાવના એટલે પ્રેમ, તેઓની આજ્ઞાનુસાર મારે વર્તવું છે તેવી દૃઢ માન્યતા એટલે શ્રદ્ધા, તેઓની આજ્ઞાનુસાર જીવન જીવવું તે અર્પણતા. સંયોગ → યોગ → ઉપયોગ → આત્માનુભવ. ધાર્મિક વ્યક્તિની બુદ્ધિ વૈજ્ઞાનિક (કારણ-કાર્યના સંબંધને સમજે તેવી), શક્તિ ક્ષત્રિય જેવી (પોતાનામાં દોષ જુએ તેને ખતમ કરે) અને વૃત્તિ અપ્રતિયોગી હોય છે. અવસ્થાઓને અવસ્થારૂપે જોવી, તેનાથી અલિપ્ત રહેવું તેનું નામ સાક્ષીભાવ. અહં અને મમત્વના ભાવ આત્મા સાથે જોડાય ત્યારે તે સમ્યક્ત્વ તરફ લઈ જાય. નિજમાં વૃત્તિ કરવી (રમણતા કરવી) એટલે નિવૃત્તિ.

આદ. બા. બ્ર. સુરેશજીએ 'સુખી રહેવાના સોનેરી સૂત્રો'ના આધારે સરળ છતાં હૃદયસ્પર્શી સ્વાધ્યાય આપતા નીચેના સૂત્રો વિશે વિસ્તૃત, ઉદાહરણ સહ સમજૂતી આપી : (૧) ખેલપૂર્ણ રહો, પ્રેમપૂર્ણ રહો. (૨) આ સમય પણ ચાલ્યો જશે. (૩) જે થાય તે યોગ્ય માનવામાં આવે (થવા યોગ્ય થાય છે.) (૪) અંતરાત્માનો અવાજ સાંભળો (૫) નિરપેક્ષ જીવન જીવો( ૬) અચ્છે બનો (પરોપકારી જીવન), બચ્ચે બનો (સરળ જીવન), સચ્ચે બનો (આધ્યાત્મિક જીવન).

## • શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર વિધાન-પૂજા :

શ્રી રાજમંદિર પ્રતિષ્ઠાદિન નિમિત્તે સંસ્થામાં તા. ૧૩-૨-૨૦૧૮ના દિવસે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર વિધાન-પૂજાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના યુવાસાધકો બા. બ્ર. સુરેશજી, બા. બ્ર. અલકાબેન તથા બા. બ્ર. જનકબેને સુમધુર કંઠે ભાવવાહી અને ભક્તિસભર વિધાન-પૂજા કરાવ્યા. વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનો પ્રવહી ઊઠ્યા. રાજભક્તો કૃપાળુદેવની ભક્તિમાં રંગાઈ ગયા. વિધાનમાં સૂર, સંગીત, તાલ, લય અને ભાવનો સુભગ સમન્વય હતો.

શ્રી આત્મસિદ્ધિ વિધાન-પૂજાની મૌલિક રચના બા. બ્ર. અલકાબેને કરીને પોતાની પ્રતિભા અને રાજભક્તિનો પરિચય આપ્યો છે. આ વિધાનમાં કુલ ૧૪૦ અર્ઘ્ય ચઢાવવામાં આવે છે. વિધાનમાં ૧૨ કોષ્ટક છે. સૌ પ્રથમ શ્રી આત્મસિદ્ધિ સત્શાસ્ત્રની અષ્ટ દ્રવ્યથી પૂજા કરવામાં આવી. આ વિધાનમાં અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ સહભાગી બની આત્મશુદ્ધિનો લાભ લીધો.

## • ભક્તિસંગીત :

તા. ૧૪-૨-૨૦૧૮ના રાત્રે ભક્ત સંગીતકાર આદ. શ્રી મીતાબેન શાહ તથા આદ. શ્રી નિકીતાબેન ખાસ પૂનાથી પધારીને, ભાવવાહી ભક્તિસંગીત પીરસીને સૌના હૃદયના તારને પ્રભુ-ગુરુ પ્રેમથી ઝંકૃત કરી દીધા હતા. આદ. શ્રી ઝંખનાબેનના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ બાલિકાઓએ સુંદર નૃત્યભક્તિ પ્રસ્તુત કરી હતી.

## • આદ. મનહરભાઈ જશવાણીનું સંસ્થા દ્વારા અભિવાદન :

કાર્યનિષ્ઠા, કાર્યકુશળતા, વ્યવહારકુશળતા, ઉત્સાહ, સેવાભાવના જેવા અનેકવિધ સદ્ગુણોરૂપી જળ

દ્વારા પોતાની જીવનલત્તાને નવપલ્લવિત રાખનાર, છેલ્લા પાંત્રીસેક વર્ષથી સંસ્થામાં રહીને સેવા-સાધના કરતાં, સંસ્થાના ટ્રસ્ટીપદને શોભાવનાર બુઝુર્ગયુવાન એવા આદ. શ્રી મનહરભાઈ જશવાણીને તેઓના ગુણાનુરાગથી પ્રેરિત થઈને તા. ૧૪-૨-૨૦૧૮ના રોજ સંસ્થા દ્વારા શાલ ઓઢાડીને તથા સન્માનપત્ર અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી મહોદય આદ. શ્રી ડૉ. રાજેશભાઈ સોનેજીએ જણાવ્યું કે મનહરકાકાની આગેવાની હેઠળ સંસ્થાના અનેક પ્રોજેક્ટો પાર પડ્યા છે. તેઓની પાંચ પેઢી સંસ્થામાં સત્સંગનો લાભ લઈ રહી છે. તેઓની નિષ્ઠા, સમર્પણ અને ભક્તિનું આ સન્માન છે. પ્રતિભાવ આપતા શ્રી મનહરકાકાએ જણાવ્યું કે પૂજ્ય સાહેબજી અને પૂજ્ય બહેનશ્રીનો મને ખૂબ પ્રેમ મળ્યો છે. જીવન ટકે ત્યાં સુધી સંસ્થાની સેવા કરવાનો અંતરમાં ભાવ છે.

આદ. મનહરકાકાને નિરામય દીર્ઘ આયુ પ્રાપ્ત થાય, પરમાર્થમાર્ગે તેઓ આગળ વધતા રહે તેવી સંસ્થા શુભેચ્છાઓ પાઠવે છે.

**• પ્રકીર્ણ :**

શિબિર દરમ્યાન જિનાભિષેક, જિનપૂજા, પ્રાતઃકાલીન ભક્તિ, શ્રી બૃહદ્ આલોચના વગેરે કાર્યક્રમો યોજાયા હતા. પૂ. રત્નાબેને સવારે ધ્યાનનો અભ્યાસ કરાવ્યો હતો. શિબિર દરમિયાન નીચેના દાનવીર મહાનુભાવોએ સ્વામિવાત્સલ્યનો લાભ લીધો હતો. સંસ્થા તેઓને સાભાર ધન્યવાદ પાઠવે છે : (૧) આદ. શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવાર, રાજકોટ (૨) માતુશ્રી સ્વ. લલિતાબેન વીરચંદભાઈ પંચાલી, હસ્તે. બા. બ્ર. આદ. શ્રી ચંદ્રિકાબેન વી. પંચાલી, બોટાદ (કાયમી તિથિ).

શ્રી ભાનુબેન સતિષભાઈ દોશી (મુંબઈ) તરફથી સૌને કેસરની પ્રભાવના, શ્રી દિનેશભાઈ બાવીસી (રાજકોટ) તરફથી શેરડીનો રસ તથા શ્રી જયેશભાઈ એસ. શાહ (અમદાવાદ) તરફથી સુવચનોના સ્ટીકર્સની પ્રભાવના કરવામાં આવી હતી. શિબિર દરમિયાન સંસ્થાના પ્રકાશનો, ડી.વી.ડી. વગેરે પર ૫૦% ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

## શ્રી આત્મસિદ્ધિ પારાયણ

આપણી સંસ્થામાં મુમુક્ષુ ભાઈશ્રી સંજયભાઈ સુબોધચંદ્ર શાહ (અમદાવાદ)ના સુપુત્રી ચિ. શયોનીના લગ્નપ્રસંગ નિમિત્તે શ્રી સંજયભાઈ શાહ પરિવાર તરફથી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પારાયણ રાખવામાં આવ્યું હતું. પારાયણ બાદ શ્રી આત્મસિદ્ધિ ગાથા - ૧૩૮ના આધારે પૂજ્યશ્રીની વીડિયો કેસેટ મૂકવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી સંજયભાઈ એસ. શાહ પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. શ્રી સંજયભાઈ એસ. શાહ પરિવાર પૂજ્યશ્રી પ્રત્યે અત્યંત અહોભાવ ધરાવે છે અને અવારનવાર સંસ્થામાં સત્સંગ અર્થે પધારતા રહે છે.

## સંસ્થા સંચાલિત ગુરુકુળના વિદ્યાર્થીઓનો પ્રવાસ સંપન્ન

સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના બાળકોનો પ્રવાસ તા. ૧૦-૨-૨૦૧૮ના રોજ સંપન્ન થયો. વિદ્યાર્થીઓએ અડાલજની વાવ, ત્રિમંદિર તથા અક્ષરધામની મુલાકાત લીધી હતી. ગુરુકુળના ગૃહપતિશ્રી મહેશભાઈ ગઢવીની આગેવાની હેઠળ વિદ્યાર્થીઓએ પ્રવાસનો આનંદ માણ્યો.

પ્રવાસના આયોજનમાં શ્રીમતી ઉષાબેન શેઠ, શ્રી મહેન્દ્રભાઈ ખંધાર, બા. બ્ર. જનકબેનનો પ્રશંસનીય સહયોગ રહ્યો. અડાલજની વાવ જોયા બાદ ત્રિમંદિર દર્શન, વિવિધ પ્રદર્શનના દર્શન અને પૂ. નિરુમાના સમાધિસ્થળના સૌએ દર્શન કર્યા. ભોજન બાદ અક્ષરધામ, ગાંધીનગરની મુલાકાત લીધી. ત્યાં બાળકોએ રાઈડ અને વૉટર શોનો આનંદ માણ્યો. વિદ્યાર્થીઓએ શાંતિપૂર્વક અને શિસ્તબદ્ધ પ્રવાસ માણ્યો તે બદલ તેઓને અનેકશઃ ધન્યવાદ.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **વરિષ્ઠ મુમુક્ષુ સેવાખર્ચ :** શ્રી ઠાકોરભાઈ પી. પટેલ, ઈસનપુર, અમદાવાદ રૂા. ૨,૦૦,૦૦૦/-
- **ગુરુકુળ :** સીંગાપોર જૈન રીલીજીયસ સોસાયટી, સીંગાપોર રૂ. ૧,૦૦,૦૦૦/-
  હસ્તે. શ્રી હર્ષદભાઈ સંઘરાજકા, યુ.કે. (એક વિદ્યાર્થી દત્તક)
- **સાધકનિવાસ :** (૧) શ્રી પુષ્પાબેન જયંતિભાઈ શાહ, લંડન રૂ. ૧૧,૧૧૧/-
  (૨) શ્રી શ્રુતિબેન શૈલેષભાઈ માલદે, લંડન રૂ. ૧૧,૧૧૧/-
- **પુસ્તક પ્રકાશન :** (૧) શ્રી પુષ્પાબેન જયંતિભાઈ શાહ, લંડન રૂ. ૧૧,૧૧૧/-
  (૨) શ્રી શ્રુતિબેન શૈલેષભાઈ માલદે, લંડન રૂ. ૧૧,૧૧૧/-
  (૩) શ્રી સરલાબેન બકુલભાઈ પારેખ, ચેન્નાઈ રૂ. ૧૧,૦૦૦/-
- **મેડિકલ સેન્ટર :** (૧) શ્રી દિનેશભાઈ એસ. બાવીસી, રાજકોટ રૂ. ૨૭,૦૦૦/-
  (આંખના ઓપરેશન માટે)
- **જ્ઞાનદાન :** (૧) શ્રી દિનેશભાઈ બી. શાહ, અમદાવાદ રૂ. ૧૧,૦૦૦/-
- **સાધારણ ખાતું :** (૧) શ્રી સ્મિતાબેન શાહ, યુ.એસ.એ. રૂ. ૧૨,૯૩૦/-
  (૨) શ્રી સુધાબેન નવીનચંદ્ર પાસદ, મુંબઈ રૂ. ૧૧,૦૦૦/-
  (જ્ઞાનદાન, સાધકનિવાસ, ભોજનાલય, જીવદયા)
- **ભાવપૂજા કેસેટ :** (૧) શ્રી સરલાબેન બકુલભાઈ પારેખ, ચેન્નાઈ રૂ. ૧૦,૦૦૦/-

## શ્રીમદ્ રાજચંદ્ર ધ્યાન-સાધના કેન્દ્રનું ઉદ્ઘાટન

સાણંદ-વિરમગામ હાઈવે ઉપર આવેલ શ્રી સુરિલ જૈન ઉપાશ્રય ટ્રસ્ટના શ્રી કુંથુનાથજી જૈન દેરાસર સંકુલમાં શ્રીમદ્ રાજચંદ્ર ધ્યાન-સાધના કેન્દ્ર (લાભાર્થી શ્રીમતી મંજુલાબેન રસિકલાલ કેશવલાલ શાહ પરિવાર)નું ઉદ્ઘાટન તથા ધ્યાનખંડમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની અને પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની પ્રતિમાઓની પધરામણી પૂજ્ય સંતશ્રી આત્માનંદજીની નિશ્રામાં, બા.બ્ર. પૂ. શ્રી ગોકુળભાઈના વરદ હસ્તે તા. ૧૧મી ફેબ્રુઆરી ૨૦૧૮ને રવિવારના રોજ કરવામાં આવેલ છે. બંને મહાનુભાવોએ પ્રસંગને અનુરૂપ સ્વાધ્યાય અને આશીર્વચન આપેલ. અતિથિવિશેષ શ્રી અરવિંદભાઈ પી. શાહ (અમદાવાદ-વડવા-ઇડર

આશ્રમોના પ્રમુખ) અને આદરણીય શ્રી ડૉ. રાજેશભાઈ સોનેજીએ લાભાર્થીની અનુમોદના કરેલ. આ પ્રસંગે પૂજ્ય બેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન, આદ.શ્રી નીતિનભાઈ પારેખ (કોબા આશ્રમના પ્રમુખ) તથા કોબા આશ્રમ અને પાલડી જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓ, અન્ય મુમુક્ષુગણ અને લાભાર્થીના પરિવારજનો વગેરેએ મોટી સંખ્યામાં હાજર રહી પ્રસંગને દીપાવ્યો હતો. ત્યારબાદ સૌએ ભોજનપ્રસાદી તથા પ્રભાવના લઈને ભાવભીની વિદાય લીધી હતી.

## બોલુન્દ્રા મુકામે શ્રીમદ્ લાલજીબાપા મુમુક્ષુ મંડળ દ્વારા યોજાયેલ સત્સંગ સમારોહ સાનંદ સંપન્ન

તા. ૧૦-૨-૨૦૧૮ના રોજ પૂજ્યશ્રીની આજ્ઞા લઈ પૂજ્ય બહેનશ્રી, આદ. ભાઈશ્રી અશોકભાઈ શાહ, આદ.બા.બ્ર. શ્રી સુરેશજી તથા આદ.બા.બ્ર. શ્રી અલકાબેન સૌ બોલુન્દ્રા મુકામે સત્સંગ મેળાવડામાં ગયા હતા.

બહેનશ્રી અલકાબહેને ભાવવાહી ભક્તિપદ દ્વારા સંતોના સંગનું માહાત્મ્ય અને સાચા સુખ વિષે ઉદ્‌બોધન કર્યું હતું.

પૂજ્ય બહેનશ્રીએ ભક્તિના વીસ દોહરાનો અઢારમો દોહરો ‘પ્રભુ પ્રભુ લય લાગી નહીં...’ના આધારે આપણી સત્પાત્રતા વધારવાનો પુરુષાર્થ કરવા વિષે સમજાવ્યું હતું.

આદ.શ્રી અશોકભાઈએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે આપણે મોક્ષસુખ - સાચું સુખ જોઈતું હોય તો આપણે દયા, શાંતિ, સમતા, ક્ષમા આદિ સદ્‌ગુણો પ્રગટાવવા જોઈએ અને જ્ઞાનીઓ જે અનુભવથી કહે છે કે ‘સુખ અંતરમાં છે, બહાર શોધવાથી મળશે નહીં’ તેની શ્રદ્ધા કરવી જોઈએ.

આદ.બા.બ્ર. સુરેશજીએ આપણા સૌના ત્રણ દોષો બતાવીને તેને નિવારવા વિષે બોધ આપ્યો હતો. ત્રણ દોષ : (૧) સમયની કદર ન કરવી, (૨) મત્સર ભાવ, (૩) અવિશ્વાસ.

આદ. કથાકાર બહેનશ્રી વંદનાબેને પણ શ્રદ્ધા, વિશ્વાસ વિષે દૃષ્ટાંતો આપી જણાવ્યું હતું કે જીવનમાં પ્રભુ-ગુરુ પ્રત્યેની શ્રદ્ધા જ આપણું કલ્યાણ કરે છે.

સત્સંગના સુંદર આયોજન માટે ચિત્રોડા મુમુક્ષુ મંડળને ખૂબ ખૂબ ધન્યવાદ.

## ભજીને ભગવંત ભવંત લહો

મહા સુદ પૂર્ણિમાના રોજ ચિત્રોડા મુમુક્ષુ મંડળના ભાઈ-બહેનો એક દિવસ માટે ભક્તિ-સત્સંગ માટે સંસ્થામાં પધાર્યા હતા. રાત્રે તેઓએ તેમની ભાવવાહી મધુર ભક્તિમાં સૌના ભાવ ઉલ્લસિત કર્યા હતા. સુંદર ભક્તિનો લાભ આપવા બદલ સૌને ખૂબ ખૂબ અભિનંદન.

## પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈને રાજ્યપાલશ્રી દ્વારા એનાયત થયું આચાર્ય તુલસી સન્માન

માનવમૂલ્યોની ગરિમા સાથે પૉઝિટીવ લેખન દ્વારા સમાજના નિર્માણને દિશા આપનાર સર્જક-પત્રકારને અપાતો ભારતવર્ષનો પ્રતિષ્ઠિત ‘આચાર્ય તુલસી સન્માન’ એવૉર્ડ ડૉ. કુમારપાળ દેસાઈને રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીના હસ્તે એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ કહ્યું કે ડૉ. કુમારપાળ દેસાઈએ સાહિત્ય સાથે પત્રકારત્વમાં ઊંડું ખેડાણ કર્યું છે અને મૂલ્યનિષ્ઠ

પત્રકારને વરેલા કુમારપાળ દેસાઈએ નૈતિક સાહસ, સત્યનિષ્ઠા અને દઢતા દ્વારા પોતાનો પત્રકારનો ધર્મ નિભાવ્યો છે. ડૉ. દેસાઈના જીવનમાં કાર્ય પ્રત્યેનું એક મિશન જોવા મળે છે અને જૈનદર્શનના તેઓ સમર્થ જ્ઞાતા છે. સાહિત્ય અને પાંડિત્ય સાથે ભાગ્યે જ જોવા મળતી વિનમ્રતા એમનામાં દષ્ટિગોચર થાય છે. આ પ્રસંગે આચાર્ય-તુલસી વિચારમંચના અધ્યક્ષ રાજકુમાર પુગલિયાએ કહ્યું હતું કે 'આચાર્ય તુલસી સન્માન' એનાયત કરવામાં આવે છે ત્યારે સવિશેષ આનંદ એ છે કે ગુજરાતની એક બહુમુખી પ્રતિભાને પોંખવાનો અમને અવસર મળ્યો છે. 'નૂતન સવેરા'ના સંપાદક શ્રી નંદકુમાર નૌટિયાલ અને નવનીતના સંપાદક શ્રી વિશ્વનાથ સચદેવે એમ કહ્યું કે ડૉ. કુમારપાળ દેસાઈ ભલે વર્કિંગ જર્નાલિસ્ટ ન હોય, પરંતુ એમનું કાર્ય અમને એનાથીય વિશેષ લાગ્યું છે માટે આ સન્માન માટે એમની પસંદગી કરી છે.

સન્માનના પ્રત્યુત્તરમાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે માત્ર અગિયાર વર્ષની નાની વયથી સાક્ષર પિતા 'જયભિખ્ખુ' પાસેથી સાહિત્યનું વાતાવરણ પ્રાપ્ત થતાં પત્રકારત્વ અને સાહિત્યમાં લેખન શરૂ કર્યું. ધૂમકેતુ, ઝવેરચંદ મેઘાણી, ગુણવંતરાય આચાર્ય, કવિ દુલા ભાયા કાગ જેવાની સાહિત્યચર્ચા સાંભળીને આમાં વિશેષ રસ જાગ્યો અને ધીરે ધીરે એવો અનુભવ થયો કે દુનિયામાં માનવતાથી મોટો કોઈ ધર્મ નથી અને માનવકલ્યાણથી મોટું કોઈ કાર્ય નથી. આને પરિણામે સાદગી અને સાહસ ધરાવતા લાલબહાદુર શાસ્ત્રીનું જીવનચરિત્ર લખ્યું. ધર્મ અને સાંપ્રદાયિકતાથી ઊંચે જઈને વાત કરનારા મહાયોગી આનંદઘન પર પીએચ.ડી. કર્યું. મારા પિતા જયભિખ્ખુએ ૧૯૫૩માં શરૂ કરેલી 'ઈંટ અને ઈમારત' નામની ચારિત્ર્યઘડતર અને માનવમૂલ્યોને ઉજાગર કરતી કોલમ - ૧૯૭૦થી હું લખું છું. આમ, પિતા-પુત્રની જોડીની કોલમ ૬૩ વર્ષથી એક જ અખબારમાં પ્રગટ થાય છે તે નોંધપાત્ર બાબત ગણાય. અંતમાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે ગ્લોબલાઈઝેશનને કારણે આપણા બધાં મૂલ્યો દ્રાવણપાત્રમાં આવીને ઠર્યા છે. આ પ્રસંગે સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી, સાધ્વીજી કનકરેખાજી અને સાધ્વીશ્રી રાજશ્રીજીએ આચાર્ય તુલસીની સ્મૃતિવંદના કરવાની સાથોસાથ સન્માન પામતા ડૉ. દેસાઈને અભિનંદન આપ્યા હતા અને શ્રી સંતોષ સુરાણાએ આભારવિધિ કરી હતી. સમગ્ર કોબા પરિવાર ડૉ. કુમારપાળ દેસાઈને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવે છે.

## વૈરાગ્ય સમાચાર



**[૧] અમદાવાદ :** આપણી સંસ્થામાં ઘણા વર્ષો સુધી રહીને સત્સંગ-સેવા-સાધનાનો લાભ લેનાર મુમુક્ષુ **આદ. હીરાબેન પી. કોઠારી**નું તા. ૨૮-૨-૨૦૧૮ના રોજ ૯૦ વર્ષની વયે શાંતિપૂર્વક દેહાવસાન થયું છે. તેઓશ્રીએ સંસ્થાના મહિલાભવન અને ભોજનાલયમાં પોતાની સેવાઓનો લાભ આપ્યો હતો. તેઓ અનુશાસનપ્રિય હતા. તેઓશ્રીનું ધાર્મિક જીવન સૌના માટે પ્રેરણાદાયી છે. તેઓ અનેક ધાર્મિક અનુષ્ઠાનો કરતા. સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ (સેવા) કરવી તે તેઓશ્રીના જીવનની ધ્યાનાકર્ષક વિશેષતા હતી. તેઓએ સમાજના અનેક ક્ષેત્રોમાં દાનની સરવાણી વહેવડાવી હતી. તેઓએ પોતાના કુટુંબીજનો અને વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહન અને સહાય પૂરા પાડેલ. ખાસ કરીને કન્યાકેળવણી માટેના તેઓના પ્રયાસો સરાહનીય છે. તેઓ મહિલામંડળના અગ્રેસર હતા અને બહેનો

સ્વમાનભેર જીવી શકે - પગભર થાય તે માટે તેઓએ અનેક પ્રયત્નો કર્યા હતા. તેઓ રાષ્ટ્રસંત પૂજ્ય આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્યશ્રી આત્માનંદજીના અનુયાયી તથા કૃપાપાત્ર શિષ્યા હતા. તેઓએ જીવનમાં અપનાવેલી સાદગી આંખે ઉડીને વળગે તેવી હતી. સત્સંગ અને ધાર્મિક પુસ્તકોના વાચનનો તેઓને શોખ હતો. તેઓ નિયમિત સામાયિક, વંદિતુ વગેરે કરતા. છેલ્લા ૧૦ વર્ષથી તેઓએ શ્રી શાંતિધામ જૈન આશ્રમ, વટવા, અમદાવાદ મુકામે ધાર્મિક જીવન વીતાવ્યું. તેમના ચક્ષુઓનું દાન કરવામાં આવ્યું હતું. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તથા તેઓ આગામી થોડા ભવોમાં પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૨] અમદાવાદ :** આપણી સંસ્થામાં અવારનવાર પધારીને પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં સત્સંગ અને સેવાનો લાભ લેનાર મુમુક્ષુ **શ્રી હસમુખભાઈ છોટાલાલ શાહ**નું તા. ૨૪-૧-૨૦૧૮ના રોજ ૯૩ વર્ષની વયે દેહાવસાન થયું છે.

તેઓશ્રી ધર્મપ્રેમી, નિખાલસ, સરળ સ્વભાવના અને ઉમદા વ્યક્તિ હતા. યથા નામ તથા ગુણ અનુસાર તેઓ આનંદી સ્વભાવના હતા. સેવાભાવ એ તેઓશ્રીના વ્યક્તિત્વની ધ્યાનાકર્ષક ખાસિયત હતી. તેઓશ્રીએ પોતાના જીવનમાં સદ્વાચન અને સેવાધર્મને ચરિતાર્થ કર્યા હતા. તેઓ ધર્મ અને સમાજના વિવિધ ક્ષેત્રોમાં દાનની સરવાણી વહેવડાવતા. તેઓશ્રીના ધર્મપત્ની શ્રીમતી હસુમતીબેન શાહ ઘણા લાંબા સમયથી સંસ્થા સાથે જોડાયેલા છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.


**ફોર્મ નં. ૪, નિયમ : ૮**


| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશન સ્થળ | : | શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા- ૩૮૨૦૦૭.<br>(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)<br>જિ. ગાંધીનગર. ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૪૮૪<br>ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨ |
| ૨. | પ્રકાશન- અવધિ | : | માસિક |
| ૩. | મુદ્રક-પ્રકાશક-માસિક | : | શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર - ભારતીય<br>શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા-૩૮૨ ૦૦૭. |
| ૪. | તંત્રીનું નામ | : | શ્રી મિતેશભાઈ એ. શાહ - ભારતીય<br>શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા-૩૮૨ ૦૦૭. |

હું નીતિનભાઈ આઈ. પારેખ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગતો મારી જાણ-સમજ મુજબ સાચી છે.

નીતિનભાઈ આઈ. પારેખ - ચેરમેન
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

કોબા, તા. ૧-૩-૨૦૧૮

# સંસ્થામાં યોજાયેલ 'સમકિત પર્વ' આધ્યાત્મિક શિબિર
(તા. ૧૩-૨-૨૦૧૮ થી તા. ૧૫-૨-૨૦૧૮)


પૂજ્યશ્રીની પાવન નિશ્રા


પૂ. રત્નાબેન


બા.બ્ર. સુરેશજી



શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-વિધાન વેળાએ


દીપ-પ્રાગટ્ય


ભક્તિસંગીત-આદ. મીતાબેન શાહ (પૂના)


ભક્તિનૃત્ય



શ્રીમદ્ રાજચંદ્ર ધ્યાન-સાધના કેન્દ્રનું ઉદ્ઘાટન

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2018-2020 issued by SSP Ahmedabad valid upto 31-12-2020
Publication Date 15th of every month

આદ. મનહરભાઈ જશવાણીનું
સંસ્થા દ્વારા અભિવાદન



પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈને
રાજ્યપાલશ્રી દ્વારા એનાયત થયેલ
'આચાર્ય તુલસી સન્માન' વેળાએ





સંસ્થા સંચાલિત
ગુરુકુળના વિદ્યાર્થીઓની
પ્રવાસ વેળાની
સમૂહ તસવીર
(તા. ૧૦-૨-૨૦૧૮)

**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

૧ 'દિવ્યધ્વનિ' માર્ચ - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**શ્રી રસિકલાલ અચરતલાલ શાહની પુણ્યસ્મૃતિમાં**
**હસ્તે : શ્રી શ્રીપાલભાઈ શાહ, અમદાવાદ**
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' માર્ચ - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**શ્રી ઉષાબેન રજનીકાંતભાઈ મોદી પરિવાર (LA, USA)**
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007.
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah